ISSN 0976 - 9809 V-Vidyanagar

વર્ષ : ૧૫ અંક : ૯ સપ્ટેમ્બર ૨૦૧૩ સળંગ અંક : ૫૦૩

# વિ-વિદ્યાનગર




चारुतर विद्यामंडल - वल्लभ विद्यानगर

कर्मण्येवाऽधिकारस्ते ।

**CHARUTAR VIDYAMANDAL**
**VALLABH VIDYANAGAR**



દેશની આઝાદીના ૬૭મા સ્વાતંત્ર્ય દિવસે ચારુતર વિદ્યામંડળના અધ્યક્ષ ડૉ.સી.એલ.પટેલે સીવીએમ સંકુલમાં રાષ્ટ્રધ્વજ ફરકાવી ધ્વજવંદન કરાવ્યું હતું. આ પ્રસંગે સીવીએમના માનદ મંત્રી પ્રિ.એસ.એમ.પટેલ, માનદ કાર્યકારી મંત્રી ડૉ.જે.ડી.પટેલ અને માનદ સહમંત્રીઓ ડૉ.એસ.જી.પટેલ અને શ્રી એમ.જે.પટેલ ઉપરાંત સીવીએમની વિવિધ સંસ્થાઓના વડાઓ, અધ્યાપકો અને કર્મચારીગણ મોટી સંખ્યામાં ઉપસ્થિત હતું.



સીવીએમસંચાલિત એચ.એમ.પટેલ ઈન્સ્ટિટયૂટ ઓફ ઈંગ્લિશ ટ્રેનિંગ એન્ડ રિસર્ચ સાથે અમેરિકી એક્સચેન્જ કાર્યક્રમનાં દિલ્હી સ્થિત વડાં ડિઑન મિલર, સંસ્થાના નિયામક ડૉ.રાજેન્દ્રસિંહ જાડેજા તથા સંસ્થાનાં અમેરિકી મુલાકાતી અધ્યાપક ડિ.બ્રોટને વિવિધ એશિયાઈ દેશો માટેના અમેરિકી એક્સચેન્જ કાર્યક્રમ અંગે સીવીએમના અધ્યક્ષ ડૉ.સી.એલ.પટેલની મુલાકાત લઈને તેમને માહિતગાર કર્યા હતા.

# વિ-વિદ્યાનગર

**ચારુતર વિદ્યામંડળ પ્રકાશન**

સપ્ટેમ્બર ૨૦૧૩

વર્ષ : ૧૫ અંક : ૯

(સળંગ અંક ૫૦૩)

**ISSN 0976 - 9809 V-Vidyanagar**

**ચારુતર વિદ્યામંડળ**

વલ્લભ વિદ્યાનગર ૩૮૮ ૧૨૦

**સ્થાપના વર્ષ**

૧૯૪૫


कर्मण्येवाऽधिकारस्ते


**અધ્યક્ષ**

ડૉ. સી.એલ. પટેલ

**માનદ મંત્રી**

પ્રિ. એસ.એમ. પટેલ

**માનદ કાર્યકારી મંત્રી**

ડૉ. જે.ડી. પટેલ

**માનદ સહમંત્રીઓ**

શ્રી વી.એમ. પટેલ • શ્રી બી.પી. પટેલ

ડૉ. એસ.જી. પટેલ • શ્રી એમ.જે. પટેલ





**તંત્રી**

રાજેન્દ્રસિંહ જાડેજા • હરિ દેસાઈ

**પરામર્શન**

રમેશ એમ. ત્રિવેદી • જયન્ત ઓઝા

**સંપાદન**

ભગીરથ બ્રહ્મભટ્ટ • સુધીર મુખરજી

**સંપાદન-સહાય**

શૈલેષ ઉપાધ્યાય • ગિરીશ ચૌધરી



**પ્રકાશક**

પ્રિ. એસ.એમ. પટેલ

માનદ મંત્રી, ચારુતર વિદ્યામંડળ

વલ્લભ વિદ્યાનગર - ૩૮૮ ૧૨૦

•

**મુદ્રક**

આણંદ પ્રેસ, ગામડી


## વૃત્તિ અને પ્રવૃત્તિએ વિદ્યાનગરની વિભાવનાને મૂર્ત કરતું વિશાળ જ્ઞાનસંકુલ

પ્રાથમિક અને માધ્યમિક કક્ષાએ ગુજરાતી તથા અંગ્રેજી માધ્યમમાં શિક્ષણ સુવિધાઓ • ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ સંકુલના વિજ્ઞાન, સામાન્ય, ગૃહવિજ્ઞાન પ્રવાહ • ઉચ્ચ શિક્ષણ ક્ષેત્રે વિનયન, વાણિજ્ય, વિજ્ઞાન, ગૃહવિજ્ઞાન, યંત્રવિજ્ઞાન, ઈજનેરી વિજ્ઞાન, ઔષધ વિજ્ઞાન, લલિત કલાઓ – ચિત્ર, સંગીત, નૃત્ય, શારીરિક શિક્ષણ, આયુર્વિજ્ઞાન, બાયોટેક્નોલૉજી, હૉટેલ મેનેજમેન્ટ ટુરીઝમ ટ્રાવેલના અભ્યાસક્રમોને આવરી લેતી કૉલેજ ઑફ બિઝનેસ ઍન્ડ એડમિનિસ્ટ્રેશન, અંગ્રેજી ભાષાશિક્ષણ તથા પ્રશિક્ષણ વ્યવસ્થાની કૉલેજ • અનુસ્નાતક કક્ષાએ વાણિજ્ય અને વ્યવસ્થાપન, વિજ્ઞાન, ઔષધવિજ્ઞાન, ગૃહવિજ્ઞાન, ઈજનેરી, દર્શનશાસ્ત્ર, અંગ્રેજી પ્રશિક્ષણના અભ્યાસક્રમો • વિવિધ વિદ્યાશાખાઓમાં વ્યાપક સંશોધનની સુવિધાઓ • કલા, વિજ્ઞાન અને માનવવિદ્યાઓના વિમર્શની ભૂમિકા રચી આપતાં પુસ્તકો-સામયિક પ્રકાશનો • વિદ્યાકીય વાતાવરણને ધબકતું રાખતી વિવિધ વ્યાખ્યાનમાળાઓ • સર્જકો, સારસ્વતો, કર્મચારીઓના સન્માનની ઉજ્જવળ પરંપરા • રમતગમત ક્ષેત્રે રાષ્ટ્રીય સ્પર્ધાઓનું યુવકોન્મુખ આયોજન • પ્રાથમિકથી લઈ અનુસ્નાતક કક્ષાનાં વિદ્યાર્થી ભાઈબહેનો માટે છાત્રાલયો, અધ્યાપક નિવાસો તેમજ આચાર્ય નિવાસોની સુવિધાઓ • સતત વિકાસની પરંપરામાં વલ્લભ વિદ્યાનગર ઉપરાંત ન્યૂ વલ્લભ વિદ્યાનગર ટાઉનશીપમાં વિવિધ અભ્યાસક્રમોવાળી શિક્ષણસંસ્થાઓની સ્થાપના થતી રહી છે. • રાજ્યની પ્રથમ મહિલા ઈજનેરી કોલેજ, સરદાર પટેલના જીવન અને કાર્ય માટે દેશની સર્વપ્રથમ સંશોધન સંસ્થા તેમજ સમગ્ર ગુજરાતમાં અંગ્રેજી માધ્યમની સ્નાતકકક્ષાની પત્રકારત્વ અને સમૂહ માધ્યમોની કોલેજ • ગુજરાતની યુવાપેઢીને સનદી સેવાઓમાં પ્રવેશ અપાવવા માટેની સીવીએમ આઈએએસ એકેડેમી. • કાયદાશાસ્ત્ર અને ન્યાયશાસ્ત્રની અનોખી કૉલેજ • ઈન્ટિરિયર ડિઝાઈન અને આર્કિટેક્ચરની સ્કૂલ ઉપરાંત ફાઈન આર્ટ્સની ડિગ્રી કૉલેજ.


**• અંકની છૂટક કિંમતઃ ₹ ૧૫/- • રવાનગી ખર્ચઃ ₹ ૧૦/- • વાર્ષિક લવાજમઃ ₹ ૧૫૦/-**

**• વિદ્યાર્થી લવાજમઃ ₹ ૧૦૦/- • આજીવન લવાજમઃ ₹ ૧૫૦૦/-**

# વિ-વિદ્યાનગર

## ચારુતર વિદ્યામંડળ પ્રકાશન


સપ્ટેમ્બર ૨૦૧૩

વર્ષ : ૧૫ અંક : ૯

(સળંગ અંક ૫૦૩)

**ISSN 0976 - 9809 V-Vidyanagar**


**धर्मार्थौ यः परित्यज्य स्यादिंद्रिवशानुगः**
**श्रीप्राणधनदारेभ्यः क्षिप्रं स परिहीयते ॥**

**જે મનુષ્ય ધર્મ તથા અર્થનો ત્યાગ કરીને ઈન્દ્રિયોને અધીન થાય છે, તે થોડા સમયમાં જ લક્ષ્મી, પ્રાણ, ધન તથા સ્ત્રીથી રહિત થાય છે.**

**વિદુરનીતિ અધ્યાયઃ ૨:૬૨**


॥ અધ્યક્ષસ્થાનેથી ॥ ગુરુની વિદાય અને શિષ્યનું તર્પણ
★ ડૉ.સી.એલ.પટેલ

॥ પ્રાથમ્ય ॥ અધ્યાપકની વ્યાવસાયિક સજ્જતાનું સંવર્ધન : તૃતીય ચરણ ★ રાજેન્દ્રસિંહ જાડેજા / 1

॥ આપણો વારસો અને વૈભવ ॥ પદ્ય વિભાગ ॥
★ નર્મદ / 2
॥ ગદ્ય વિભાગ ॥ ગણેશ વિશે સંશોધનો ★ જયા મહેતા (સં.) / 3

॥ નવાં કાવ્યો ॥ ★ પ્રીતમ લખલાણી, મધુકર ઉપાધ્યાય, નીલેશ પટેલ, ગુણવંત ઉપાધ્યાય / 4

॥ અતીત ॥હૈદરાબાદનું વિલીનીકરણ ★ ક.મા. મુનશી / 5

॥ વ્યાખ્યાન ॥ ઈતિહાસ : દૃષ્ટિ અને સૃષ્ટિ ★ ઉર્વીશ કોઠારી / 11

॥ અભ્યાસ ॥ રૂપજીવિનીઓઃ ઓળખનો ઈતિહાસ ★ ભૂમિ દવે / 13

॥ ચિંતન ॥ થોડી નોખી વાત ★ એસ.જી. પટેલ / 20

॥ જ્ઞાન-વિજ્ઞાન ॥ ફિનલે મોર્સઃ એક સંઘર્ષસંદેશ
★ હિમાંશુ ત્રિવેદી / 21

॥ સંશોધન ॥ રામાનંદ સંપ્રદાયની દીવાદાંડીઃ વૈષ્ણવમતાબ્જભાસ્કર
★ વિપુલ એમ. શ્રીમાળી / 23

॥ આરોગ્ય ॥ નવજાત શિશુ સંભાળ
★ અભિષેક વાય. પાટલીયા, એ.આર. વી. મૂર્તિ / 28

॥ વૃત્તવિશેષ ॥ / 30

॥ विमर्श ॥ दलित आत्मकथा 'उठाईगीर' एक मूल्यांकन
★ अनीला मिश्र / 31

॥ Analysis ॥ Policy Paralysis and Falling Rupee
★ Sunny Thomas, Waheeda Sheikh / 33

॥ રમન્તે તત્ર દેવતા ॥ સખા હિ જાયા – પત્નીઃ ★ પારુલટીના દોશી / 36

॥ વિદ્યાવૃત્ત ॥ / 38


વલ્લભ વિદ્યાનગરના આદ્યસ્થાપકો પૈકી એક ભાઈકાકાએ ઈ. સ. ૧૯૬૪માં આ વિદ્યાકેન્દ્ર ઉપરથી એક સામયિક પ્રકાશિત થાય જેમાં સાહિત્ય અને શિક્ષણવિષયક સંસ્કારલક્ષી સામગ્રી રજૂ થાય અને ઉચ્ચ અભ્યાસ અર્થે આવતી કિશોર-યુવાપેઢી એથી લાભાન્વિત થાય; વિદ્યાર્થીઓ અને અધ્યાપકો પણ એમાં સક્રિય રસ લેતા થાય એવી મનીષા પ્રગટ કરી હતી. ફલસ્વરૂપ ૧૯ નવેમ્બર ૧૯૬૪ના રોજ 'વલ્લભ વિદ્યાનગર' પાક્ષિકનો આરંભ થયો. પછીથી એ માસિક સ્વરૂપે 'વિદ્યાનગર' નામે પ્રગટ થતું રહ્યું. । વિ । નામે એનો ત્રીજો અવતાર થયો ત્યારથી વર્તમાન અધ્યક્ષ ડૉ. સી.એલ.પટેલની નિસ્બત અને ઉદારતાના ફળસ્વરૂપે તે નવપલ્લવિત થયું, અને ઈ.સ. ૧૯૯૯ થી નિયમિતપણે 'વિ-વિદ્યાનગર' એ નામથી પ્રકાશિત થતું રહ્યું છે.

**વિ-વિદ્યાનગર**

'વિ-વિદ્યાનગર' ચારુતર વિદ્યામંડળની વેબસાઈટ

**www.ecvm.net**

પર મૂકવામાં આવે છે. દેશ-વિદેશના વાચકોને પ્રતિભાવ જણાવવા વિનંતી.

**આ માસની વિચારકણિકા**

**સત્ય ચંદ્રમંડળથી પણ વધુ સૌમ્ય અને સૂર્યમંડળથી પણ વધુ તેજસ્વી છે.**

**• મહાવીર સ્વામી**

# ગુરુની વિદાય અને શિષ્યનું તર્પણ

મેં પ્રાથમિક શિક્ષણ આણંદની શારદા બાળમંદિરમાં લીધું અને એ પછી હું ચરોતર એજ્યુકેશન સોસાયટીમાં ધોરણ ૫થી અભ્યાસ કરવા જોડાયો. એ અભ્યાસ મેં ૧૧મા ધોરણ સુધી ડી.એન.માં ચાલુ રાખ્યો. એક શાળામાંથી બીજી શાળામાં દાખલ થતાં પ્રથમ શાળા અને તે પછી શાળાના વહીવટમાં કાર્યરત શિક્ષકો, આચાર્યની ગુણવત્તા અને શિક્ષક તરીકેની કાર્યપદ્ધતિની છાપ અલગ અલગ તરી આવે છે. ચરોતર એજ્યુકેશન સોસાયટીની ડી.એન.માં અમારા સમયમાં ઈશ્વરભાઈ જેઠાભાઈ પટેલ આચાર્યની અને વિઠ્ઠલભાઈ સાહેબ શિક્ષકની જવાબદારી સંભાળતા હતા. શરૂઆતથી ઘણા બધા શિક્ષકો રાષ્ટ્રપ્રેમી અને વિદ્યાર્થીપ્રેમી હોય તેવું જણાઈ આવતું હતું. મોટાભાગના શિક્ષકો ખાદીનો પહેરવેશ પહેરતા હતા. તેમાંય શ્રી વિઠ્ઠલભાઈ સાહેબ પોતાના વર્તન અને વિદ્યાર્થીઓ માટેના પ્રેમના અનુસંધાનમાં ઘણીબધી રીતે પોતાનો પ્રભાવ વિદ્યાર્થીઓ પર પાડી શકતા હતા. એકદમ સાદગીભર્યું જીવન અને જે કોઈ વિષય ભણાવે તેની પારંગતતા સાથે જુદા જુદા વિસ્તારમાંથી આવતા વિદ્યાર્થીઓને જીવનોપયોગી સલાહસૂચન આપતા. વિદ્યાર્થીકાળ દરમિયાન જ વિદ્યાર્થીજીવન પૂરું થતાં સમાજમાં જે જવાબદારી નિભાવવાની હોય તેનું પૂરતું જ્ઞાન તેમના તરફથી મળી રહેતું.

શાળાની શરૂઆતમાં થતી પ્રાર્થના અને તે પછી પીરસાતા સુવિચારો, શાળાની શિસ્ત, વર્ગખંડ અને શાળાવિસ્તારની સફાઈ વિગેરે બાબત તેઓ હંમેશાં ચિંતિત રહેતા અને વિદ્યાર્થીઓને યોગ્ય માર્ગદર્શન આપતા. પોતે રાષ્ટ્રીય ચળવળમાં જોડાયેલા હોઈ રાષ્ટ્રીય ચળવળ અને રાષ્ટ્રીયતા માટે વિદ્યાર્થીઓને ખૂબ પ્રેરણા આપતા. તેઓ પોતે એટલા બધા સ્વાવલંબી હતા કે પોતાની જરૂરિયાતો સીમિત રાખતા અને જાતે કાંતીને તેના કાપડમાંથી પોતાનો પહેરવેશ મેળવી લેતા. આનાથી ઘણાબધાને કાંતણ કરવાની પ્રેરણા મળતી. હું પણ રેંટિયો ચલાવતાં શીખ્યો હતો. રેંટિયાનો ઉપયોગ કાંતણ માટે કરતો હતો. વિઠ્ઠલભાઈ સાહેબની જ પ્રેરણાથી આજ દિન સુધી મારો પહેરવેશ ખાદીનો જ રહે તે માટે આગ્રહી રહું છું.

વિઠ્ઠલભાઈ સાહેબે પોતાના શિક્ષણકાર્યના સમય દરમિયાન શિક્ષકમાંથી આચાર્યની પદવી પ્રાપ્ત કરી. આચાર્ય થયા બાદ પણ છાત્રાલયમાં રહેતા દરેક વિદ્યાર્થીની મા હોય તેવી રીતે કાળજી રાખતા. કોઈ બીમાર પડ્યું હોય તો પોતાના ઘેરથી બીમારીને અનુરૂપ ભોજનની વ્યવસ્થા કરતા. તેઓ સાથે કોઈ પ્રવાસમાં જોડાયા હોઈએ ત્યારે માના જેવું હેત રાખીને પ્રવાસની મજા કરાવતા.

સમયાંતરે ચરોતર એજ્યુકેશન સોસાયટીમાં આચાર્ય થયા. ચરોતર એજ્યુકેશન સોસાયટીના બંધારણ મુજબ આચાર્ય ઉપરાંત તેમણે માનદ મંત્રી તરીકે સેવા બજાવવાની હોય છે. સમય જતાં કેટલાક સાથી શિક્ષકોએ સાહેબે આણેલી શિસ્ત વગેરેના વિરોધમાં એક જૂથ બનાવી વિઠ્ઠલભાઈ સાહેબનો વિરોધ કરતાં સાહેબે પોતે ચરોતર એજ્યુકેશન સોસાયટી છોડવાનો નિર્ણય કર્યો. પોતે

*શિક્ષણનો જીવ હોઈને સરદાર પટેલ એજ્યુકેશન ટ્રસ્ટે તેમને આવકાર્યા જેથી કેટલાક વર્ષ ત્યાં શિક્ષણની વ્યવસ્થા સાથે જોડાયા અને સેવાઓ આપી.*

*ચારુતર વિદ્યામંડળના અધ્યક્ષ ડૉ. એચ.એમ. પટેલ સાહેબે તેમના શિક્ષણકાર્યની નોંધ લઈને ચારુતર વિદ્યામંડળના માનદમંત્રી તરીકે આવકાર્યા. કેટલાંક વર્ષો તેમણે સીવીએમના માનદમંત્રી તરીકે સેવા આપી.*

*પોતાના દીકરાઓ અમેરિકામાં સ્થાયી થયેલા હોવાથી તેમની ઈચ્છા મુજબ સાહેબ અમેરિકા ગયા. અમેરિકા ગયા બાદ તેમને અમેરિકાની સિટીઝનશિપ મળતી હતી છતાં પણ બે દેશની નાગરિકતા સ્વીકારવાનું અયોગ્ય લાગ્યું. તેમણે અમેરિકાની સિટીઝનશિપ ના સ્વીકારી. સમયાંતરે તેમની ઉંમર જોતાં તેમણે ભારતમાં ચરોતર પ્રદેશમાં જ પાછલાં વર્ષો ગાળવાની ઈચ્છા થતાં તેઓ પરત આવ્યા. અહીં આવ્યા બાદ વિઠ્ઠલભાઈ સાહેબના હાથ નીચે અને તેમના પ્રેમાળ સ્વભાવથી જેઓ તેમના માટે માન ધરાવતા હતા તેવા દેશ-વિદેશના વિદ્યાર્થીઓને સાહેબ વિદેશથી પરત થયા તે ગમ્યું. તેમનો જન્મદિવસ ૧૩ જાન્યુઆરી બધા ભેગા મળીને પ્રતિ વર્ષ ઉજવતા રહ્યા. છેલ્લાં બે વર્ષમાં બાકરોલના એક વિદ્યાર્થી અને ચરોતર એજ્યુકેશન સોસાયટીના પ્રમુખ, મંત્રી અને કારોબારીના સભ્યોએ ખૂબ મોટા પ્રમાણમાં ગુરુવંદનાનો કાર્યક્રમ યોજ્યો. સાહેબને ખૂબ માન આપીને આ ગુરુવંદનાના કાર્યક્રમ થયા.*

*૧૯૯૪થી ચારુતર વિદ્યામંડળની જવાબદારી મેં લીધી ત્યારથી ઘણા બધાએ મને પ્રોત્સાહિત કર્યો છે. પ્રગટબ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજ પછી છેલ્લાં ૨૦ વર્ષમાં મને બીજા કોઈનું માર્ગદર્શન મળ્યું હોય તો તે છે વિઠ્ઠલભાઈ સાહેબનું. કોઈપણ જટિલ પ્રશ્નમાં વિઠ્ઠલભાઈ સાહેબ સાથે ચર્ચા કરવાનું આપણને ગમે અને તેમનું માર્ગદર્શન ઉપયોગી થાય તેવું હું માનું છું. તેમની ચિરવિદાયના એક સપ્તાહ પહેલાં જ્યારે હું તેમના ઘેર મળવા ગયો ત્યારે તેમણે પ્રેમથી આવકાર્યો. તેમણે કહ્યું 'ભાઈ છોટુભાઈ, સેવા કરવી હોય તો તબિયત સાચવજો'. સાહેબ છેક ઝાંપા સુધી મને વળાવવા આવ્યા ત્યારે તેમની આંખોમાં મારા માટે પ્રેમ હતો. કદાચ તેમને ખબર પડી ગઈ હશે કે હવે ખૂબ લાંબો સમય આ ફાની દુનિયામાં રહેવાશે નહીં અને ગુરુ-શિષ્યની આ છેલ્લી મુલાકાત હોઈ શકે એટલે તેઓ કોઈ અંગત સ્વજનને વિદાય આપવા આવ્યા હોય તેવો તેમના મુખ પર અને હાથથી ભાવ વ્યક્ત કરતા હોય તેવું દેખાઈ આવ્યું.*

*એમની અંતિમ ઈચ્છા પણ આગવી જ હતી. ''ફૂલને પોતાની રીતે ખીલવા દ્યો. તેમને મૃતદેહ પર ચઢાવીને મૂરઝાવા દેવાં તે ઠીક નથી.'' પોતાના અંતિમ સંસ્કાર હિંદુ વિધિ પ્રમાણે કાષ્ટથી કરવા એવું તેમણે સૂચવ્યાની જાણ વાસદના કેટલાક વિદ્યાર્થીઓને થતાં તેઓ છેક વાસદથી સૂકાં લાકડાં સાહેબના અગ્નિદાહ માટે લઈ આવ્યા હતા. વિઠ્ઠલભાઈ સાહેબને શતશત પ્રણામ.*

*(૧૨ ઓગસ્ટ ૨૦૧૩)*

સી.એલ.પટેલ

# અધ્યાપકની વ્યાવસાયિક સજ્જતાનું સંવર્ધન : તૃતીય ચરણ

**રાજેન્દ્રસિંહ જાડેજા**

એક સ્કૂટર મિકેનિક અને એક ઑટોમોબિલ એન્જિનિયર વચ્ચે શું તફાવત હોય છે? એમ કોઈ પૂછે તો આપણે કદાચ હસી પડીએ. ક્યાં રાજા ભોજ અને ક્યાં ગાંગો તેલી? વાત જો કે સાવ હસી કાઢવા જેવી નથી. મિકેનિક બિચારો લાકડાના ખોખામાં દસ-બાર સાધન રાખી પેટિયું રળે; એન્જિનિયર તો ઑટો ઈન્ડ્સ્ટ્રીના પ્રાણ સમાન. ઘણો મોટો તફાવત.

વાત તો સાચી છે; પણ એ તફાવત પડ્યો કઈ રીતે? એના મૂળમાં છે વ્યાવસાયિક સજ્જતા, અર્થાત્ professional competence. એ સજ્જતા આવી વર્ષોના અભ્યાસથી. પોતાના વિષય-ક્ષેત્રની સર્વગ્રાહી અને તલસ્પર્શી સમજથી અને પોતાના વ્યવસાયનાં કૌશલ્યોના વિકાસથી. મિકેનિક તો થોડી ઘણી સમજ અને ચપટીક કૌશલ્યના આધારે બ્રેકના તાર બાંધી આપે કે સાફસૂફી કરીને ઑઈલીંગ કરી આપે. એને નવું સ્કૂટર ડિઝાઈન કરવાનું કહો તો "ના બાપા, આપણું કામ નહિ" – કહીને હાથ ઊંચા કરી દે. એ બાપડો vocational training પામ્યો; એની પાસે professional competance નથી. પણ જેવી એન્જિનિયરની સજ્જતા આપણે પ્રમાણી, એવી અધ્યાપકની સજ્જતા પણ પ્રમાણવાની છે. અધ્યાપકનાં વ્યાવસાયિક કૌશલ્યોના હાર્દરૂપ એવી અધ્યયન-અધ્યાપન કૌશલ્યોની ચર્ચા આપણે કરી. તે પછીનું પગલું ભરવાનું છે સંશોધનના ક્ષેત્રમાં.

ઉચ્ચ શિક્ષણનું કામ છે જ્ઞાનનું વ્યવસ્થાપન કરવાનું – અર્થાત્ knowledge managementનું. એ સુપેરે કરવા માટે આપણે પેઢી દર પેઢી સંચિત કરેલા જ્ઞાનનું સમુચિત વિતરણ કરવું રહ્યું, અને સાથોસાથ એ સંચિત જ્ઞાનની સીમાઓનું વિસ્તરણ પણ કરવું રહ્યું. વિતરણનું કામ મુખ્યત્વે થાય આપણા વર્ગખંડોમાં, અને વિસ્તરણનું કામ થાય આપણા સંશોધન પ્રકલ્પોમાં. સંશોધન વડે નવા જ્ઞાનનું સર્જન સતત થતું રહે તે ઉચ્ચ શિક્ષણની વર્તમાન વિભાવનાનું અવિભાજ્ય અંગ બન્યું છે.

એનો અર્થ એમ સમજવાનો છે કે વર્ગશિક્ષણ એ અધ્યાપકની ફરજનો એક ભાગ – એક મહત્ત્વનો ભાગ – છે. તે આવશ્યક છે, પણ તે પૂરતું નથી. આજનો યુગ છે જ્ઞાનના વિસ્ફોટનો. રોજેરોજ નવું જ્ઞાન (માત્ર માહિતી નહીં) પ્રત્યેક ક્ષેત્રમાં ઉમેરાતું રહે છે. એટલે માત્ર વર્ગશિક્ષણનું, જ્ઞાનના વિતરણનું કામ પણ અસરકારક રીતે કરવું હશે તો અધ્યાપકે નવું જ્ઞાન અર્જિત કરતા રહેવું પડશે. જો કે આ તો થઈ અધ્યાપકના અધ્યયનની વાત. Out of date કે વાસી જ્ઞાન પીરસતા અધ્યાપકની વીશીમાં કોઈ જવાનું નથી. માટે અધ્યયન કરતાં રહીને અદ્યતન જ્ઞાન પામવું અને પીરસવું તે અધ્યાપક તરીકે મારી પહેલી ફરજ છે. જ્ઞાનના વિતરણની ફરજ.

અને બીજી, એટલી જ મહત્ત્વની ફરજ છે નવા જ્ઞાનનું સર્જન કરવાની. યુજીસી જે APIની વાત કરે છે તે આ સંદર્ભે સમજવાની છે. Academic Performance Indexમાં જ્ઞાનને અર્જિત કરવાની પ્રવૃત્તિઓના ગુણાંક છે તેનાથી અદકેરા ગુણાંક સંશોધન માટે રાખ્યા છે. એટલે કે અગાઉ જે એવી માન્યતા હતી કે ગણ્યાગાંઠ્યા વિદ્વાનો જ સંશોધન કરે અથવા કરી શકે, તેમાં ફેરફાર થઈ રહ્યો છે. ઉચ્ચ શિક્ષણ ખરેખર ઉચ્ચ કક્ષાનું ત્યારે જ બને કે જ્યારે પ્રત્યેક અધ્યાપક નવા જ્ઞાનનું સર્જન કરવા સક્ષમ બને. જ્ઞાનનું વિતરણ કરીને સંતોષ ના માને, જ્ઞાનનું વિસ્તરણ પણ કરે.

અધ્યાપકની સજ્જતાના સંદર્ભે આ વાતને જરા જુદી રીતે સમજવાની છે. એક એન્જિનિયરની વ્યાવસાયિક સજ્જતા આવે છે પોતાના વિષયનું જ્ઞાન (domain knowledge) અને પોતાના વ્યાવસાયિક કૌશલ્યોના સુમેળ દ્વારા. હવે વાત કરીએ એન્જિનિયરીંગ કૉલેજના અધ્યાપકની. તો તેની સજ્જતા ત્રેવડાય છે. એક, પોતાના વિષયનું જ્ઞાન, અને બે, વ્યાવસાયિક (અર્થાત્ ઈજનેરી) કૌશલ્ય. પણ અધ્યાપકની ત્રેવડ (શક્તિ) તો હોય 'અધ્યાપન' ક્ષેત્રના કૌશલ્યમાં.

એક ઑટોમોબિલ એન્જિનિયર સંશોધન કરે તો નવા યંત્રની રચના કરે, ઓછું ઈંધણ અને ઓછું પ્રદૂષણ કે એવી ક્ષમતા ઊભી કરે. એ તેની વ્યાવસાયિક સિદ્ધિ ગણાય. એ જ રીતે અધ્યાપક પોતાના વ્યવસાયનું – અધ્યાપનનું – નવિનીકરણ કરે, વધુ અસરકારક અને ઓછી ખર્ચાળ એવી અધ્યાપનવિધિ શોધે, તે જરૂરી છે. અધ્યાપકની વ્યાવસાયિક સજ્જતાનું સંવર્ધન ત્યારે થયું ગણાય કે જ્યારે તે આવું સંશોધન કરે.

## ગણનાયક

### (તોટકવૃત્ત)

ગણનાયક લાયક દેવ ઘણો, વરદાયક ધાયક દોષતણો;
સહુ દાનવ દેવ સુસેવ કરે, તું ગણેશ વિના કુણ ક્લેશ હરે

ગિરિજાસુતને સ્મરતા સુત ને, સનકાદિક ભક્ત ક્વીશ મને
ગિરિરાજ સસાજ દિયે જસ રે, તું ગણેશ વિના કુણ ક્લેશ હરે

સહુ વિઘ્ન સમૂળ નસાડિ દિયે, બહુ પ્લેહ પૂજાઈ તું માન લિયે;
તવ મંગળ મૂરતિ નામ ખરે, તું ગણેશ વિના કુણ ક્લેશ હરે

રુડી સિદ્ધિ સુબુદ્ધિ ગૃહીણી ઘણી, સહુ લાભ સુલક્ષ અહીં શમણી;
પરિવાર રુડો જ અનૂપમ રે, તું ગણેશ વિના કુણ ક્લેશ હરે

તુછ મૂષક વાહન વ્હાલું બહુ, કરિ દાખવતો તું પ્રભાવ સહૂ;
હિણ પાર પડે તવ નામ સ્મરે, તું ગણેશ વિના કુણ ક્લેશ હરે

તવ લાંબુ સુઊદર દાખવ તૂં, ગુણ શાંતિ ક્ષમા કરુણાકર તૂં;
યશ કીર્તિ ઘણી સચરાચર રે, તું ગણેશ વિના કુણ ક્લેશ હરે

ગણરાય વિના કુણ સાહ્ય કરે, ગણનાથ વિના કુણ હાથ ધરે;
ગણપત્ત વિના કુણ પત્ત ભરે, તું ગણેશ વિના કુણ હાથ ધરે;

ગણબંધુ વિના જૂઠું સંધું અને, ગણસેન વિના નહિ ચ્હેન મ્હને;
ગણવીત વિના નહિ વિત્ત ઠરે, તું ગણેશ વિના કુણ ક્લેશ હરે

ગજહેતુ વિના ક્યમ હેતુ સરે, ગજકેતુ વિના ક્યમ સેતુ તરે;
ગજદંત વિના ક્યમ ખંત ખરે, તું ગણેશ વિના કુણ ક્લેશ હરે.

• નર્મદ

●

## ગણેશ સ્થાપનાના ગીતો

### ગણેશજી વરદાન દેજો

પરથમ ગણેશ બેસાડો રે મારા ગણેશ દુંદાળા (૪)
ગણેશ દુંદાળા ને મોટી ફાંદાળા (૨)
ગણેશજી વરદાન દેજો રે મારા ગણેશ દુંદાળા (૨)
ગણેશ દુંદાળા ને મોટી ફાંદાળા (૨)
ગણેશજીને પાય લાગું રે મારા ગણેશ દુંદાળા
ઊઠો ગણેશ ને ઊઠો પરમેશ્વર (૨)
તમ આવે રંગ રહેશે રે મારા ગણેશ દુંદાળા
ગણેશ દુંદાળાને મોટી ફાંદાળા
ગણેશજી વરદાન દેજો રે મારા ગણેશ દુંદાળા
અમે રે દુંદાળા ને અમે રે ફાંદાળા
અમ આવે તમે લાજો રે મારા ગણેશ દુંદાળા
અમારે જોશે સવા મણનો રે લાડુ
અમ આવે વેવાઈ ભડકે રે મારા ગણેશ દુંદાળા
ગણેશ દુંદાળા ને મોટી ફાંદાળા
ગણેશજી વરદાન દેજો રે મારા ગણેશ દુંદાળા
વિવાહ અગરણ ને જગત જનોઈ
પરથમ ગણેશ બેસાડો રે મારા ગણેશ દુંદાળા
ગણેશ દુંદાળા ને મોટી ફાંદાળા
ગણેશજી વરદાન દેજો રે મારા ગણેશ દુંદાળા

●

## તેત્રીશ કરોડ દેવતા

પરથમ ગણેશ બેસાડો
રે મારા ગણેશ દુંદાળા
ગણેશની સ્થાપના કરાવો
રે મારા ગણેશ દુંદાળા
તેત્રીસ કરોડ દેવતા સીમડીએ આવ્યા,
હરખ્યા ગોવાળિયાનાં મન રે... મારા ગણેશ
તેત્રીશ કરોડ દેવતા વાડીએ પધાર્યા,
હરખ્યા પડોશીના મન રે... મારા ગણેશ
તેત્રીશ કરોડ દેવતા તોરણે પધાર્યા,
હરખ્યા પાણિયારીનાં મન રે... મારા ગણેશ
તેત્રીસ કરોડ દેવતા શેરીએ પધાર્યા,
હરખ્યા સાજનિયાંના મન રે... મારા ગણેશ
તેત્રીસ કરોડ દેવતા માંડવે પધાર્યા,
હરખ્યા માતાજીનાં મન રે... મારા ગણેશ
તેત્રીસ કરોડ દેવતા માયરે પધાર્યા,
હરખ્યા વર-કન્યાનાં મન રે... મારા ગણેશ

●

## મારા ગણેશ દુંદાળા

ગણેશને પાટ બેસાડો રે મારા ગણેશ દુંદાળા
તમે રે દુંદાળા ને મોટી ફાંદાળા
તમારે જોશે સવામણનો લાડુ
વેવાઈ બિચારા ક્યાંથી લાવે રે મારા ગણેશ દુંદાળા
કૃષ્ણની જાને રૂડા જાનૈયા સોઢાડ્યા
સોઢાડ્યા જાનૈયા ને સોઢી જાનડિયું
ગણેશને ઘેરે વિસારો રે મારા ગણેશ દુંદાળા
રણ રે વગડામાં રથ રોક્યા રે મારા ગણેશ દુંદાળા
ભાંગી પિજાગિયું ને ભાંગી તળાજા
ગણેશને ઘેર બેસાર્યો રે મારા ગણેશ દુંદાળા

# ગણેશ વિશે સંશોધનો

## જયા મહેતા (સં.)

ગણેશ વિશે પૌરાણિક-ધાર્મિક કથાઓ બેસુમાર છે, જન્મકથાઓ, અવતારકથાઓ ઉપરાંત ક્રીડાકથાઓનોયે પાર નથી. વળી, એક જ ઘટના સંદર્ભે જુદી જુદી કથાઓ પણ મળે છે. તેમાંથી સમયે સમયે રૂપાંતર પામેલી અને ક્ષેપક કથાઓ છૂટી પાડીને મૂળ સુધી પહોંચવું ઘણું કપરું છે.

શ્રીગણેશ વિશે કેટલાંક સંશોધનો થયાં છેઃ હરિદાસ મિત્રનો અંગ્રેજીમાં લખાયેલો પ્રબંધ 'ગણપતિ' વિશ્વભારતી(શાંતિનિકેતન, પં.બંગાળ)એ પ્રગટ કર્યો છે. અને એલિસ ગેટીનો 'ગણેશઃ ગજમુખ દેવતા વિશે પ્રબંધ' ઑક્સફર્ડ યુનિવર્સિટી પ્રેસે (લંડન) પ્રગટ કર્યો છે.

વાયવ્ય ભારતમાં ગ્રીક અને હિંદુની સંકર જાતિઓ વસતી હતી. ત્યાંથી જે જૂના સિક્કા મળી આવ્યા એ પરથી હરિદાસ મિત્રે નિષ્કર્ષ કાઢ્યો છે કે હાથી જેવા વિશાળ પ્રાણીને જોઈને માણસ ચક્તિ થયો હશે અને ભવ્ય, દિવ્ય તે દેવ, એમ માનવાની વૃત્તિમાંથી ગણેશપૂજાનો ઉદય થયો હશે.

હરિદાસ મિત્ર અને ડૉ. ભાંડારકર બંનેનું માનવું છે કે ગણેશપૂજા, આરાધના, વ્રતો વગેરે તો ઈ.સ. પૂર્વેથી ચાલુ હશે અને ઈ.સ.ના પાંચમા-છઠ્ઠા સૈકામાં આ પંથ પ્રચલિત થઈને પ્રસ્થાપિત થયો હશે. એલિસને ગણેશપથનું પગેરું પાંચમા શતક પહેલાં મળતું નથી.

ઈ.સ.ના છઠ્ઠા શતકની 'યાજ્ઞવલ્ક્યસ્મૃતિ'માં ગણેશનો ઉલ્લેખ મળે છે. આ પહેલાંના ઉલ્લેખ રાક્ષસી દેવ, ઉગ્ર દેવ તરીકે મળે છે. એનું પછી શુભ દેવમાં રૂપાંતર થયું હશે.

ગણેશે વ્યાસમુનિને 'મહાભારત'ના લેખનકાર્યમાં મદદ કરી, એ રીતે ગણપતિનો ઉલ્લેખ મળે છે. પણ મહાભારતમાં ગજવદન ગણપતિનો ઉલ્લેખ નથી. નવમા સૈકા સુધી ('બાલભારત') એને આધાર મળતો નથી. તાંત્રિક પોથીઓમાં શંકરના લેખક (લહિયા) તરીકે એનો ઉલ્લેખ ને ચિત્રો મળે છે.

તાંત્રિક દેવોમાં ગણેશને પંચમહાભૂતોના પ્રતીક અને 'ગઙ્'એ તાંત્રિક ગૂઢાક્ષરથી પૂજાતા શ્રેષ્ઠ દેવ દર્શાવાયા છે, તોયે કેટલીક પદ્ધતિમાં તે અપરાજિતા કે બીજા દેવદેવીઓના પગ નીચે કચડાતા દેખાડ્યા છે.

દશમા સૈકામાં ગાણપત્ય સંપ્રદાય અત્યંત પ્રભાવી અને ગૂઢ હતો. બ્રહ્મા-વિષ્ણુ-મહેશ કરતાંયે ગણપતિ શ્રેષ્ઠ મનાતા. ૐનો ગોળાકાર ભાગ એટલે ગણેશની સૂંઢ. આવું તારણ ગેટીએ કાઢ્યું છે.

દેવગણ સાથે ગણપતિનો સંબંધ નથી. વૈદિક સાહિત્યમાં દંતિન્, વક્રતુંડ, રક્તતુંડ એમ એનો ઉલ્લેખ મળે છે, પણ વૈદિક દેવોમાં તેનો સમાવેશ નથી.

આ દેવ આર્યોના કે દ્રવિડોના? આ અંગે માનવવંશશાસ્ત્રીય પુરાવા પૂરતા ન હોવાથી, ગણેશને દ્રવિડ દેવ માની શકાય નહીં; દક્ષિણમાં એ જ પ્રકારના દેવ હશે અને સમય જતાં તેમનો એકબીજા પર પ્રભાવ પડ્યો હશે, એવું અનુમાન હરિદાસ મિત્રે કર્યું છે. એલિસ ગેટીએ નિષ્કર્ષ કાઢ્યો છે કે બહારથી આવેલા સૂર્યોપાસક આર્યોએ દ્રવિડ સંસ્કૃતિના આ દેવને સૂર્યનું પ્રતીક સમજીને પોતાના દેવમાં સમાવી લીધા હશે. હરિદાસનું પણ માનવું છે કે ઘણા લાંબા સમય સુધી નીચલી જમાતોમાં દેવ તરીકે ગણેશ પ્રિય રહ્યા હશે.

ભારતમાં ગણેશપંથનો ઘણો જ પ્રચાર થયો છે. સિદ્ધિદાતા, વિઘ્નનાશી અને વિઘ્નેશ્વર સ્વરૂપે ગણેશ વિશે ઘણી તંદકથાઓ છે. ભારત ગણેશનું મૂળ સ્થાન. મૂષકવાહન ગણરાજ હિંદુઓના અનેક દેવોમાં સૌથી વધુ લોકપ્રિય દેવ. એની લોકપ્રિયતા નેપાળ, ચીની તુર્કસ્તાન અને સમુદ્ર પાર કરીને જાવા, બાલિ, બોર્નિયો સુધી પહોંચી. તિબેટ, બ્રહ્મદેશ, સયામ, ઈન્ડોચાઈના, ચીન અને જાપાનને પણ ગણેશનો પરિચય છે.

ભક્તિથી સ્ત્રીશૂદ્ર વગેરે અનધિકારીઓને મળનારા સ્વર્ગના માર્ગમાં સંકટો ઊભાં કરવાનું અને મોહથી પરાવૃત્ત કરવાનું કામ ગણેશને સોંપાયું હોવાથી, તેની પ્રથમ પૂજા કરીને સંકટો દૂર રાખવાનો પ્રયત્ન ભક્તો કરવા માંડ્યા. ગણેશપૂજા વગર કોઈ પણ મંગલ કાર્ય શરૂ કરાતું નથી, તેનો ઉગમ એલિસને અહીં જણાય છે.

વિનાયકનું લક્ષણઃ વિઘ્ન ઊભાં કરવાં. જે મુખ્યત્વે નેતૃત્વ કરે તે વિનાયક. વિનાયક ઘણા હતા, પણ બધા દુષ્ટ સ્વભાવના. ભાગવત, હરિવંશ સૂત્રટીકામાં વિનાયકની ગણના દુષ્ટ દેવોમાં કરી છે. યાજ્ઞવલ્ક્યસ્મૃતિના સમય સુધીમાં ચાર મુખ્ય વિનાયક મહાગણપતિ-સ્વરૂપે એક મનાવા લાગ્યા હતા. શંકરગણોના સ્વામી વિનાયક, એ જ ગણપતિ. આવો નિષ્કર્ષ ડૉ. સંપૂર્ણાનંદે હિંદીમાં લખેલા 'ગણેશ' ગ્રંથમાં મળે છે.

(ૐ શ્રી ગણેશાય નમઃ, જયા મહેતા-સં., ઈમેજ પબ્લિકેશન્સ પ્રા.લિ., મુંબઈ ૪૦૦ ૦૦૨, પ્ર.આ. ૧૯૯૮)

## ભીતરના એક ખૂણે

**પ્રીતમ લખલાણી**

જેના છાંયડા હેઠેથી
રોજ આંખ આડા કાન કરીને
દસ પાંચની લોકલ પકડવા
દોડી જતા આપણે
ક્યારેક
સમય પત્રમાંથી
થોડીક ક્ષણો કાઢીને
આ મહાનગરમાં
મરવાને વાંકે જીવતા
વૃક્ષોને,
બસ ફક્ત એકાદવાર
અમસ્તા જ પૂછી જોઈએ કે
તમે કેમ છો? તો,
આપણી ભીતરમાં
પળે પળે ઉછળી રહેલા
પેલા કાગડાને બદલે
એકાદ પંખી
મનભરીને ટહુકી ઊઠે!!!

(65 Falcon Drive, West Henrietta, NY 14586, U.S.A.,
(585) 334-0310, preetam.lakhlani@gmail.com)

**મધુકર ઉપાધ્યાય**

અંધાધૂંધીમાંથી રસ્તો કરવાનો છે,
કણકણ કોરા કોલાહલને તરવાનો છે.

સ્થિર રહી સૂરજનો રસ્તો તરણું તાકે,
ઝાંકળનો આઈનો એને ધરવાનો છે.

સપનું ફળશે આખું આભ તને મળશે, પણ,
તારી પાસે શું પીંછાનો પરવાનો છે.

દીવો, સૂરજ, તારકના સહુ તેજ ઉછીના,
પડછાયો એનાથી ક્યાં કંઈ ડરવાનો છે.

ચિત્ત સાંધજે, જાત લાંધજે, જટા બાંધજે,
પ્રવાહ પાછો ગંગાનો અવતરવાનો છે.

શ્વાસ થયા રોશન ને સુરભિત તેજ થયા છે,
આજ હવાનો દીવો મારો ઠરવાનો છે.

(પ્લોટ નં. ૧૧૭૯, એ-૨, આંબાવાડી,
ભાવનગર – ૩૬૪ ૦૦૧)

## ભુંસાઈ જાય છે

**નીલેશ પટેલ**

દોસ્ત લખવું હોય તો અઢળક લખાઈ જાય છે,
છીછરા સર્જન વડે પાંના ભરાઈ જાય છે.

આ પવન તો પાતળા પરદાનું પહેરણ ઓઢીને,
એક પરપોટામાં ધીમેથી સમાઈ જાય છે.

કો'ક મંદિરની લગોલગ ભીખ માંગે છે હજી,
ત્યાં જઈ કોઈ ફૂલ વેચીને કમાઈ જાય છે.

દર્દ દુનિયા જેટલા વિસ્તારનું ભેગું થશે,
દિલની નાનકડી જગામાં એ સમાઈ જાય છે.

એમના ઘરની અચાનક બંધ બારી થાય છે,
ભરબપોરે દોસ્ત અંધારું છવાઈ જાય છે.

સ્લેટ પર મોઢું ઝુકાવી છોકરું રોયા કરે,
સ્લેટ પરના આંસુથી અક્ષર ભુંસાઈ જાય છે.

(શ્રી કલ્યાણી ટ્રેડર્સ, સાયણ-ઓલપાડ રોડ, મુ. પરીઆ,
પો. સાયણ, તા. ઓલપાડ, જિ. સુરત – ૩૯૪ ૧૩૦.
મો.: ૯૯૦૯૬૩૨૨૯૧)

**ગુણવંત ઉપાધ્યાય**

વ્યક્તિત્વને નિખારવા દીવાલ ઝૂરતી રહી,
પાષાણતા નિવારવા દીવાલ ઝૂરતી રહી.

મંથન સતત થયાં કર્યું જડત્વ કામનું નથી,
આંસુનું ટીપું સારવા દીવાલ ઝૂરતી રહી.

આંખે દીઠેલ વેદના સહી લીધી ને જીરવી,
પ્રત્યેક શબ્દ ઠારવા દીવાલ ઝૂરતી રહી.

કવિતા, કલમ અવેજમાં મળી મળીને શું મળે?
કેદાર, મેઘ, મારવા દીવાલ ઝૂરતી રહી.

સાદશ્ય હોય કે પછી અદશ્ય હોય પણ દીવાલ,
અસ્તિત્વને ઉગારવા દીવાલ ઝૂરતી રહી.

(બી-૫/૬-૭ ઋષભ એપાર્ટમેન્ટ્સ, ન્યૂ એરપોર્ટ રોડ,
મુની ડેરી, ભાવનગર – ૩૬૪ ૦૦૧)

# હૈદરાબાદનું વિલીનીકરણ

**ક.મા. મુનશી**

**(સરદાર પટેલની દીર્ઘદષ્ટિ અને તેમના સાથી ક.મા. મુનશીની ભારત સરકારના એજન્ટ-જનરલ તરીકેની સફળ કામગીરીના પ્રતાપે ૧૭ સપ્ટેમ્બર ૧૯૪૮ના રોજ હૈદરાબાદ સ્ટેટ 'ઑપરેશન પૉલો' થકી ભારતનું અંગ બન્યું.)**

૧૬મી સપ્ટેમ્બરે મારો તાવ ૧૦૦° અને ૧૦૩° વચ્ચે ચડઊતર કરતો રહ્યો. રેડિયો પરના સમાચાર ઉત્સાહજનક ન હતા. હૈદરાબાદનો રેડિયો વિજયના સમાચારો આપી રહ્યો હતો.

બપોરે પ્રિન્સ ઑફ બેરર વતી રાજા મહેબૂબ કરણ મને મળ્યા. તેણે મને કહ્યું કે સત્તાધારી અંદાજ મુજબ નાલદુર્ગ ત્રણ મહિના સુધી ટકી રહે તેટલું શક્તિશાળી ગણાતું હતું. ભારતની સેનાએ તેને ફક્ત થોડા કલાકોમાં જ કબજે કર્યું હતું.

રાતના મોડેથી દીન યાર જંગ મને કહેવા આવ્યા કે નિઝામ મારી સલાહ ઇચ્છતો હતો. ઍલ ઍન્ડ્રુઝ નિઝામ પાસે ગયો હતો અને તેને સ્પષ્ટ ભાષામાં કહ્યું હતું કે તે ભારતીય સૈન્યનો મુકાબલો કરી શકશે નહિ.

લાયક અલીને રાજીનામું આપવાનું કહેવામાં આવ્યું હતું. પરંતુ તેણે ના પાડી હતી અને દસ દિવસની મુદત માગી હતી. શું કરવું તેની ચિંતામાં નિઝામ હતો. 'તું તેને થોડી સલાહ આપવાની મહેરબાની કરીશ?' દીન યારે કહ્યું.

જે પરિસ્થિતિમાં હું મુકાયો હતો તેમાં દિલ્હીનો સંપર્ક હું કરી શકું તેમ ન હતો. દીન યાર જંગને હું ફક્ત એટલી જ સલાહ આપી શકું કે નિઝામે ભારત સરકારની બધી જ શરતો સ્વીકારી લેવી જોઈએઃ સીઝ ફાયરનો હુકમ આપવો જોઈએ; પોલીસપગલાંનું સ્વાગત કરવું જોઈએ, લાયક અલી પ્રધાનમંડળને ડિસમિસ કરવું જોઈએ, રઝાકારો પર પ્રતિબંધ મૂકવો જોઈએ, રઝવીની ધરપકડ કરવી જોઈએ અને જેલમાંથી સ્વામી રામાનંદ તીર્થ તથા કૉંગ્રેસના માણસોને છોડી મૂકવા જોઈએ.

સપ્ટેમ્બરની ૧૭મી તારીખે સવારે જનરલ એલ ઍન્ડ્રુઝ મને મળવા આવ્યા. તેણે કહ્યું કે નિઝામ સાથે તેણે વાત કરી હતી. તેણે નિખાલસપૂર્વક એકરાર કર્યો હતો કે ભારતીય સૈન્યનો તે બિલકુલ સામનો કરી શકે તેમ ન હતો. આગલા દિવસે તેણે લાયક અલીને રાજીનામું આપવાનું કહ્યું હતું, પરંતુ તેણે આપ્યું ન હતું. આજે સવારે નિઝામે તેને ફરીથી બોલાવ્યો હતો અને રાજીનામું આપવા કહ્યું હતું અને તે રાજીનામું આપવા કબૂલ થયો હતો.

જનરલ ઍન્ડ્રુઝ અથવા દીન યાર જંગ અથવા બંનેએ મને કહ્યું કે નિઝામ મને સાંજે ચાર વાગ્યે મળવા આવવાનું આમંત્રણ આપશે અને મારી સલાહ માગશે, થોડી વાર પછી રાજા મહેબૂબ કરણ તે જ સંદેશા સાથે આવ્યા. લાયક અલીના રાજીનામાના સમાચારથી હૈદરાબાદના મોટા ભાગના લોકોએ ઘણી રાહત અનુભવી હતી.

૧૧ વાગ્યે લાયક અલી પોતે જ લેઈક વ્યૂ પર આવ્યો અને મને કહ્યું કે તેણે રાજીનામું આપી દીધું હતું. તે મસ્જિદમાં પ્રાર્થના કરવા જતો હતો ત્યાંથી પાછા ફરતી વખતે ફરીથી તે મને એક વાગ્યે મળશે, તેમ તેણે કહ્યું.

જોકે આશ્ચર્ય પમાડે તે રીતે હૈદરાબાદ રેડિયો તો અમને કહી રહ્યો હતો કે નિઝામનું સૈન્ય ગામડાઓના વિસ્તારમાં ફરી વળ્યું હતું અને ગોવા પહોંચવાની તૈયારીમાં હતું. હવે ભારતીય રેડિયો પ્રસારણ સ્પષ્ટ બનતું જતું હતું. ભારતીય સૈન્ય હૈદરાબાદ પહોંચી રહ્યું હતું, તેમાં કોઈ શંકા રહી ન હતી.

આ દરમિયાન મને સમાચાર મળ્યા કે લાયક અલી અને તેના પ્રધાનો શાહ મંજિલમાં મળ્યા હતા અને મહત્ત્વના દસ્તાવેજો બાળવામાં વ્યસ્ત હતા.

એક વાગ્યે લાયક અલી આવ્યો અને નિઝામની સહીવાળો એક સંદેશો આપણા ગવર્નર જનરલ રાજાજીને મોકવા માટે મને આપ્યો. સંદેશો આ પ્રમાણે હતોઃ

'મારી સરકારે રાજીનામું આપ્યું છે અને રાજકીય પરિસ્થિત સંપૂર્ણપણે મારા હાથમાં લઈ લેવા મને કહ્યું છે.'

અના જવાબમાં મેં તેઓને જણાવ્યું છે કે 'આવું પગલું વહેલું ન લીધું તે બદલ હું દિલગીર છું. આવા કટોકટીભર્યા સમયે કંઈ પણ કરવું મારા માટે ઘણું મોડું થઈ ગયું છે. છતાં હું આપ નામદારને જણાવું છું કે મેં મારા સૈનિકોને આજ સાંજ સુધીમાં સીઝ ફાયરનો હુકમ આપી દીધો છે તથા રઝાકારોને વિખેરી નાખવાનો હુકમ પણ આપ્યો છે. હું ભારતીય સૈનિકોને બોલારમ્ અને સિંકદરાબાદ બારાક્સનો કબજો લેવાની રજા આપું છું.'

નિઝામનો સંદેશો આગળ કહેતો હતો કે તેણે વફાદાર જૂના જાહેર સેવકોનું નવું પ્રધાનમંડળ બનાવ્યું હતું અને સર મિરઝા ઈસ્માઈલને પ્રમુખ બનવા આમંત્રણ આપ્યું હતું. તેણે કહ્યું હતું કે લૉર્ડ માઉન્ટબેટનના સૂચન મુજબ તે આમ કરી રહ્યો હતો. માઉન્ટબેટને સર મિરઝા વડાપ્રધાન બને તેવું સૂચવ્યું હતું. તેણે આગળ સૂચવ્યું કે આ વ્યવસ્થા રાજાજી મંજૂર રાખે તો વાટાઘાટો આગળ ચલાવવા સર મિરઝાને હૈદરાબાદ લાવવા માટે તે ચાર્ટર્ડ પ્લેન મોકલશે.

લૉર્ડ માઉન્ટબેટનની વિદાય પછી જે કંઈ બન્યું હતું તે ચતુરાઈપૂર્વક ભૂલી જવાની પત્રના છેલ્લા ભાગમાં યુક્તિ કરવામાં આવી હતી. તે એવું મૂર્ખામીભરેલું હતું કે નિઝામને મેં સંદેશો મોકલ્યો કે ભારત સરકાર આવું વલણ સ્વીકારશે નહિ અને તેને જો વાંધો ન હોય તો ફક્ત પહેલો ભાગ તે વાયરલેસથી મોકલશે. દીને મને તરત જ જણાવ્યું કે વાંધાવાળા ફકરા હું કાઢી નાખું તે સામે નિઝામને વાંધો નહોતો.

થોડી વારમાં જ રેડિયો પર લાયક અલીનો સંદેશો પ્રસાર કરવામાં આવ્યોઃ

'આજે વહેલી સવારે પ્રધાનમંડળને લાગ્યું કે ભારતીય સંઘના હવાઈ દળ, લશ્કર અને ભારે જોખમો સામે માનવલોહી વહેવડાવવાનો કંઈ અર્થ ન હતો. આ બધું લક્ષમાં લીધા બાદ પ્રધાનમંડળે રાજીનામું આપવાનો નિર્ણય લીધો અને રાજ્યની તેઓની જવાબદારી રાજ્યકર્તાના હાથમાં મૂકી દેવાનો નિર્ણય લીધો છે. આ નમ્ર વિનંતીપત્ર જોકે મોડો આપવામાં આવ્યો છતાં નિઝામે સ્વીકાર્યો છે અને તેણે રાજ્યની પૂરી જવાબદારી પોતાના હાથમાં લીધી છે. આવતી કાલ (શિનવાર)થી રાજ્યનું સંચાલન સંભાળવા નવું પ્રધાનમંડળ રચવામાં આવશે.'

આ રેડિયો પ્રારણ સાથે ભારતને વેરવિખેર કરવા પ્રયત્ન કરનાર પણ નિષ્ફળ જનાર ઈત્તેહાદના માણસો અને લાયક અલીએ 'ખુદાહાફિઝ' કહી તખતા પરથી વિદાય લીધી.

હવે નિઝામનો સંદેશો નવી દિલ્હી કેવી રીતે પહોંચાડવો તે મુશ્કેલી ઊભી થઈ, કારણ કે છેલ્લા પાંચ દિવસથી હૈદરાબાદ અને દિલ્હી વચ્ચેનો સંદેશાવ્યવહાર કપાઈ ગયો હતો. દક્ષિણ સદનમાં પડેલો મારો વાયરલેસ સેટ કામ કરવાની સ્થિતિમાં હશે કે કેમ તેની મને શંકા હતી. મને એક કાર આપવામાં આવી. મેડોઝ બારાક્સમાંથી ઑપરેટરને બોલાવવામાં આવ્યો. મેજર સિંહ અને ઑપરેટર સાથે હું દક્ષિણ સદન ગયો.

હૈદરાબાદ અને સિકંદરાબાદના જે રસ્તાઓ પરથી અમે પસાર થયા તે બધા જ નિર્જન હતા. દક્ષિણ સદન પણ સૂમસામ હતું. કારણ કે ત્યાં ફરજ પર રાખેલા નિઝામના ગાર્ડઝ પલાયન થઈ ગયા હતા. ઘરને અને વાયરલેસ રૂમને તાળાં દીધેલાં હતાં તેથી એક દરવાજો તોડીને અમે અંદર દાખલ થયા. બધા ઓરડા અસ્તવ્યસ્ત હતા. પડદા ફાડી નાખ્યા હતા. ફર્નિચર અને ફોટોગ્રાફસ તોડી નાખ્યા હતા. ઘરને કબજામાં રાખનાર સૈનિકોનાં વાસણકૂસણ અસ્તવ્યસ્ત પડ્યાં હતાં. એમ લાગ્યું કે લાયક અલી પ્રધાનમંડળના રાજીનામા વિશે જાણ્યું કે તરત જ બધું પાછળ છોડીને તેઓ નાસી ગયા હતા.

વાયરલેસ રૂમને તોડીને અંદર ગયા. રાજાજી અને પંડિતજીને નિઝામનો સંદેશો નવી દિલ્હી મોકલવા ઑપરેટરે દિલ્હી સાથે સંપર્ક સાધવા પ્રયત્ન કર્યો.

સખત તાવ હોવા છતાં પ્રસંગના ઉત્સાહમાં હું ટકી રહ્યો હતો.

થોડા સમયમાં જ હૈદરાબાદમાં ભારતના એજન્ટ-જનરલ તરીકેની મારી પૂરી કારકિર્દી દરમિયાન પહેલી વખત હિઝ હાઈનેસ નિઝામનો વ્યક્તિગત કાગળ મને મળ્યો. તેમાં લખ્યું હતુંઃ

'વહાલા મિ. મુનશી,

તમે આવી શકો તો સાંજે ચાર વાગ્યે કોઠી પર તમને મળવાનો આનંદ થશે. તમે આવી શકશો કે નહિ તે જણાવવા મહેરબાની કરશો?'

સાંજે ચાર વાગ્યે હું કિંગ કોઠી પહોંચ્યો ત્યારે નિઝામ તદ્દન એકલી પડી ગયેલી વ્યક્તિની છબી જેવા લાગતા હતા. તેના જ્ઞાનતંતુઓ તદ્દન નબળા બની ગયા હોય તેવું લાગ્યું. તેણે મને કહ્યું કે 'ગીધડાઓએ રાજીનામું આપી દીધું છે અને હવે શું કરવું તે મને

સૂઝતું નથી.' લાયક અલી પ્રધાનમંડળે આપેલા રાજીનામાની નકલ ધ્રૂજતા હાથે તેણે મને આપી.

દરમિયાન મારી પહેલી ચિંતા હૈદરાબાદના નિઃશસ્ત્ર નાગરિકો અંગે હતી. શહેરમાં હજુ હજારો શસ્ત્રધારી રઝાકારો ઘૂમતા હતા. કાસીમ રઝવીએ તેઓને ૬,૦૦૦ રાઈફલો આપી હતી અને સાથે સૂચના પણ આપી હતી કે ગાંડાતૂર બનીને શક્ય હોય તેટલા હિંદુઓને વીણી વીણીને મારો.

મેં કહ્યું. 'હૈદરાબાદમાં અત્યારે કોઈનું શાસન નથી તેની આપ નામદારે નોંધ લેવી ઘટે. હું હૈદરાબાદ અને સિકંદરાબાદના રસ્તાઓ પરથી પસાર થયો છું અને સૈનિકો તથા પોલીસો બંને અદૃશ્ય થઈ ગયા છે. દક્ષિણ સદનમાં મૂકેલા ગાર્ડ્ઝ પણ નાસી ગયા છે. મેજર-જનરલ ચૌધરીને હૈદરાબાદ પહોંચતાં કદાચ એક કે વધુ દિવસો નીકળી જાય. આજુબાજુના વિસ્તારોમાં ભારે સુરંગો ગોઠવેલી છે. તે દરમિયાન આપ નામદારે નજરલ ઍન્ડ્રુઝને શહેરમાં કાયદો અને વ્યવસ્થા જાળવવાનું કહેવું જોઈએ. જો તે તાત્કાલિક ફરજ નહિ સંભાળે તો શહેરમાં હિંસા ફાટી નીકળશે અને ઘણા નિર્દોષ માણસોની કત્લેઆમ થશે.'

નિઝામે જનરલ ઍન્ડ્રુઝને તરત જ બોલાવ્યા. તે આવ્યા ત્યાં સુધી અમે બંને એકબીજાની સામે જોતા બેઠા રહ્યા. અલ્લા હઝરતના હોઠ બધો જ સમય અસ્વસ્થતાભર્યા ઝટકા સાથે ખેંચાતા રહ્યા. જનરલ ઍન્ડ્રુઝ આવ્યા એટલે મેં તેઓને શહેરમાં કાયદોવ્યવસ્થા જળવાઈ રહે તેની જરૂરિયાત સમજાવી. નિઝામે પણ તેનું મંતવ્ય દર્શાવ્યું. ઍન્ડ્રુઝે જવાબ આપ્યો કે આ પરિસ્થિતિમાં શહેરનો કબજો કમાનડર સંભાળી લે તે યોગ્ય ગણાય અને જ્યારે મેજર-જનરલ ચૌધરી આવે ત્યારે તેને કબજો સોંપી દે. તેથી ઍન્ડ્રુઝને શહેરનો કબજો સંભાળી વ્યવસ્થા જાળવવાનો હુકમ તરત આપવામાં આવ્યો.

નિઝામે કહ્યું, 'હું સર મિરઝા માટે ચાર્ટર્ડ પ્લેન મોકલું છું. તેણે આવીને સરકાર ચલાવવી જોઈએ.'

મેં કહ્યું, 'મને હજુ સુધી મારી સરકાર તરફથી કોઈ સંદેશો મળ્યો નથી. સર મિરઝા સરકારનો હવાલો સંભાળે તે સાથે તેઓ સંમત થશે કે નહિ તે હું જાણતો નથી, પરંતુ વહીવટ ચલાવવા માટે કંઈક ગોઠવણ તો કરવી જોઈએ. જેથી નિર્દોષ માણસોના લોહી ન રેડાય.'

'હું ઍન્ડ્રુઝ અને દીન યાર જંગને આ દરમિયાન સરકાર ચલાવવાનું કહીશ,' નિઝામનો જવાબ હતો.

જે માણસોમાં મને વિશ્વાસ ન હતો, તેવા આ બે માણસોના હાથમાં લાખો નિર્દોષ હિંદુઓનું ભાવિ મુકાય તે વિચાર મને ગમ્યો નહિ. હજુ હમણાં સુધી ઍન્ડ્રુઝે ઇત્તાહાદ ચળવળને સાથ આપ્યો હતો અને છેલ્લા થોડા દિવસો બાદ કરતાં દીન યાર જંગ ઇત્તેહાદના શાસક જૂથ સાથે નજીકથી સંકળાયેલો રહ્યો હતો. કોઈ વિશ્વાસપાત્ર હિંદુને તેઓ સાથે ન મૂકવામાં આવે તો આવતા ૪૮ કલાકમાં અનેક નિર્દોષ લોકોની કતલ થાય.

મેં કહ્યું, 'તમે ગમે તે પ્રધાનમંડળ મૂકો, હવે પછી તે રિયાસતી ખાતાની સલાહ લઈને જ મુકાવું જોઈએ અને મેજર-જનરલ ચૌધરી આવ્યા બાદ જ તે શક્ય બની શકે તથા હૈદરાબાદ અને દિલ્હી વચ્ચે સંપૂર્ણ સંદેશાવ્યવહાર પુનઃસ્થપાયા પછી જ શક્ય બને. તે દરમિયાન લોકોનો વિશ્વાસ મેળવવા માટે ઍન્ડ્રુઝ અને દીન યાર જંગ સાથે હિંદુઓને જોડવા જોઈએ.'

નિઝામે પૂછ્યું, 'તમે તેઓ સાથે કોણ જોડાય તેમ ઇચ્છો છો?'

હું રામાચાર અને પન્નાલાલ પિટ્ટી હૈદરાબાદના હિંદુઓનો વિશ્વાસ ધરાવતા હતા તે જાણતો હતો તેથી મેં તેઓનાં નામ સૂચવ્યાં.

તે કટોકટીના સમયમાં પણ નિઝામની ચતુરાઈ તેને છોડી ગઈ ન હતીઃ 'અબ્દુલ હસન સૈયદ અલી જેવી જાહેર મુસ્લિમ વ્યક્તિનું નામ શા માટે ન ઉમેરવું?'

હું અબ્દુલ હસન સૈયદ અલીને સારી રીતે જાણતો હતો. તે ઉદાર મનવાળો મુસ્લિમ હતો અને રાજ્યની પ્રિવી કાઉન્સિલના પ્રમુખનું પદ સંભાળી રહ્યો હતો. હું સંમત થયો. મારા કહેવાથી પ્રિન્સ ઑફ બેરરની ચૅરમેન તરીકે નિમણૂક કરવામાં આવી.

આપણું લશ્કર આવે ત્યાં સુધી હિંદુ અને મુસ્લિમોની આ સંયુક્ત કમિટી શહેર પર નિયંત્રણ રાખે.

આ દરમિયાન પેરિસમાં સલામતી સમિતિની મિટિંગ મળી રહી હતી અને મોઈ નવાઝ ભારત વિરુદ્ધ હૈદરાબાદનો કેસ લડી રહ્યા હતા, તેથી મેં નિઝામને સલાહ આપી કે તેણે રેડિયો પર ભાષણ આપીને દુનિયાને જણાવવું જોઈએ કે તેણે ભારતે લીધેલા પોલીસપગલાંને આવકાર્યું છે, રાજ્યમાં કાયદોવ્યવસ્થા

જાળવવામાં તેને મદદ કરવા માટે કેન્દ્ર સરકારના સૈનિકોને હૈદરાબાદમાં આવવાનું આમંત્રણ આપ્યું છે અને લાયક અલી પ્રધાનમંડળે સલામતી સમિતિમાં હૈદરાબાદ વિશે કરેલી રજૂઆતને તે પાછી ખેંચી લે છે.

નિઝામે પોતે જ મારી સલાહ માગી હતી અને તે સ્વીકારી પણ હતી તેથી તેઓ પોતે જ શરણે થયાનું દુનિયા સમક્ષ જાહેર કરે તે મને યોગ્ય લાગ્યું, પરંતુ મને લાગ્યું કે તેણે અત્યાર સુધી કદી રેડિયો સ્ટેશન પણ જોયું ન હતું.

તેણે મને પૂછ્યું, 'તમે રેડિયો પર કેવી રીતે બોલો?'

મેં કહ્યું, 'તે ઘણું જ સહેલું છે. બોલનારે ફક્ત માઈક સામે રાખીને બોલવાનું હોય છે.'

તેની વિનંતી માન્ય રાખીને તેનું ભાષણ પૂરું થયા પછી થોડા શબ્દો મેં પણ બોલવાનું કબૂલ કર્યું. પછી તેનો સંદેશો તૈયાર કર્યો અને મેં મંજૂર કર્યો. મારી મદદ માટે આભાર વ્યક્ત કરતું એક વાક્ય તેણે ઉમેર્યું.

કિંગ કોઠી પરથી હું લાયક અલીને મળવા શાહ મંજિલ ગયો. તેણે મારા તરફ બતાવેલી સદ્‌ભાવના બદલ મારે તેના પ્રત્યે આટલો વિવેક તો બતાવવો જ જોઈએ. તેનો ચહેરો પડી ગયો હતો. હું તેના વકીલ તરીકે પહેલી વખત તેને મળ્યો હતો. તેવી જ મૈત્રીભાવના સાથે અમે જુદા પડ્યા.

ત્યાર બાદ જનરલ ઍન્ડ્રુઝ સાથે મિટિંગ કરી. મને ખબર હતી કે હૈદરાબાદની આસપાસ સુરંગો ગોઠવેલી હતી. મેં તેને આ સુરંગો દૂર કરવાની સૂચના આપી.

લશ્કરી વિધિ વિશે હું જાણતો ન હતો તેથી મેજર જનરલ ચૌધરીને કેવી રીતે આવકાર આપવો તે હું જાણતો ન હતો. નવી દિલ્હીથી કોઈ સૂચના મળી શકવાનો પણ સંભવ ન હતો. હૈદરાબાદના કમાન્ડ ઈન ચીફ બેરરના પ્રિન્સ સાથે એલ ઍન્ડ્રુઝે જવું અને શરણાગતિ સ્વીકારવી એમ અમે નિર્ણય લીધો. અમે પ્રિન્સનો સંપર્ક સાધ્યો. હું જો તેની સાથે જાઉં તો તેઓ તેમ કરવા રાજી હતા. મેં જનરલ રાજેન્દ્રસિંહજીને વાયરલેસ પર અમારા નિર્ણયની જાણ કરી.

જનરલ ઍન્ડ્રુઝની મુલાકાત લીધા બાદ હું સીધો રેડિયો સ્ટેશન પર ગયો અને મારે પોતે બોલવાનું ભાષણ લખ્યું – નિઝામે રેડિયો પર બોલવાનું શરૂ કર્યું ત્યારે પહેલાં તો કેમ બોલવું તેની તેમને સમજ ન પડી અને પછી ગૂંચવાયા. તેનો અવાજ ધ્રૂજવા લાગ્યો. તેણે તૈયાર કરેલા ભાષણને બાજુએ રાખીને તેણે મને સંબોધન કર્યું, 'કે.એમ. સાહેબ મુનશીસાહેબ' ત્યાર બાદ ભાષણ શરૂ કર્યુંઃ

'મારા વહાલા લોકો, મને જણાવતાં ખૂબ જ આનંદ થાય છે કે મેં આજે ભારતના ગવર્નર જનરલ હિઝ એક્સેલન્સી મિ. રાજગોપાલાચારીને નીચેનો સંદેશો મોકલ્યો છેઃ

મારી સરકારે રાજીનામું આપ્યું છે અને રાજકીય પરિસ્થિતિને મારી નજર નીચે લેવાનું કહ્યું છે. આના જવાબમાં મેં કહ્યું છે કે મને દિલગીરી થાય છે કે આ પગલું વહેલું ન લેવાયું અને આ કટોકટીની પળે મારા માટે કશું કરવાનું શક્ય ન હતું. જોકે મેં મારા સૈનિકોને સીઝ ફાયર કરવા કહ્યું છે અને રઝાકારો પર પ્રતિબંધ પણ મૂક્યો છે. આવતી કાલે ભારત સંઘને બોલારમ્ અને સિકંદરાબાદનો કબજો લેવા કહ્યું છે. વધુમાં મને પ્રાઈમ મિનિસ્ટર અને નિયમિત પ્રધાનમંડળની નિયુક્તિ કરવાની તક મળે ત્યાં સુધી હું નીચે જણાવેલી કમિટી નીમું છું. હિઝ હાઈનેસ ધી પ્રિન્સ ઑફ બેરર, કમાન્ડર-ઈન-ચીફ, મેજર-જનરલ એલ ઍન્ડ્રુઝ, કમાન્ડર, નવાદ દીન યાર જંગ, કમિશનર ઑફ પોલીસ, મિ. રામાચાર, ભૂતપૂર્વ પ્રધાન મિ. અબ્દુલ હસન સૈયદ અલી, ઈત્તેહાદ-અલ-મુસલમીનના ભૂતપૂર્વ પ્રમુખ અને મિ. પન્નાલાલ.

સર મિરઝા ઈસ્માઈલ, નવાબ ઝૈન યાર જંગ અને મિ. આરાવામુડુ આયંગરને સંદેશવ્યવહાર ફરીથી શરૂ થતાં જ હું બોલાવી રહ્યો છું અને પ્રધાનમંડળના રાજીનામાને કારણે ઊભી થયેલી પરિસ્થિતિને પહોંચી વળવા તેઓ સાથે વિચારવિમર્શ કરવાની તક મેળવીશ.

રાજ્ય કૉંગ્રેસના પ્રમુખ સ્વામી રામાનંદ તીર્થને તાત્કાલિક છોડી મૂકવાના આદેશો મેં આપી દીધા છે. મને ખાતરી છે કે તેઓ આ કટોકટીમાં હૈદરાબાદને મદદ કરશે. સ્ટેટ પીપલ્સ કૉંગ્રેસની મધ્યસ્થ પગલાં સમિતિના સભ્યો સામે છોડેલા હુકમો અને વૉરન્ટ્સ રદ કરવાના હુકમો પણ મેં આપ્યા છે.

ભારતના એજન્ટ-જનરલ મારા મિત્ર મિ. કે.એમ. મુનશી સાથે પણ મેં સલાહમશવરા કરી છે. આ પ્રસંગે તેણે કરેલી મદદ માટે આભાર માનવાની હું તક લઉં છું.

નાતજાતના કોઈ ભેદ વિના હું મારા સમસ્ત વહાલા લોકોને શાંતિ અને ધીરજ રાખવાની અપીલ કરું છું. હૈદરાબાદમાં એક વખત કાયદો અને વ્યવસ્થા તથા શાંતિ પુનઃ સ્થાપિત થાય ત્યાર બાદ ભારત સરકાર સાથે વ્યવસ્થા ગોઠવવામાં મુશ્કેલી ઊભી નહિ થાય તેની મને ખાતરી છે. મારા લોકોનું કલ્યાણ એ જ મારી ચિંતા છે અને તેઓ જરૂર ભારતના અન્ય લોકોની સાથે શાંતિ અને એકતા સાધી રહી શકશે તેની મને ખાતરી છે.

મારા જૂના પ્રધાનમંડળના પ્રતિનિધિઓને હૈદરાબાદ વતી સલામતી સમિતિમાં કરેલી અપીલને હવે આગળ નહિ વધારવાનો હુકમ પણ મેં આપ્યો છે, કારણ કે હવે હું ભારત સાથે મૈત્રીનું નવું પ્રકરણ ઉઘાડી રહ્યો છું.

નાતજાતના ભેદભાવ વિના મારા લોકોની સંભાળ લેવી તે અસફશાહી વંશની ઉત્તમ નીતિરીતિને હું જાળવી રાખવાનો પ્રયત્ન કરીશ તેવી ખાતરી મારા લોકોને આપવાની જરૂર હું જોતો નથી.'

ત્યાર પછી મેં મારું ભાષણ વાંચ્યું જે નીચે મુજબ છેઃ

'હિઝ હાઈનેસના કહેવાથી હું નિઝામના રેડિયો પરથી બોલી રહ્યો છું. આ ક્ષણે સંદેશવ્યવહારનાં અન્ય કોઈ સાધનો લભ્ય ન હોવાથી આ તક હું લઉં છું. ગઈ કાલે રાત્રે મારો સંપર્ક સાધવામાં આવ્યો હતો અને મેં હિઝ હાઈનેસને હૈદરાબાદમાં કાયદો અને વ્યવસ્થાની પુનઃસ્થાપના માટે મારી સરકાર પોલીસપગલું લઈ રહી હતી તેનો હેતુ અને અર્થ સમજાવ્યો. મને કહેતાં આનંદ થાય છે કે હિઝ હાઈનેસે આ પગલાંને બિરદાવ્યું છે અને આજે સવારે સીઝ ફાયરનો હુકમ આપ્યો છે. હિઝ હાઈનેસે મોકલેલો સંદેશો મેં સી. રાજગોપાલાચારીને પાઠવ્યો છે.

હું ખાસ કરીને હૈદરાબાદના લોકોને કહેવા માગું છું કે તેઓનું ભાવિ ભારતના લોકો સાથે જોડાયેલું છે. આપણે બધા એક જ લોકો છીએ અને આપણને કોઈ જુદા પાડી શકે નહિ. આપણે બધાએ હિઝ હાઈનેસનો શબ્દસમૂહ વાપરીને કહું તો પરસ્પર સંકળાયેલી એકતાથી રહેવું જોઈએ. જેથી મુક્ત ભારત જીવનના દરેક ક્ષેત્રમાં મહાન બની શકે. હું તમને એક ખાતરી આપી શકું જે ખાતરી આપણા વડાપ્રધાન પંડિત જવાહરલાલ નેહરુએ વારંવાર આપી છેઃ ભારત બિનમઝહબી દેશ છે. તે ધર્મ કે જાતિના ભેદમાં માનતો નથી. દરેક વ્યક્તિને નાગરિકતાના પૂરા હકો તે આપે છે. હિન્દુ કે મુસ્લિમ કોઈએ પણ કશો ભય સેવવાની જરૂર નથી. હું લોકોને ભયભીત નહિ બનવાની વિનંતી કરું છું. ભારતના સૈનિકોનો પ્રવેશ મૈત્રીભાવના સાથે થશે. કાયદો અને વ્યવસ્થાનો ભંગ સહન કરવામાં નહિ આવે અને કોઈ પણ શાંત નાગરિકને ત્રાસ આપવામાં નહિ આવે. ભારતીય સૈન્ય એ મિત્રસૈન્ય છે અને છેલ્લા બાર મહિનાથી ચાલતા ભયંકર ત્રાસમાંથી હૈદરાબાદને છોડાવવા માટે આવે છે. હું હિંદુ અને મુસ્લિમ બંનેને પરસ્પર વિશ્વાસ અને સદ્‌ભાવના સાથે કામ કરવાની અપીલ કરું છું, જેથી હૈદરાબાદ ભારતના એક અંતર્ગત ભાગ તરીકે પોતાનું માનભર્યું સ્થાન મેળવે.'

દક્ષિણ સદન તરફ પાછા ફરતાં મારા રસ્તા પર મેં જોયું કે હૈદરાબાદ અને સિકંદરાબાદની શેરીઓ રાષ્ટ્રીય સૂત્રો પોકારતા હરખાયેલા હિન્દુઓથી ભરચક હતી. કેટલીક શેરીઓમાં રાષ્ટ્રધ્વજ લઈને સરઘસો નીકળ્યાં હતાં. એક કે બે સ્થળે મારે કારમાંથી ઊતરી જઈ તેઓને સંબોધવા પડ્યા અને તેઓને દેખાવો ન કરવા અથવા હિંસા ન આચરવા સલાહ આપવી પડી.

રાત્રે ૮.૧૫ વાગ્યે હું જ્યારે ઘેર પહોંચ્યો ત્યારં પંડિતજીનો સંદેશો મારી રાહ જોઈ રહ્યો હતો.

'તમારે આજે રાત્રે રેડિયો પર પ્રવચન આપવાનું નથી, હું ફરીથી ભારપૂર્વક જણાવું છું કે પ્રવચન આપવાનું નથી. સૂચના મળ્યા વિના અમારા વતી કોઈ પણ બાબતમાં સંમતિ આપવી નહિ.

હૈદરાબાદના લશ્કરે આપણા લશ્કરના કમાન્ડર પાસે વિધિસર શરણાગતિ સ્વીકારવાની રહેશે.

બીજી કોઈ સૂચનાઓ ન મળે ત્યાં સુધી આપણા લશ્કરના કમાન્ડર સામાન્ય વહીવટના ચાર્જમાં રહેશે.

શરણાગતિની વિધિ સ્પષ્ટ રીતે લશ્કરી કાર્યવાહી રહેશે, જેમાં તમે બિલકુલ ભાગ લેશો નહિ અને લશ્કરના સૈનિકો સાથે તમે સિકંદરાબાદમાં પ્રવેશશો નહિ.'

દેખીતી રીતે જ તેઓના પ્રતિનિધિ તરીકે હું લશ્કરી પ્રવૃત્તિમાં સામેલ થાઉં તેવું તેઓ ઇચ્છતા ન હતા. જોકે અત્યારની પળે તો ઊંચા તાવને કારણે અથવા આખો દિવસ પરિશ્રમ ઉઠાવ્યો હતો તેને કારણે સંદેશાના ટોનને લીધે મને ઊંડો આઘાત લાગ્યો. મારા પર જે વીતી હતી તે બાજુએ રાખીએ તોપણ મને એટલું તો

જરૂર લાગ્યું કે આખરીનામા જેવા સૂરમાં સંદેશો ઘડવાને બદલે નીચા ટોનમાં સંદેશો રાખવાને હું લાયક હતો. હું મનમાં ગણગણ્યો 'સેવાધર્મઃ પરમ ગહનો યોગિનામ્ અપિ અગમ્યઃ' 'સારી રીતે સેવા કરવી તે અતિ મુશ્કેલ કામ છે, યોગીઓ માટે પણ તે મુશ્કેલ છે.'

મેં નીચે મુજબ જવાબ આપ્યોઃ

'મેં રેડિયો પર પ્રવચન આપી દીધા બાદ તમારો વાયરલેસ સંદેશો મળ્યો. મેં કોઈ પણ બાબતમાં સંમતિ આપી નથી. કોઈ વાતમાં બંધાયો નથી. મને લાગેવળગે છે ત્યાં સુધી અત્યાર સુધી ગોઠવેલી વ્યવસ્થા રદ કરું છું અને તમારી સૂચનાઓ અમલમાં મૂકું છું. સરતચૂકથી કઈ ભૂલ થઈ ગઈ હોય તો આશા રાખું છું કે આપ મને માફ કરશો.'

આ દરમિયાન સ્વામી રામાનંદ તીર્થને છોડવામાં આવ્યા. મને તેના જીવન પર જોખમ લટકતું દેખાતું હતું, કારણ કે રઝાકારો હજુ ઘૂમી રહ્યા હતા તેથી મેં તેને મારી સાથે આવીને રહેવા કહ્યું.

તે સમયે મને ગંધ આવી હતી અને પાછળથી મને જાણવા પણ મળ્યું કે તે ત્રણ નિર્ણાયક દિવસોમાં હૈદરાબાદમાં મેં જે કંઈ કર્યું હતું તેની સાથે નવી દિલ્હીનું અમુક વર્તુળ સહમત ન હતું. મારા પગલાંને ખૂબ જ મુશ્કેલ પરિસ્થિતિમાંથી નિઝામને ઉગારી લેવાનાં પગલાં તરીકે ખપાવવામાં આવ્યું. એમ કહેવાતું હતું કે જૂની સત્તાને બરતરફ કરવાનું તેને માટે સરળ બનાવી લશ્કરના આગમન માટે પૂર્વતૈયારી કરવાની તક મેં પૂરી પાડી હતી. નિઝામ સાથે અને પરિસ્થિતિ સાથે તેઓને યોગ્ય લાગે તે રીતે મુકાબલો કરવાના ભારત સરકારના સ્વાતંત્ર્ય સાથે મેં સમજાવટ કરી હતી. પરિસ્થિતિ લશ્કરે સંભાળવાની હતી અને તેમાં દરમિયાનગીરી કરવાનો મને અધિકાર ન હતો.

પરંતુ આવો વિચાર કરનારા નવી દિલ્હીમાં બેઠેલાઓને હું કઈ સ્થિતિમાં મુકાયેલો હતો તેનો ખૂબ જ ઓછો ખ્યાલ હતો. હું દુનિયાથી બિલકુલ કપાઈ ગયેલો હતો, જાણે કે પહોંચી ન શકાય તેવા કોઈ નિર્જન ટાપુ પર હું હતો. હૈદરાબાદમાં કોઈ સત્તા કામ કરતી ન હતી. રઝવીએ પોતાના અનુયાયીઓને હથિયારો વહેંચ્યાં હતાં અને હૈદરાબાદમાં લશ્કર આવી પહોંચે તો બેફામ ખૂનરેજી ચલાવવાના આદેશો આપ્યા હતા. લશ્કર ક્યારે આવશે તે કોઈ જાણતું ન હતું, કારણ કે શહેરની આસપાસ માઈલો સુધી સુરંગો ગોઠવવામાં આવી હતી. જો હૈદરાબાદને બળ વડે કબજે લેવામાં આવે તો અનેક નિર્દોષ લોકોનું લોહી વહે.

હૈદરાબાદનો પ્રશ્ન સલામતી સમિતિ ચર્ચા માટે હાથ ધરવાની હતી. નિઝામને સલાહ આપવાની મેં ના પાડી હોત તો સ્વૈચ્છિક રીતે તે શરણે આવ્યો તે લાભ ભારત સરકારને મળ્યો તે ન મળ્યો હોત. જંગાલિયત, અચોક્કસતા અને અરાજકતા આવ્યાં હોત. હૈદરાબાદમાં લશ્કરના પ્રવેશ સાથે રઝવીના માણસો દ્વારા નિર્દોષોની સામૂહિક કત્લેઆમ અનિવાર્ય બની હોત, હૈદરાબાદના લોકોના બચાવનું કાર્ય લશ્કરી વિજયમાં પરિણમ્યું હોત અને શહીદીનો તાજ જે બહાદુરશાહે પહેર્યો હતો તેવો દાવો કરવામાં આવે છે, તેવો જ તાજ નિઝામના શિરે આવ્યો હોત.

આ પરિસ્થિતિમાં નિઝામ પોતે જ ભારતીય સૈન્યને આમંત્રણ આપે એવી પરિસ્થિતિ ઊભી કરવાની મેં ફરજ સમજી હતી, જેથી ભારતીય સત્તા જ્યારે રંગમંચ પર આવે ત્યારે તે રાજ્યનો શાંતિપૂર્વક કબજો લઈ શકે.

સલામતી સમિતિ સમક્ષ કહેવાતા હૈદરાબાદ પ્રતિનિધિમંડળે એવો મુદ્દો રજૂ કર્યો હતો કે નિઝામે જ્યારે રેડિયો પર પ્રવચન આપ્યું ત્યારે તે ભારતીય લશ્કરના હાથમાં ફક્ત કેદી હતો. સત્યથી વેગળું આનાથી બીજું કશું હોઈ શકે નહિ. તે સમયે મેજર જનરલ ચૌધરી હૈદરાબાદથી લગભગ ચાલીસ માઈલ દૂર હતા. વાસ્તવમાં હું તે વખતે નિઝામનો કેદી હતો અને રઝવીની દયા પર નિર્ભર હતો. હું તદ્દન એકલો પડી ગયો હતો, કોઈની મદદ કે સલાહ મળી શકે તેમ નહોતું. નિઝામે શરણે જવાની સલાહ માંગી હતી એટલે મેં તેને સલાહ આપી હતી, તેની વિનંતીથી જ તેનું રેડિયો માટેનું ભાષણ સુધારી આપ્યું હતું, તેના કહેવાથી જ પોતે પણ રેડિયો પર ભાષણ આપ્યું અને તે પણ એની પાસે રેડિયો પર જાહેરાત કરાવવાની કિંમત રૂપે. આમ કરવાથી મને લાગ્યું કે સલામતી સમિતિ સમક્ષ ભારતની સ્થિતિ સબળ બની શકશે અને ખરેખર તેમ થયું.

જનરલ એલ ઍન્ડ્રુઝે રઝવી રહેતો હતો તે ઘરની આજુબાજુ તરત જ રક્ષકો ગોઠવી દીધા. તેણે કોઈ વિરોધ કર્યો નહિ. અત્યારની પળે તો તેનામાંથી હવા નીકળી ગઈ.

('એક યુગનો અંત' – સંસ્મરણો હૈદરાબાદનાં,
રૂપાંતરકારઃ હિંમતભાઈ મહેતા, ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય,
અમદાવાદ, પ્ર.આ. ૨૦૦૧)

*// વ્યાખ્યાન //*

# ઇતિહાસ : દૃષ્ટિ અને સૃષ્ટિ

**ઉર્વીશ કોઠારી**

ઇતિહાસ જેવા વિવાદાસ્પદ અને વિવાદ સર્જવાની ક્ષમતા ધરાવતા વિષયો ભાગ્યે જ બીજા હશે. ધર્મની જેમ ઇતિહાસ સાથે પણ વ્યક્તિનો પનારો સાવ કાચી વયથી પડે છે. એટલે ઇતિહાસ સાથે સંકળાયેલા લોકોની જવાબદારી ઘણી વધી જાય છે.

ભારતમાં પહેલેથી સરકારી ઇતિહાસનો રિવાજ રહ્યો છે. આઝાદી પછી લાંબા સમય સુધી ઇતિહાસનું કોંગ્રેસી રૂપ ચલણી રહ્યું. તેમાં કોંગ્રેસની આગેવાની હેઠળના સ્વાતંત્ર્યસંગ્રામનો ભારે અને બીજાં સમાંતર પરિબળોનો નહીંવત્ અથવા સાવ ઓછો ઉલ્લેખ-મહિમા થયાં. ઇતિહાસ સાથે સગવડ-સ્વાર્થ-અનુકૂળતા પ્રમાણેની છેડછાડ દ્વારા ખોટી છબીઓ ઊભી કરી શકાય છે, સંકુલતાઓ કોરાણે મૂકીને આખાંને આખાં કાળાં કે ધોળાં વ્યક્તિત્વો ચીતરી શકાય છે, પ્રમાણભાન ચૂકીને સ્વાર્થ અથવા એજેન્ડા સાધી શકાય છે અને આ બધી કવાયતોનો સાંપ્રત રાજકારણમાં પોતાના સ્વાર્થ ખાતર ઉપયોગ પણ કરી શકાય છે. એટલે ઇતિહાસના અભ્યાસીઓ તેમના કામને હળવાશથી લઇ શકે નહીં. ઇતિહાસ ભણાવવો જોઇએ કે નહીં એવી પણ એક ચર્ચા ચાલે છે. પરંતુ મારી ભૂમિકા ઔપચારિક રીતે ઇતિહાસનો અભ્યાસ કર્યા વિના, ફક્ત રસથી એ વિષય તરફ જનારની છે. એટલે એ ચર્ચામાં જતો નથી.

ઇતિહાસના પ્રેમી અને વાચક તરીકે એક મુદ્દો ઇતિહાસના 'હ્યુમનાઇઝેશન'નો લાગે છે. ઇતિહાસમાં દેવતાઓ ઊભા કરવાની જરૂર હોતી નથી. મહાન વ્યક્તિત્વોને તેમની બધી મહાનતા સાથે માણસ રહેવા દઇએ, એમાં જ એમનું અને પ્રજા તરીકે આપણું હિત છે. ઇતિહાસનાં પાત્રોને હીરો અને વિલન, એમ બે ચોખ્ખાં વિભાજનમાં વહેંચવાનો રિવાજ છે. આવાં આત્યંતિક વિભાજન રાજકીય દૃષ્ટિએ બહુ અનુકૂળ પડે છે. કોઇ પણ નેતાના વ્યક્તિત્વની સંકુલતાઓ કે તેના સમગ્ર સ્વભાવપટમાં પથરાયેલી વિવિધતાઓ તપાસવાનું અને તેમને પ્રમાણભાન સાથે દર્શાવવાનું કામ કપરું છે. એ કરનાર અને એને વાંચનાર બન્નેને તેમાં અસુખ પડે છે. ગાંધી, સરદાર, નેહરુ, સુભાષ, ઝીણાથી માંડીને બીજી અનેક નજીકના ભૂતકાળની હસ્તીઓ વિશે જોવા મળતાં મોટા ભાગનાં લોકપ્રિય મૂલ્યાંકન એકાંગી - અને અન્યાય કરનારાં હોય છે. ગાંધીજીની મર્યાદાઓ કે ઝીણાની સારપ હોઇ જ ન શકે, એવાં ચિત્રણો જ સ્વીકાર્ય અને લોકપ્રિય બને છે.

ગાંધીજીના બ્રહ્મચર્ય વિશેના ખ્યાલો કે હરિલાલ સાથેના તેમના સંબંધોની ટીકાનો આખો કુટિરઉદ્યોગ ચાલ્યો છે. આ બાબતો સ્વતંત્ર રીતે ગમે તેટલી ટીકાને પાત્ર હોય તો પણ, એ ટીકા કરતી વખતે વ્યક્તિના સમગ્ર વ્યક્તિત્વ અને પ્રદાનમાં તેનું પ્રમાણ ભૂલાવું જોઇએ નહીં. ગાંધીજી વિરુદ્ધ હરિલાલની નવલકથા કે નાટક આ પ્રકારનું પ્રમાણભાન ચૂકાઇ જવાના ઉત્તમ નમૂના છે. તે વ્યાવસાયિક રીતે સફળ બને છે, પણ તેમાં ચિતરાયેલા 'ખલનાયક'ને ભારે અન્યાય કરનારાં નીવડે છે. ઇતિહાસના અભ્યાસીઓનું કામ પ્રમાણભાનમાં થયેલી આવી ચૂકોને ઉઘાડી પાડવાનું હોય. એને બદલે થોડા સમય પહેલાં મનુબહેનની ડાયરીની 'અજાણી વિગતો' બહાર લાવવાના બહાને સનસનાટી ફેલાવવા જેવા પ્રયાસ થાય ત્યારે ઇતિહાસની કે ઇતિહાસના પ્રેમીઓની સેવા થતી નથી. ઇતિહાસના નામે કેવળ અપરસ સંતોષવાનું કામ થાય છે. ગાંધીજી કે બીજી કોઇ પણ હસ્તી ટીકાને પાત્ર હોઇ શકે. પ્રશ્ન એ નથી. પરંતુ 'ઇન્ડિયા ટુડે' જેવા સામયિકમાં છાપવામાં આવેલા મનુબહેનની ડાયરીના અંશોમાંથી યેનકેનપ્રકારે ગાંધીજીનાં પૌત્રીની ઉંમરનાં મનુબહેન સાથે નગ્ન સુવાના બહુચર્ચિત પ્રયોગોનો મુદ્દો ફરી ઉછાળવામાં આવ્યો. તેમાં ગાંધીજી વિશેની પ્રવર્તમાન સમજણમાં જરાસરખો પણ વધારો કરે એવું કશું ન હતું. તેની એક વિગતમાંથી એવું ફલિત કરવામાં આવ્યું હતું કે ગાંધીજી સાથે નગ્ન શયનના પ્રયોગને કારણે મનુબહેન આજીવન માનસિક રીતે વિક્ષિપ્ત અવસ્થામાં રહ્યાં. તેની સાથે એ ઉલ્લેખ કંઇ નહીં તો કેવળ શક્યતા લેખે પણ સાવ નજરઅંદાજ કરવામાં આવ્યો કે ટીનએજર મનુબહેન જેમના પ્રત્યે અનન્ય પૂજ્યભાવ ધરાવતાં હોય એવા ગાંધીજી તેમના ખભે હાથ મૂકીને ચાલતા હોય ત્યારે જ, મનુબહેનની નજર સામે ગાંધીજી પર ત્રણ ગોળી છોડવામાં આવે અને ગાંધીજી લોહીના ખાબોચિયામાં ઢળી પડે, તો આ ઘટનાની મનુબહેનના ચિત્ત પર કોઇ અસર હોઇ શકે કે નહીં. આ પ્રકારના 'ઇતિહાસલેખન'ને કારણે

ઇતિહાસ વિવાદના બીજા નામ તરીકે વગોવાય છે. ઇતિહાસકારનો કે ઇતિહાસના અભ્યાસીનો રસ કેવળ અજાણી માહિતી ઉલેચવાથી કે દેખીતી સનસનાટીથી આગળ વધીને, વ્યાપક પરિપ્રેક્ષ્યમાં અર્થઘટનનો હોવો જોઇએ.

સરદાર પટેલ વિશેના જસવંતસિંઘના પુસ્તક અને તેની પર મુકાયેલા પ્રતિબંધ નિમિત્તે જુદા પ્રકારનો અંતિમવાદ જોવા મળ્યો. સરદાર પટેલની શી ટીકા થઇ છે, તે જાણ્યા વિના ઝનૂનથી તેનો વિરોધ થયો. આવું થાય ત્યારે ઇતિહાસના અભ્યાસીઓએ સૌને યાદ અપાવવું જોઇએ કે ગાંધી-સરદાર જેવાં વ્યક્તિત્વોનો ‘બચાવ’ કરવાની જરૂર નથી. તેમનાં પ્રદાન એટલાં નક્કર છે કે મુદ્દાલક્ષી ટીકાઓને તે સહેલાઇથી ખમી શકે અને બાકીની ટીકાઓ સૂરજ સામે ધૂળ ઉડાડવા જેવી નીવડે. અસલી સમસ્યા ઝનૂની ટીકાકારોની અને એવા જ ભક્તોની હોય છે, જેમને પોતાનું હિત સાધી લેવામાં વધારે રસ પડે છે. પ્રસિદ્ધિભૂખ્યા ભક્તો કે રાજકીય પક્ષના પાયદળ દ્વારા થતો બચાવ તો તેમને અકળાવનારો નીવડે. ગાંધીજીના લેલીવેલ્ડે લખેલા પુસ્તક અંગે ભારત સરકારનું વલણ પણ આવું જ ઉભડકીયું હતું. રાજકીય પક્ષો અને તેમના દ્વારા ચાલતી સરકારોને મહાનુભાવોનું અસલી પ્રદાન યાદ રાખવામાં કે યાદ કરાવવામાં કશો રસ હોતો નથી. એને બદલે પ્રતિબંધો ફટકારીને કે પૂતળાં ઊભાં કરીને આદર વ્યક્ત કરવાનું તેમને વધારે ફાવે છે અને અનુકૂળ પણ આવે છે.

કોઇ પણ ઘટનાના દાયકાઓ પછી તેમનો અભ્યાસ કરતી વખતે નેતાઓ પ્રત્યેના પૂજ્યભાવને બાજુ પર રાખીને તથ્યો અને હકીકતોના આધારે વિશ્લેષણ કરવાની સુવિધા હોય છે. એનો બેઝિઝક ઉપયોગ થવો જોઇએ અને એમ કરતી વખતે એ વાતનો પણ ખ્યાલ રહેવો જોઇએ કે જેની વાત થઇ રહી છે એ ઘટના જ્યારે બની એ વખતના બીજા સંજોગો કેવા હતા. ૧૯૪૭ની કોમી હિંસા વખતે સરદાર પટેલે ચોક્કસ સંજોગોમાં કશું કહ્યું હોય, તેને ૧૯૬૯ કે ૨૦૦૨ની કોમી હિંસા માટે કે એન્કાઉન્ટર જેવી પ્રવૃત્તિના બચાવમાં લગાડી શકાય નહીં. રાજકીય પક્ષોના લાભાર્થે આવું કરી આપનારા દુકાનદારોને ઇતિહાસકાર તો ઠીક, ઇતિહાસના પ્રેમી પણ શી રીતે કહેવાય?

(‘સેરલિપ’ના વિદ્યાર્થીઓ સમક્ષ ગુરુપૂર્ણિમા, ૨૨ જુલાઈ ૨૦૧૩ના રોજ આપેલા પ્રવચનના સંપાદિત અંશ)

## લેખ સામગ્રી અને ગ્રંથાવલોકન

ચારુતર વિદ્યામંડળના પ્રતિષ્ઠિત મુખપત્ર ‘વિ-વિદ્યાનગર’ માટે લેખસામગ્રી સહિતની મૌલિક રચનાઓ તંત્રીશ્રીના સરનામે પાઠવવા સાહિત્ય-સાહિત્યેતર ક્ષેત્રના કલમકશો અને સંશોધકોને ભાવભીનું ઈજન છે. આપને ખાસ વિનંતી એ કરવાની કે આપની અન્યત્ર પ્રકાશિત ના થયેલી અથવા ના પાઠવેલી મૌલિક કૃતિનું મૂળ લખાણ જ પાઠવવું અથવા ટાઈપ થયેલી નકલ હોય તો તેની સાથે સાથે પત્રનોંધમાં ‘વિ-વિદ્યાનગરને પાઠવેલી કૃતિ/લેખ અન્ય કોઈ સામયિક/પ્રકાશનમાં પ્રકાશિત થયેલી નથી’ એવી બાંહેધરીની નોંધ અચૂક મૂકવી. આ સિવાયની લેખ/કૃતિ કે અન્ય સામગ્રી પ્રકાશન માટે સ્વીકારવામાં નહીં આવે. ‘વિ-વિદ્યાનગર’માં ગ્રંથાવલોકન ઈચ્છુક પ્રકાશકો-સર્જકોએ નવપ્રકાશિત ગ્રંથની બે નકલ તંત્રીના નામે પાઠવવી અનિવાર્ય છે.

### વાચક પ્રતિભાવ

‘વિ-વિદ્યાનગર’ સામયિક હવે ચારુતર વિદ્યામંડળની વેબસાઈટ www.ecvm.net પર જાન્યુઆરી-૨૦૧૦થી મૂકાય છે. સામયિકના ગ્રાહકો-વાંચકોના પ્રતિભાવો, સૂચનો અને અન્ય પ્રકાશનયોગ્ય સામગ્રી માટે પણ નિયમિત રીતે જગ્યા ફાળવાશે. તમારા પ્રતિભાવો ગુજરાતી, હિંદી કે અંગ્રેજીમાં પાઠવવાની મોકળાશ અનુભવશો.

તમે ઈમેઈલઃ editor.vidyanagar@gmail.com પર પણ પાઠવી શકો છો.

# રૂપજીવિનીઓઃ ઓળખનો ઈતિહાસ

**ભૂમિ દવે**

સામાજિક વિજ્ઞાનોમાં છેવાડાના લોકો કે સમૂહો વિશે અભ્યાસ થાય છે ત્યારે કેટલાંક સમૂહો આ વિચારણામાંથી પણ બાકાત રહે છે. આવો એક સમૂહ રૂપજીવિનીઓનો છે. આજકાલ તેઓ માટે વપરાતો પરંપરાગત 'વેશ્યા' શબ્દ લાંછનરૂપ મનાય છે. તેના સ્થાને અંગ્રેજીમાં ઉપયોગમાં લેવાતો 'Sex Worker' સ્વીકૃત બનતો જાય છે. જો કે 'સેક્સ વર્કર' શબ્દમાં આજીવિકા સૌથી વધુ અભિપ્રેત છે. તેના કારણે આ મહિલાઓના સામાજિક-સાંસ્કૃતિક અને મનોવૈજ્ઞાનિક પાસાંઓ નજરઅંદાજ થવાની શક્યતા છે. વળી, કાનૂનની નજરમાં 'રૂપજીવિનીઓ'ને અસામાજિક તત્ત્વો તરીકે જોવામાં આવે છે. તેને પરિણામે કાયદો અને વ્યવસ્થા તેમજ પોલીસની દરમિયાનગીરી મહત્ત્વની બને છે. આ ઓછું હોય તેમ નારીવાદી લખાણોમાં પણ હજુ આ મહિલાઓને પ્રાધાન્ય મર્યાદિત રીતે મળ્યું છે. આ સંજોગોમાં રૂપજીવિનીઓની સામાજિક ઓળખ અંગેનાં લેખાંજોખાં કરવા આવશ્યક બને છે. આ દિશામાં વર્ષોથી દેશવિદેશોમાં સંશોધન આધારિત અભ્યાસો હાથ ધરાયા છે. વળી, જે તે દેશની સામાજિક પરિસ્થિતિ પણ દેહવ્યાપારના વ્યવસાયને પ્રભાવિત કરે છે. જેમ કે ભારતમાં ધર્મ અને રાજ્યસત્તા સાથે પણ આ વ્યવસાયને ઘરોબો હતો. આ વાસ્તવિકતાને ધ્યાનમાં લઈ પ્રસ્તુત લેખમાં રૂપજીવિની બહેનો કોણ છે એટલે કે તેઓની ઓળખને ઐતિહાસિક પરિપ્રેક્ષ્યમાં તપાસવાનો પ્રયત્ન કર્યો છે. લેખકના પીએચ. ડી. સંશોધનના ભાગરૂપે તૈયાર થયેલ સંશોધનની સાહિત્યસમીક્ષાને આધારે અત્રે રજૂઆત કરી છે.

પરંપરાગત અર્થમાં 'વેશ્યા' કે 'ગણિકા' અને વર્તમાન સમયમાં 'સેક્સ વર્કર' તરીકે 'રૂપજીવિની' બહેનો અંગેનું ગુજરાતી ભાષામાં અત્યંત મર્યાદિત પ્રમાણમાં સાહિત્ય ઉપલબ્ધ છે. વાર્તાઓ કે નવલકથાઓમાં આ બહેનો અંગે કાલ્પનિક રીતે લખાયું છે પરંતુ તેઓના ઈતિહાસ કે અન્ય હકીકતલક્ષી પાસાંઓ વિશે ગુજરાતી ભાષા પાસે નજીવું ભાથું છે. આ પરિસ્થિતિમાં આપણા સાક્ષર શ્રી રમણલાલ વસંતલાલ દેસાઈએ ૧૯૪૮થી ૧૯૫૨ના વર્ષો દરમિયાન 'અપ્સરા' એ શીર્ષક હેઠળ પાંચ પુસ્તકોમાં તેમજ 'સમાજ અને ગણિકા' એ પુસ્તિકામાં આ વ્યવસાય સંબંધિત ઈતિહાસ આલેખવાનો પ્રયત્ન કર્યો છે. વાસ્તવિકતા એ છે કે તેઓના આ પ્રદાનને ગુજરાતમાં વિશેષ પ્રસિદ્ધિ મળી નથી. અત્રે તેઓના પાંચ પુસ્તકોમાંથી કેટલાક મહત્ત્વના ચૂંટેલા અંશોને અહીં અક્ષરસઃ રજૂ કર્યા છે. તેના દ્વારા 'સેક્સ વર્કર' બહેનો અંગેની સામાજિક-આર્થિક અને કાયદાકીય સમજ વધુ સ્પષ્ટ બનશે.

'ગણિકા' નામ અને તેના પર્યાયોમાં પણ કેટકેટલો ઈતિહાસ સમાયેલો છે. ગણિકા, વેશ્યા, વારાંગના, કસબણ, પાતર, રામજણી, નાચેણ, નર્તકી, મુરલી તથા દેવદાસી, નાયકીણ, તવાયફ, કંચની જેવા નામથી એ સંસ્થાનિત વ્યક્તિને ઓળખવામાં આવે છે. કાવ્ય-અલંકારશાસ્ત્ર એને 'સામાન્યા'ને નામે સ્વીકારે છે. સ્વર્ગમાં પણ આવી સામાન્યાઓની કલ્પના કરવામાં આવી છે જેમને હિંદુઓ અપ્સરા કહે છે અને મુસ્લિમો હૂરી કે પરી કહે છે.

ગણિકાવૃત્તિની વ્યાખ્યા બાંધવી બહુ મુશ્કેલ છે. ગણિકા સંસ્થાની ઉત્પત્તિનો ઈતિહાસ એટલો રસમય અને વિચિત્ર છે કે ગણિકાની સર્વાંગે લાગુ પડે એવી વ્યાખ્યા કરવા એ ઈતિહાસ વચ્ચે આવે એમ છે. છતાં એ બદલ થયેલા પ્રયત્નો આપણે જોઈ જઈએ.

એન્સાઈક્લોપીડિયા બ્રિટાનિકાના લેખક ગણિકા-વૃત્તિને 'આર્થિક કે અન્ય લાભ ખાતર અતંત્ર, વ્યાપક — Promiscuous – જાતીય વ્યવહારમાં રોકાવું' એ રીતે ઓળખાવે છે.

એને મળતી ગ્યુમોટ નામના લેખકની વ્યાખ્યા પણ વિચારવા સરખી છે. એ કહે છે કે 'જે વ્યક્તિ સ્વલાભ ખાતર અન્યની કામવાસનાને સંતોષે એને ગણિકા કહેવાય.'

યુરોપની બંદોબસ્તી-પોલીસ વ્યવસ્થાની વ્યાખ્યા વળી તેમના કામ પૂરતી વિચારવા સરખી છે. એ ધોરણે 'દફ્તરે' નોંધેલી છે. 'જે સ્ત્રીઓને વેશ્યાવૃત્તિ

સિવાય ગુજરાનનું બીજું સાધન ન હોય' તેમને ગણિકા કહેવાય. એ વ્યવહારને ધંધો ગણી બંદોબસ્ત ખાતર તેમની નોંધ રાખવાની યુરોપના કેટલાક દેશોની પ્રથાનું આ વ્યાખ્યામાં સૂચન છે. એમાં નોંધમુક્ત રહેલી મોટી સંખ્યા વીસરાઈ જાય છે.

એક લેખક કહે છે કે 'પૈસા ખાતર પસંદગી વગર ગમે તે પુરુષને ખુલ્લી રીતે પોતાનો દેહ સોંપે એ સ્ત્રીને ગણિકા કહેવાય.'

આ બધી જુદી જુદી વ્યાખ્યાઓમાં અમુક તત્ત્વો તો ખાસ આગળ પડતા દેખાઈ આવે છે.

૧. વિક્રય-વેચાણ-દેહવેચાણ-દેહઉપયોગનું ભાડું લેવાની તૈયારી;

૨. એક કરતાં વધારે વ્યક્તિઓ સાથેનો દેહ સંબંધ;

૩. પસંદગી માટેના આગ્રહનો અભાવ;

૪. પસંદગીના અભાવમાં જન્મતી લાગણી શૂન્યતા;

૫. સંબંધમાં અસ્થિરતા, અનિયમિતતા અને ચલપણું;

૬. ખુલ્લો, સ્પષ્ટ, જાહેર કામવ્યવહાર-કાયદેસર હોય કે ન હોય તો.

લીગ ઑફ નેશન્સ-રાષ્ટ્ર સમવાયતંત્ર તરફથી પૂર્વના દેશોમાં ચાલતા સ્ત્રી-બાળકોના વેચાણ-વ્યાપારની તપાસ અર્થે એક સમિતિ નીમાઈ હતી. એ સમિતિએ સને ૧૯૩૨માં પોતાનું નિવેદન બહાર પાડ્યું. એટલે સ્ત્રીઓના વ્યાપાર વિશે અત્યંત આધારભૂત માહિતી સમિતિએ મેળવી હતી. એમ માનવાને કશી અડચણ નથી. એ નિવેદનને આધારે આપણે જોઈશું તો સ્ત્રી-બાળકોનો આંતરરાષ્ટ્રીય વ્યાપાર બે પ્રકારમાં વહેંચાઈ ગયેલો દેખાશેઃ

૧. એશિયા ખંડ અને બીજા ખંડો વચ્ચે ચાલતો સ્ત્રીઓનો વ્યાપાર

૨. એશિયાના જ જુદા જુદા દેશો વચ્ચે ચાલતો સ્ત્રી-વ્યાપાર

આમાં એક તત્ત્વ ખાસ નોંધવા સરખું મળી આવ્યું છે. પ્રથમ વર્ગના વ્યાપારમાં પશ્ચિમની સુધરેલી ખ્રિસ્તી દુનિયામાંથી કેટલીક ગણિકાઓ પૂર્વમાં આવે છે; બીજા પ્રકારના વ્યાપારમાં એશિયા ખંડના જ જુદા જુદા દેશો વચ્ચે ચાલતો ગણિકાઓનો વ્યાપાર આવી જાય છે. ફ્રાન્સની ગણિકા હિંદમાં આવી પોતાની ગણિકા-વૃત્તિ ચલાવે એ પ્રથમ પ્રકાર, જાપાનની ગણિકા ચીન જઈ પોતાનો ધંધો ચલાવે એ બીજો પ્રકાર. પરંતુ પૂર્વમાંથી કોઈ ગણિકાને પશ્ચિમમાં લઈ જવાની પ્રવૃત્તિ કે વ્યાપાર ચાલતાં હોય એમ દેખાઈ આવ્યું નથી. ઈંગ્લેન્ડ-અમેરિકામાં ચીની ખલાસીઓ માટે ગણિકાવૃત્તિ કરતી ચીનની સ્ત્રીઓ હોવાનું જણાઈ આવે છે. પરંતુ નિવેદનમાં એ વસ્તુનો સ્વીકાર નથી એટલે એ સ્થિતિ આજ અસ્તિત્વમાં ન પણ હોય.

ઓગણીસમી સદીની શરૂઆતમાં ગણિકા નિયંત્રણના કાયદા અંગે યુરોપમાં બે મત પ્રચલિત હતા; એક મત-Regulation – નિયંત્રણ મત તરીકે ઓળખાતો અને બીજો-Abolition – પતિતાઓ વિરુદ્ધના વિશિષ્ટ કાયદાઓનો સમૂળ વિરોધ કરનારા મત તરીકે ઓળખાતો હતો. એક મત અનુસાર ગણિકાવૃત્તિના નિયંત્રણ માટે કાયદાની જરૂર સ્વીકારાતી. બીજા મત અનુસાર આવા ગણિકા વિરોધી કાયદા હોવા એ જ ગણિકા વૃત્તિને જીવંત બનાવતી ઘટના ગણાઈ એવા કાયદાનું અસ્તિત્વ જ ન હોવું જોઈએ એવી માન્યતા પોષાતી. આ બે મત વચ્ચેના ઝઘડામાં આખા પતિતાજીવનના સર્વાંગી પ્રશ્ન ઉપર બહુ પ્રકાશ પડ્યો છે અને ઘણી અણધારી હકીકતો એકઠી થઈ શકી છે.

પશ્ચિમનો સંપર્ક આપણે ત્યાં અનેક સામાજિક ફેરફારો કરી રહ્યો છે. આપણી ભાવના પ્રમાણે પ્રેમનો માગણ પુરુષ જ હોય; સ્ત્રીને તો પ્રેમનું દાન કરનારી કલ્પી છે અને એ ભાવના લગભગ ગણિકાસંસ્થા સુધી પણ પહોંચી ગયેલી છે. ગણિકાનાં આમંત્રણ આપણા દેશમાં સૂચક હોય છે, સ્પષ્ટ હોતાં નથી; અને દેહનું વેચાણ કરવા શહેરોમાં પણ છે એમ ગરીબોનાં રહેઠાણો તરફ નજર કરનારને સહજ જણાઈ આવશે.

બાળકીઓ અને કિશોરવયની યુવતીઓ ઉપર આ સંજોગોની કેવી અસર ઉપજે છે એનું એક નોંધાયેલું દૃષ્ટાંત આપણી આંખ ઉઘાડે એમ છે. સને ૧૮૮૦થી સને ૧૯૦૩ સુધીના ત્રેવીસ વર્ષમાં પેરિસ શહેરની પોલીસે વેશ્યાવૃત્તિ કરતાં પકડેલી સગીર કિશોરીઓની પ્રતિવાર્ષિક સંખ્યા ૧૩૩૭ જેટલી અને કુલ ૩૨,૮૫૫

જેટલી નોંધાઈ હતી! સગીર એટલે ૧૬ વર્ષની અંદરની.

એથેન્સ શહેરને ગ્રીક સંસ્કૃતિનું હૃદય કહી શકીએ. એના પરમ ભવ્ય યુગમાં વેશ્યાઓનું ચાર વિભાગમાં વર્ગીકરણ થતું:

૧. હીટેરી-ઉચ્ચકક્ષાની વારાંગના

૨. ઓલેટ્રાઈડ્સ – નર્તકી અને ગાયિકા – બંસરી બાલાઓ – વાંસળી વગાડનારી યુવતીઓ.

૩. ડિક્ટેરાઈડ્સ – વેશ્યાવાસમાં સામટી રહેતી સામાન્ય ગણિકાઓ. તેમને રહેવાની ચાલોને 'ડિક્ટેરિયા' કહેતા, તે નામ ઉપરથી આ નામ પડ્યું.

૪. રખાત – ધનિક પુરુષો પત્નીઓની પરવાનગીથી ગુલામ સ્ત્રીઓને ઘરકામ માટે રાખી તેમની સાથે જાતીય સંબંધ બાંધતા એ વર્ગ.

જર્મનીમાં ગણિકાવૃત્તિ ઉપરનો અંકુશ તો પહેલેથી જ હતો. પરંતુ પહેલવહેલો મહત્ત્વનો નિયમન કાયદો તો ઈ.સ. ૧૭૦૦ની સાલમાં ઘડવામાં આવ્યો; અને ત્યાર પછી આ સંબંધનો કાયદો જુદું જુદું સ્વરૂપ ધારણ કરવા લાગ્યો; જેમાં બે મુખ્ય સિદ્ધાંતો તો ગ્રાહ્ય કરવામાં આવ્યા હતા. એક તો એ કે જાતીય સ્ફૂરણ એ સંપૂર્ણપણે લુપ્ત થાય એવું સ્ફૂરણ નથી; અને બીજું એ કે એની અનિયમિતતા એ ચલાવી લેવા જેવું સહન કરવા જેવું તત્ત્વ છે.

ઈ.સ. ૧૮૪૭ના એક અખબારમાં આ પ્રમાણે લખ્યું છે:

"ગેરકાયદે ધંધો કરતી ગણિકાઓએ આખા શહેરમાં પોતાની જાળ ફેલાવી દીધી છે અને શહેરને નીતિભ્રષ્ટ કર્યું છે. પોલીસથી કેમ બચવું તેની યુક્તિ તેમની પાસે બહુ સારી હોય છે. અત્યારની સ્થિતિ કરતાં પરવાનાવાળા વેશ્યાગૃહો હતાં તે વખતની સ્થિતિમાં નીતિ વધારે સચવાતી!"

મુંબઈની પરિસ્થિતિ સૂચવતો એક પત્ર પણ આપણે 'ટાઈમ્સ ઑફ ઈન્ડિયા'માં પ્રસિદ્ધ થયેલો જોઈ જઈએ:

"ફોર્ટ અને કોલાબા વિભાગોમાં સંખ્યાબંધ ગણિકાઓ રખડતી ફરતી હોવાની ફરિયાદો આવ્યા કરે છે. કોઈકવાર પોલીસ આ સ્ત્રીઓને પકડે છે; પરંતુ ન્યાયાધીશો પાસે તેમનું કામ ચાલતાં હાસ્યપાત્ર હલકી સજાઓ કરી તેમને છોડી મૂકવામાં આવે છે. ઘણું ખરું તો એકાદ દિવસની સાદી કેદ અથવા નાનો સરખો દંડ એ તેમના ગુન્હાનું ફળ હોય છે! પરિણામ એ આવે છે કે દિવસે સજા પામેલી અનેક જાણીતી ગણિકાઓ રાત્રે પાછી એ જ જગ્યાઓ ઉપર ફરતી રહે છે! વધારે સજા કે સખ્તાઈ ભરેલાં પગલાં તેમના વિરુદ્ધ લેવાવાનાં છે જ નહિ એવો તેમના મનમાં વિશ્વાસ બેસી ગયો હોય છે. ન્યાયાધીશો જ્યાં સુધી દાખલો બેસે એવી સજા નહિ કરે ત્યાં સુધી ગણિકાવૃત્તિ અટકાવવા માટે મુંબઈએ કરેલા કાયદાનો ભંગ થયા જ કરવાનો છે, અને સામાન્ય જનતાને અણગમો આવે એવાં દૃશ્યો ભરરસ્તે ભજવાયે જ જવાનાં છે."

ડૉ. વિલિયમ સેંગરે ઘણાં વર્ષો પહેલાં અમેરિકાના મુખ્ય ઉદ્યોગમથક ન્યૂયોર્કની પતિતાઓ સંબંધમાં ઉપયોગી માહિતી પ્રસિદ્ધ કરી હતી. બે હજાર જેટલી સંખ્યાના અવલોકનપ્રસંગે તેણે પતિતાઓને ગણિકા-વૃત્તિ સેવવાનાં કારણો જણાવવા વિનંતી કરી. એને મળેલા જવાબોનું પરિણામ ગણિકાવૃત્તિ પાછળ રહેલાં કારણો ઉપર બહુ સારો પ્રકાશ પાડે છે.

| ક્રમ | કારણો | સંખ્યા |
|---|---|---|
| ૧. | નિરાધારપણું | ૫૨૫ |
| ૨. | એ ધંધા પ્રત્યે સદ્ભાવ-વલણ-મરજી | ૫૧૩ |
| ૩. | ભોળવીને ત્યજી દેવાના કારણે | ૨૫૮ |
| ૪. | શરાબનું વ્યસન | ૧૮૧ |
| ૫. | માબાપ, સગા કે પતિ તરફથી અસહ્ય હાડમારી | ૧૬૪ |
| ૬. | ગણિકાજીવનમાં મળતી આસાએશ | ૧૨૪ |
| ૭. | કુસંગ | ૮૪ |
| ૮. | ગણિકાઓની આગ્રહભરી વિનવણી કે સમજૂતી | ૭૧ |
| ૯. | ભોળવણી અને બળાત્કાર | ૫૧ |
| ૧૦. | સામાન્ય કામકાજનો કંટાળો-આળસ | ૨૯ |
| | કુલ | ૨૦૦૦ |

ગરીબી તો પતિતાવસ્થાનું મુખ્ય કારણ છે જ. કેટલાક વિચારકોનું તો મંતવ્ય એવું છે કે માનવજાતમાંથી ગરીબી નાબૂદ થાય તો ઘણાં ઘણાં અનિષ્ટો સાથે પતિતાવસ્થા પણ નાબૂદ થાય. આપણે પણ જોઈ શકીએ છીએ કે ગરીબી ન હોય તો પૈસાની જરૂર ન રહે, અને પૈસાની જરૂર ન રહે એટલે પૈસાને ખાતર થતો દેહવિક્રય નાબૂદ થઈ જ જાય. પૈસા તથા દેહનો અરસપરસ બદલો એ જ ગણિકાવૃત્તિનું મુખ્ય તત્ત્વ છે. ગરીબી ઘટે તો પતિતાવસ્થા જરૂર ઘટે. જો કે વ્યભિચાર ઘટે કે કેમ એ જુદો પ્રશ્ન છે. ગરીબી ઘટતાં અનેક અનાચારો ઘટી જાય એમાં સંશય નથી.

આપણે એક એવી સંસ્થાનો વિચાર કરીએ છીએ કે જેનો જાહેર ઉલ્લેખ શિષ્ટતાભર્યો-સભ્યતાભર્યો ગણાતો નથી, છતાં જેનું અસ્તિત્વ પ્રાચીનકાળથી આજની ઘડી સુધી ચાલુ છે અને સંસ્થાનો તિરસ્કાર કરવાનો સમાજે હક્ક મેળવ્યો છે – સાચો કે ખોટો, છતાં એ સંસ્થા યુગયુગથી આજ સુધી માનવજાતની કલ્પનાને આકર્ષણ અને ભયનો કોઈ અર્ધછૂપો વિહારપ્રદેશ સોંપ્યો છે. એની સાથે લગ્ન સંકળાયેલું છે – કહો કે એ સંસ્થા લગ્ન સાથે સંકળાયેલી છે, ધર્મ સંકળાયેલો છે, કળા સંકળાયેલી છે; વ્યાપાર સંકળાયેલો છે અને સાહસપ્રેરક વાસના પણ સંકળાયેલી છે; સાથે સાથે એ સંસ્થાની આસપાસ ભયાનક રોગ, બીભત્સ મલિનતા, અકલ્પ્ય ગુંડાગીરી, અમર્યાદ વિલાસ, કુટિલ અર્થજાળ અને આંસુપ્રેરક શોક વીંટાયેલા છે, એ ભયપ્રેરક છે છતાં કુતૂહલ ઉપજાવે છે; એ શરમજનક છે છતાં એના આકર્ષણ ખૂટ્યાં નથી; એ સળગતી ચેતવણી છે છતાં સમાજ એ ચેચવણીના ભડકાને આતશભાજી માને છે. એક પાસ સતી અને બીજી પાસ ગણિકા; એ બેની વચમાં એકલું સ્ત્રીજીવન નહિ, આખું માનવજીવન ઝોલાં ખાય છે. સતીની ભસ્મ ઉપર દેરીઓ ચણી સતીની પૂજા કરતો સમાજ હજી ગણિકાગૃહો તરફ તીરછી નજર નાખ્યા કરે છે, અને એ ગૃહોને પોષી બીજી ઢબે પૂજન કરે છે.

સેક્સ વર્કરનો વ્યવસાય જેને પરંપરાથી 'વેશ્યા વ્યવસાય' તરીકે ઓળખવામાં આવે છે તેનો ઇતિહાસ કદાચ માનવસમાજનો ઇતિહાસ સમાન કહી શકાય. આ વાસ્તવિકતા હોવા છતાં વ્યવસાયની સ્વીકૃતિ અનેક દેશો અને સમાજોમાં વત્તે ઓછે અંશે નકારાત્મક હોવાને કારણે તે અંગેના સુવ્યવસ્થિત અભ્યાસો મર્યાદિત રીતે ઉપલબ્ધ છે. આપણા દેશમાં આ વ્યવસાયને એક તરફ ગુના અને કાનૂન સાથે જોડવામાં આવે છે તો બીજી તરફ નીતિમત્તા સાથે સાંકળવામાં આવે છે. અહીં એ નોંધવું રસપ્રદ છે કે આઝાદી પછી તરત જ ૧૯૫૦માં આ વ્યવસાય અંગે સૌપ્રથમ કૉન્ફરન્સ દિલ્હીમાં થઈ. આ કૉન્ફરન્સનું શીર્ષક 'First Confference on Moral and Social Hygiene' હતું. એટલે કે સેક્સ વર્કરને નીતિમત્તા અને સામાજિક તંદુરસ્તી સાથે અવિભાજ્ય રીતે જોડવાનું માનસ વર્ષોથી છે. આવા વાતાવરણને કારણે સામાજિક વિજ્ઞાનોમાં 'વેશ્યા વ્યવસાય'ના અભ્યાસને પ્રાથમિકતા મળી શકી નહિ. ખાસ કરીને 'સામાજિક કાર્ય' ભણાવતી સંસ્થાઓ આ વિષય અંગે સમયાંતરે સંશોધનો કરી રહી છે.

સ્વાતંત્ર્ય બાદ ભારતમાં પુનેકર એસ.ડી.નો મુંબઈની સેક્સ વર્કર બહેનોનો અભ્યાસ (૧૯૬૨) અને પ્રોમિલા કપૂરનો દેશના ચાર મહાનગરોની કોલગર્લ્સનો અભ્યાસ (૧૯૭૮) મહત્ત્વના સામાજિક અને મનોવૈજ્ઞાનિક સંશોધનના સીમાસ્તંભ છે. પ્રોમિલા કપૂરે દિલ્હી, મુંબઈ, કલકત્તા અને મદ્રાસ એમ ચાર શહેરોની કુલ ૧૫૦ કોલગર્લ્સનો કેસ સ્ટડી પદ્ધતિ દ્વારા અભ્યાસ કર્યો. મુલાકાત અનુસૂચિ અને મુલાકાત માર્ગદર્શિકા એ બંનેનો માહિતી એકત્રીકરણ માટે ઉપયોગ કર્યો. જો કે સંશોધકે એ સ્પષ્ટ કર્યું કે ઉત્તરદાતાની હાજરીમાં કોઈપણ પ્રકારની નોંધ અથવા માહિતીનું લખાણ કરવામાં આવ્યું નથી. કોલગર્લ્સના નામનો ઉલ્લેખ સુદ્ધાં કરવામાં ન આવ્યો કારણ કે આ વ્યવસાયના સ્વરૂપને કારણે માહિતી આપનારની ગોપનીયતા સંશોધન માટે અનિવાર્ય હતી. કુલ પાંચ પ્રકારની કોલગર્લ્સનો અભ્યાસમાં સમાવેશ કરવામાં આવ્યો. જેમ કે,

૧. અપરિણીત કામ કરતી છોકરીઓ

૨. કૉલેજમાં ભણતી છોકરીઓ

૩. પરિણીત કામ કરતી સ્ત્રીઓ

૪. છૂટાછેડા લીધેલ અથવા તો ત્યક્તા બહેનો

૫. વિધવા સ્ત્રીઓ

પ્રસ્તુત અભ્યાસમાં કોલગર્લ્સ બહેનોના મનોજગતને સમજવા માટે કેટલાંક Scalesનો પણ ઉપયોગ કરવામાં

આવ્યો હતો. અભ્યાસની ૬૫ ટકા બહેનો એવા કુટુંબની સભ્ય હતી કે જ્યાં ચાર કે તેથી વધુ બાળકો હોય.

ગુજરાતમાં ખાસ કરીને સમાજશાસ્ત્રમાં સામાજિક સમસ્યાઓના અભ્યાસના ભાગરૂપે સેક્સ વર્કર વિશે સ્નાતક કક્ષાએ અભ્યાસક્રમમાં તેનો સમાવેશ કરવામાં આવે છે. અનુસ્નાતક કક્ષાએ વર્તમાન સમયમાં એચઆઈવી/એઈડ્સને સામાજિક સમસ્યા સંદર્ભે તપાસતાં સેક્સ વર્કર અંગેની માહિતી અનિવાર્ય બને છે. જો કે ગુજરાતમાં આ સંદર્ભે વૈજ્ઞાનિક અભ્યાસો અત્યંત મર્યાદિત છે. વર્ષ ૧૯૯૧માં એમ.એસ. યુનિવર્સિટીના સમાજકાર્ય વિભાગના અધ્યાપિકા સુશ્રી લીના મહેતાએ સુરતની સેક્સ વર્કર બહેનોનો અભ્યાસ કર્યો હતો. સુશ્રી લીના મહેતાએ ૧૯૮૧માં તેમના પીએચ.ડી. શોધનિબંધ માટે સુરતની સેક્સ વર્કર બહેનોને અભ્યાસમાં સમાવી હતી. તેમના પહેલાં એમ.એસ. યુનિવર્સિટીના સમાજકાર્ય વિભાગની વિદ્યાર્થિનીઓ ભાવનગરી શિટી તેમજ દેસાઈ રેખાએ વર્ષ ૧૯૬૯માં સુરતની સેક્સ વર્કર બહેનો અંગે પાઈલોટ સ્ટડીઝ કર્યા હતા. ૧૯૭૨માં આ જ યુનિવર્સિટીના શાહ વીરબાળાએ સુરતની સેક્સ વર્કર બહેનોના તેમના ગ્રાહકો પ્રત્યેના વલણો સંબંધિત શોધનિબંધ તૈયાર કર્યો હતો.

વર્ષ ૧૯૯૧માં સુશ્રી લીના મહેતાએ સુરતની ચાળીસ સેક્સ વર્કર બહેનો જેઓ શહેરની વરિયાવી બજાર સ્થિત ‘રેડ લાઈટ એરિયા’માં વસવાટ કરતાં હતાં તેમનો અભ્યાસ કર્યો હતો. આ બહેનોમાંથી મોટાભાગની (૯૨.૫ ટકા) હિંદુ હતી અને બાકીની મુસ્લિમ હતી. તેઓ માતૃભાષાની દૃષ્ટિએ ૬૭ ટકા મરાઠી ભાષી હતી અને બાકીનામાં અનુક્રમે બંગાળી, નેપાળી, ઉડિયા, ઉર્દૂ, તામિલ, તેલુગુ અને છત્તીસગઢી બોલી બોલીનારનો સમાવેશ થતો હતો. અભ્યાસની અડધા ઉપરાંત બહેનો અપરિણીત અને બાકીની બહેનોમાં પરિણીત પણ ત્યકતા તેમજ વિધવા, છૂટાછેડા લીધેલી અને અન્ય કારણોસર એકલી રહેતી બહેનોનો સમાવેશ થયો હતો. ત્રણ બહેનોને બાદ કરતાં તમામ સેક્સ વર્કર બહેનો અભણ હતી. આ અભ્યાસનું એક મહત્ત્વનું તારણ એ હતું કે માત્ર એકને બાદ કરતાં તમામ અન્ય ૩૯ બહેનો સ્વૈચ્છિક રીતે આ વ્યવસાયમાં જોડાઈ હતી. આરોગ્યની દૃષ્ટિએ પચાસ ટકા બહેનો ગુપ્ત રોગથી પીડાતી હતી. પંદર બહેનોને એકપણ બાળક ન હતું જ્યારે એક બહેનને આઠ બાળકો પણ હતાં. અભ્યાસની પાંત્રીસ બહેનોને દસથી ઓછી વયના બાળકો હતા. બાળકોના દરજ્જાની દૃષ્ટિએ માત્ર આઠ બહેનોને પોતાના કાયદેસરના બાળકો હતા.

૧૯૬૨માં ડૉ. એસ.ડી. પુનેકર અને સુશ્રી કમલા રાવે ‘A Study of Prostitues in Bombay’ સંદર્ભનો અભ્યાસ પ્રકાશિત કર્યો. આ અભ્યાસ ‘Association for Moral and Social Hygiene Mumbai’ દ્વારા અનુદાનિત થયો હતો. આ અભ્યાસમાં મુંબઈની સેક્સ વર્કર બહેનોની કૌટુંબિક પશ્ચાદ્ભૂમિકા તેમજ કૌટુંબિક પરિબળો અને તેની આસપાસનું વાતાવરણ આ વ્યવસાય સાથે કેવી રીતે સંબંધિત છે તેને અનુલક્ષીને અભ્યાસ કરવામાં આવ્યો હતો.

વર્ષ ૧૯૬૫માં એ.એસ. માથુર અને બી.એલ. ગુપ્તાએ Prostitutes and Prostitution સંદર્ભનો ઉત્તરપ્રદેશના કિસ્સાઓ લઈને અભ્યાસ પ્રકાશિત કર્યો હતો. આ અભ્યાસમાં કાયદો અને અનૈતિક વ્યાપાર, સેક્સ વર્કરનું બજાર તેમજ તેમાં જોડાયેલી બહેનોના વ્યાવસાયિક જીવનનો ચિતાર આપવામાં આવ્યો હતો.

જોસેફ ગઠિયાએ પોતાના પુસ્તક ‘Child Prostitution in India’માં દેશમાં બાળ સેક્સ વર્કરની પરિસ્થિતિ વિશે વાત કરી છે. આપણા દેશમાં યુવાન અને પુખ્ત વયની છોકરીઓને જેમ જબરજસ્તીથી દેહવ્યાપારના વ્યવસાયમાં ધકેલવામાં આવે છે તેમ નાની બાલિકાઓને પણ આ વ્યવસાયની ગર્તામાં ધકેલી દેવામાં આવે છે. તે પોતાની જાત વિશે કે દુનિયા વિશેની કોઈ સમજ મેળવે તે પહેલાં તેમનું ભવિષ્ય રગદોળાઈ ગયું હોય છે. આપણા દેશમાં ‘Child Trafficking’ની સમસ્યા અન્ય દેશો જેવી ગંભીર છે. આ મુદ્દા પર તા. ૨૭થી ૩૧ ઓગસ્ટ, ૧૯૯૬ દરમ્યાન ચર્ચા-વિચારણા માટે સ્ટોકહોમ ખાતે વર્લ્ડ કૉંગ્રેસનું આયોજન થયું. ૧૨૨ દેશોની સરકારોએ તેમાં ભાગ લીધો ઉપરાંત અનેક સ્વૈચ્છિક સંસ્થાઓ, End Child Prostitution in Asia Tourism (ECPAT), યુનિસેફ તેમજ અન્ય સંસ્થાઓ સામેલ થઈ હતી. વર્લ્ડ કૉંગ્રેસ દરમ્યાન થયેલી ચર્ચાઓને આધારે ત્યાં હાજર સરકારી અને બિનસરકારી સંસ્થાઓએ કેટલાંક મહત્ત્વના ઠરાવો કર્યા. જે નીચે મુજબ છેઃ

૧. બાળકોના વ્યાવસાયિક જાતીય શોષણ સામેના પગલાંઓને ઊંચી પ્રાથમિકતા આપવી અને તે માટે જરૂરી સંસાધનો પૂરા પાડવા.

૨. રાજ્યો વચ્ચે તેમજ સમાજના તમામ ક્ષેત્રો વચ્ચે મજબૂત સહકાર ઊભો કરીને બાળકોને સેક્સ વર્કરના વ્યવસાયમાં જતા રોકવા તેમજ બાળકોને આ સંદર્ભે બચાવવા કુટુંબની ભૂમિકાને મજબૂત કરવી.

૩. બાળકોના તમામ પ્રકારના જાતીય તેમજ વ્યાવસાયિક શોષણ કરતા તત્ત્વો સામે કાનૂનનો ઉપયોગ કરવો તેમજ આવા તત્ત્વોને સજા કરવી.

૪. બાળકોનું વ્યાવસાયિક જાતીય શોષણ અટકાવવા જરૂરી કાનૂન, નીતિઓ, કાર્યક્રમો અને પદ્ધતિઓની સમીક્ષા કરવી અને જરૂર જણાય ત્યાં સુધારા કરવા. બાળકોને વ્યાવસાયિક જાતીય શોષણથી બચાવવા કાનૂન, નીતિઓ અને કાર્યક્રમો વચ્ચે અસરકારક પ્રત્યાયન ઊભું કરવું.

૫. લૈંગિક (જેન્ડર) મુદ્દાઓ સંદર્ભે જાગૃતિ સર્જવાના કાર્યક્રમો તૈયાર કરવા.

૬. શિક્ષણ, સામાજિક સંગઠન અને વિકાસની પ્રવૃત્તિઓનું એવું વાતાવરણ સર્જવું કે જેને પરિણામે માતા-પિતા તેમજ કાનૂની સંસ્થાઓ બાળકોના વ્યાવસાયિક જાતીય શોષણને અટકાવી શકે.

૭. રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય, રાજકીય તેમજ અન્ય ભાગીદારોને બાળકોના શોષણ માટે પરસ્પર જોડવા ઉપરાંત આંતરરાષ્ટ્રીય સંગઠનોનો ભરપૂર સહયોગ પ્રાપ્ત કરવો.

રિચાર્ડ એચ., યંગ, શંકર સેન અને હેલન ચર્નીકોફ દ્વારા લખાયેલા એક સંશોધન લેખમાં બાળ સેક્સ વર્કર અંગે રજૂઆત કરવામાં આવી છે. આ લેખકો યુનિસેફ, ભારત અને રાષ્ટ્રીય માનવ અધિકાર પંચ સાથે સંકળાયેલા છે. તેઓના લેખ 'The Reality of Child Prostitution: Profiting from Girl Child Vulnerability'માં સેક્સ વર્કરને ધર્મ અને સંસ્કૃતિ સાથે જોડીને ભારતમાં જોવા મળતી કેટલીક પરંપરાગત સેક્સ વર્કર સંબંધિત પ્રથાઓની રજૂઆત કરવામાં આવી છે. આ પ્રથાઓ નીચે મુજબ છે:

૧. આંધ્રપ્રદેશ, મહારાષ્ટ્ર અને કર્ણાટકની દેવદાસી પ્રથા

૨. આંધ્રપ્રદેશની જોગિન પ્રથા

૩. કર્ણાટકમાં હલવાગલ ગામની પરંપરાગત પ્રથા

૪. મધ્યપ્રદેશના સોળ જિલ્લાઓમાં વિસ્તરેલી બેડિયા સમુદાયની પ્રણાલિ

૫. મધ્યપ્રદેશ અને રાજસ્થાનનો રાજનટ જ્ઞાતિસમૂહ

૬. આંધ્રપ્રદેશની ડોમ્મારા આદિજાતિ

આપણે જોયું કે દેશના વિભિન્ન રાજ્યોમાં સેક્સ વર્કર સંબંધિત કેટલીક પરંપરાગત ધાર્મિક અને સાંસ્કૃતિક પ્રથાઓ અસ્તિત્વમાં છે. ગુજરાત રાજ્યમાં પણ બનાસકાંઠા જિલ્લાના થરાદ તાલુકાના વાડિયા ગામમાં સરાણિયા જ્ઞાતિના કુટુંબોમાં પેઢીઓથી દીકરીઓ સેક્સ વર્કર તરીકે કામ કરે છે. ગુજરાત સરકાર અને કેટલીક સંસ્થાઓ દ્વારા આ ગામમાં તેઓના પુનરોદ્ધાર અંગે કટેલીક પ્રવૃત્તિઓ ભૂતકાળમાં થઈ હતી. જો કે તેનું કોઈ વિશેષ હકારાત્મક પરિણામ આવ્યું નથી. વર્ષ ૧૯૯૬માં અમદાવાદ સ્થિત ગાંધી શ્રમ સંસ્થાનના ડિપ્લોમા ઈન લેબર સ્ટડીઝ અભ્યાસક્રમના ભાગરૂપે શ્રી વી.કે. વાલસુરે વાડિયા ગામની રૂપજીવિની મહિલાઓનો સામાજિક-આર્થિક અભ્યાસ કર્યો હતો.

કુલ ચોત્રીસ કુટુંબોની પચાસ સેક્સ વર્કર બહેનોનો અભ્યાસ કરવામાં આવ્યો હતો. એમાંથી મોટાભાગની એટલે કે ૩૩ બહેનો ચૌદથી વીસ વર્ષની ઉંમરની હતી. અભ્યાસ હેઠળ ચોત્રીસ કુટુંબમાંથી અઢાર કુટુંબોનો મુખ્ય વ્યવસાય સેક્સવર્ક હતો પણ તેની સાથે ખેતી પણ સંકળાયેલી હતી. મુખ્ય વ્યવસાય ખેતી અને સેક્સ વર્ક તેમજ મુખ્ય વ્યવસાય પશુપાલન અને સેક્સવર્ક હોય તેવા કુટુંબો અનુક્રમે છ અને દસ હતા.

આ વ્યવસાય સાથે સંબંધિત કેટલાંક મહત્ત્વના નિરીક્ષણો પણ જોવા મળ્યા હતા. જેમ કે આ ગામમાં દીકરીના જન્મને પ્રાધાન્ય આપવામાં આવે છે. દીકરીનો

જન્મ એ આનંદનો અવસર મનાય છે. કારણ કે દીકરી જ તેમના વ્યવસાયની પરંપરાને આગળ વધારે છે. સ્વરૂપવાન દીકરીને માતા-પિતા પરણાવતા નથી કારણ કે તેનું રૂપ જ માતા-પિતાની વૃદ્ધાવસ્થામાં આવકનું મુખ્ય સાધન છે. ઓછી રૂપાળી દીકરી કે દીકરાના લગ્ન કરાવે છે. અહીં પોતાની વાત સાચી મનાવવા માટે લોકો પોતાના ઇષ્ટદેવતા કે ઇષ્ટદેવીના સોગનને બદલે પોતાની દીકરીના સોગન લે છે. એવું મનાય છે કે દીકરીના સોગન એટલે હકીકત વાત છે.

જે સ્ત્રીને વારસદાર તરીકે દીકરી ન હોય એની મોટી ઉંમરે ખરાબ પરિસ્થિતિ હોય છે કારણ કે મોટી ઉંમરે સ્ત્રી આ વ્યવસાય કરી શકતી નથી અને તેનું આ કામ દ્વારા ભરણપોષણ કરનાર દીકરી ન હોવાથી ખાવાના પણ સાંસા પડે એવી પરિસ્થિતિ થાય છે. છોકરીનો પિતા કે ભાઈ જ પોતાની દીકરી કે બહેનનો સોદો કરે છે. નાની ઉંમરના છોકરાઓ આ દલાલી કરતા હોય છે. પાંચ-સાત વર્ષની ભણવાની ઉંમરે આ બાળકો સેક્સ વર્કરની દલાલી કરતાં જોવા મળે છે. ગ્રાહકને ગામના સીમાડેથી સેક્સ વર્કર સુધી પહોંચાડનાર આ બાળકો જ હોય છે.

શ્રી વાલસુરના ૧૯૯૬ના આ અભ્યાસના દોઢ દાયકા બાદ અહીં પરિવર્તનનો પવન ફૂંકાવાની શરૂઆત થઈ. જે ગામમાં માતા-પિતા પોતાની પુત્રીને દાંપત્ય સુખથી વંચિત રાખી પોતાના ઘડપણમાં દીકરી આજીવિકા રળવા માટેનું સાધન બનશે એ ગણતરીથી પુત્રીને કુંવારી રાખતા ત્યાં એક અજીબોગરીબ ઘટના બની. માર્ચ ૧૧, ૨૦૧૨ના રોજ સ્થાનિક સામાજિક સંસ્થા 'વિચરતી જાતિ સમુદાય સમર્થન મંચ'ના અથાગ પ્રયત્નોને પરિણામે ગામની ૨૦થી વધુ દીકરીઓનો સૌપ્રથમ સમૂહ લગ્નોત્સવ યોજાયો. આ પ્રસંગે સંસ્થાના કાર્યકર સુશ્રી મિત્તલ પટેલના જણાવ્યા અનુસાર તેઓ છેલ્લાં આઠ વર્ષથી આ ગમમાં ગ્રામજનોના ઉદ્ધાર માટે કામ કરે છે. તેઓને આ વ્યવસાયમાંથી બીજા વ્યવસાય તરફ વાળવા અને પ્રાથમિક સવલતો પૂરી પાડવા ખૂબ જહેમત ઉઠાવી છે. ગામમાં એવી પ્રથા છે કે જે દીકરીનાં લગ્ન કરવાના હોય તેને આ વ્યવસાયમાં આવવા દેવામાં આવતી નથી. રૂપાળી છોકરીને આ વ્યવસાયમાં નાની ઉંમરથી જ ધકેલવામાં આવે છે અને તેના લગ્ન કરાવવાના હોતા નથી. ઓછી રૂપાળી દીકરીને પરણાવવાની હોવાથી તેને વ્યવસાયમાં આવવા દેતા નથી. આ પ્રથાના આધારે સંસ્થાના કાર્યકરોએ વિચાર્યું કે જો ગામમાં દીકરીઓના લગ્ન કરાવી દેવામાં આવે તો દીકરીઓ આ વ્યવસાયમાં જતી અટકી જાય. આથી તેઓએ ગામના લોકો અને દીકરીઓના માતા-પિતાને દીકરીની જિંદગી, તેનું ભવિષ્ય, આગલી પેઢીના ભવિષ્ય વગેરે વિશે સમજાવ્યું. સાથે સાથે ગામમાં છોકરાઓ અને તેના માતા-પિતાને પણ આ ગામની દીકરીઓ સાથે લગ્ન કરવા-કરાવવા વિશે સમજાવ્યું. ખૂબ જહેમતને અંતે તેમની મહેનત રંગ લાવી. સંસ્થાએ અને રાજ્ય સરકારે સાથે મળીને આ કાર્ય સંગીન રીતે પાર પાડ્યું. રાજ્ય સરકારે પણ તેને હકારાત્મક પ્રતિભાવ આપી સમગ્ર રીતે મદદ પૂરી પાડી. આ લગ્નોત્સવમાં ૮ યુગલોએ પ્રભુતામાં પગલાં પાડ્યાં અને અન્ય ૧૩ દીકરીઓના વેવિશાળ નક્કી થયાં. આ પરિવર્તનની નોંધ સમગ્ર દેશ અને દુનિયાના માધ્યમોએ લીધી. (પીએચ.ડી.ના થિસીસમાંથી)

**સંદર્ભ સૂચિઃ**


૧) Gathia Joseph – Child Prostitution in India.

૨) Kapoor Promilla – A Life and World of Call Girls in India

૩) Mehta Leena – Prostitution in Surat (A Study of Women in the profession of Prostitution in Surat City)

૪) Mathur A.S. & Gupta B.L. – Posituttes and Prostitution.

૫) Punekar S.D. – A Study of Prostitutes in Bombay

૬) Young Richard Sen Sankar Chernikott Helen – The Reality of Child Prostitution: Profiting from Girld Child vulnerability.

૭) દેસાઈ ર.વ. – અપ્સરા

૮) વાલસુર વી.કે – બનાસકાંઠા જિલ્લાના થરાદ તાલુકાના વાડિયા ગામની રપજીવિની મહિલાઓની આર્થિક અને સામાજિક પરિસ્થિતિનો અભ્યાસ (અપ્રગટ શોધનિબંધ)


નોંધઃ પ્રસ્તુત લેખ પીએચ.ડી. શોધનિબંધમાંથી લેવામાં આવ્યો છે.


(એ/૨, સંકલ્પ એપાર્ટમેન્ટ, મીરાંબિકા રોડ, નારણપુરા, અમદાવાદ ૩૮૦ ૦૧૩. મો.: ૯૪૨૭૪૧૭૭૪૦)

*॥ ચિંતન ॥*

## થોડી નોખી વાત

### એસ.જી. પટેલ

આજે મારે તમારી સાથે એક ઘટનાનું વર્ણન કરવું છે. થોડા દિવસ પહેલાં હું એસ.ટી. બસની મુસાફરી કરી આણંદથી વીરપુર જતો હતો. બસમાં ખૂબ જ ગીરદી હતી. એક ૩-સીટવાળી બેઠક પર એક પુરુષ, તેની પત્ની અને બે બાળકો બેઠેલાં હતાં. એ લોકોએ સંકડાઈને મને બેસવા થોડી જગા કરી આપી, મેં તેમનો આભાર માન્યો. નજીકની બે-સીટવાળી બેઠક પર એક ભાઈએ સિગરેટ સળગાવી. મને ધુમાડાની ગંધથી ગૂંગળામણ થઈ. મેં તેમને સીટ બદલી બારી તરફ જવા સૂચન કર્યું જેથી ધૂમાડો બારીથી બહાર નીકળી જાય. આ મારું આડકતરું સૂચન હતું કે ચાલુ બસે સિગારેટ ન પીવાય. નજીકમાં જ કંડક્ટર ટિકિટ આપતો હતો, તેણે મારી વાતને ટેકો કર્યો. સિગારેટ પીનારે સિગારેટ ઓલવી નાખી અને બબડ્યો કે લ્યો, તમારું માન રાખું છું, ભલે મારા બે રૂપિયા ગયા. મેં ધીમેથી કહ્યું, ભાઈ ભલે તમને ખોટ ગઈ પણ તમને અને તમારી આસપાસના સૌને ફાયદો થશે. થોડા હાસ્ય વચ્ચે બધાએ આ સારી વાતને આવકારી. જેમણે મને થોડી જગા આપી હતી તે લોકોએ મને વધારે જગા કરી આપી, આરામથી બેસવા કહ્યું. આમ, મને આંતરિક અને બાહ્ય રીતે આનંદ થયો.

સારો વાણી-વ્યવહાર હંમેશાં આવકારદાયક હોય છે. તે માત્ર સારી રીતે યોગ્ય ભાવથી રજૂ કરવાનો હોય છે. જો કોઈ વ્યક્તિ મીઠી વાણી વિવેકથી વદે તો એ સૌને સ્વીકાર્ય બને જ. સારું બોલનારનો આત્મવિશ્વાસ ઊંચો હોય છે અને ઉગ્રતા ગાયબ થઈ જાય છે. દુષ્ટ માણસ હંમેશાં નબળો હોય અને તેને પોતાની જાત પર નિયંત્રણ રહેતું નથી. શિષ્ટ વક્તાને હંમેશાં બધાનો ટેકો મળે છે. તે વિજયી બને છે. વળી, જો ચાર જણની ચંડાળ ચોકડીમાં કોઈ એક વ્યક્તિ હિંમતથી કે' કે આ ખોટું છે, આપણે આવું ન કરવું જોઈએ, તો બાકીના બધાને સાચી વાતનું જરૂરથી દર્શન થશે. સામાન્ય રીતે લોકો વહેતા પ્રવાહમાં જોડાઈ જવાનું પસંદ કરતા હોય છે, પરિણામે બધાની પડતી જ થાય અને દુષ્ટોની તાકાત વધી જાય અને નકારાત્મકતા સવાર થઈ જાય. સામાન્ય રીતે ૯૦% લોકો સારા હોય છે અને સજ્જતાથી વર્તતા હોય છે, માત્ર ૧૦% જ લોકો દુર્જનતા સાથે વિકૃતિ અને નકારાત્મકતાથી વર્તે છે.

આપણા દેશમાં સદ્ભાગ્યે વિવિધ સંપ્રદાયો અને ધર્મગુરુઓની મોટી સંપત્તિ છે. લોકો પ્રેમથી તેમની વાણી સાંભળે છે કારણ કે તેમનામાં આધ્યાત્મિકતાનું ભરપૂર તેજ હોય છે. પરંતુ સાંભળ્યા પછી તેને ધારણ કરી જીવનમાં ઊતરાવું એ મહત્ત્વનું છે. ૫૦૦૦ની વસ્તીવાળા એક નાનકડા ગામમાં ૧૫-૨૦ પથારીની સગવડવાળું દવાખાનું છે. આ ગામના એક નાનકડા છોકરાના મનમાં સરસ સંકલ્પ ચાલ્યો. આ સાતમા ધોરણમાં ભણતા છોકરાના પરિવારમાં માત્ર એની મા જ છે. આ પરિવાર ગરીબી રેખાથી નીચેની કક્ષામાં ગણાય છતાં તેની મા તેને દરરોજ એક રૂપિયો વાપરવા આપે. તેણે વિચાર કર્યો કે આ રૂપિયાનું કશુંક લઈને ખાઈ લેવાને બદલે કંઈક સારો ઉપયોગ કરું તો કેવું સારું? તે રોડની બાજુમાં બેઠેલ દાતણવાળી પાસે ગયો. તેને માત્ર પાંચ દાતણ મળ્યાં. તે લઈને તે ગામના દવાખાનામાં પહોંચ્યો. તે બધા જ દરદીઓને હસતા ચહેરે મળ્યો અને જરૂરિયાતવાળાને દાતણ આપ્યાં. માત્ર પાંચ જણને દાતણ આપીને ખુશ થયો, આ તેની રોજિંદી પ્રવૃત્તિ થઈ ગઈ. દાતણ ખરીદવા અને જરૂરિયાતવાળાને આપવા. એક દિવસ દાતણવાળી બાઈએ પૂછ્યું, તારા ઘરમાં તો તમો બે જ જણાં છો તો તું દરરોજ પાંચ દાતણ કેમ લઈ જાય છે? છોકરાએ જવાબ આપ્યો, હું આ દાતણ દવાખાનામાં દરદીઓને વહેંચું છું. પેલી ફેરિયાવાળી બાઈને નવાઈ લાગી કે તું તો મોટું સેવાનું કામ કરે છે. હવેથી તું જેટલાં જોઈએ એટલાં દાતણ મારી પાસેથી મફત લઈ જજે અને સેવા ચાલુ રાખ. આમ, સારી પ્રવૃત્તિ કરનારને, એક સામાન્ય ફેરિયો પણ મદદ કરવા તત્પર થાય.

હવે, તેની પાસે રોજ રૂપિયાની બચત થવા લાગી. તેણે પોસ્ટકાર્ડ. ખરીદવાનું ચાલું કર્યું. દરદીઓની પાસે જઈ તેમનાં સગાંને પોસ્ટકાર્ડ સંદેશો મોકલવાનું ચાલુ કર્યું. આ પ્રથાથી દવાખાનાના દરદીઓ ઉપરાંત દાક્તર-નર્સ-સેવિકાઓને ખૂબ આનંદ થતો અને સરસ હવા ઊભી થઈ. એક દિવસ પ્રમાણમાં ધનિક માણસ તેની સારવાર કરાવવા દવાખાનામાં દાખલ થયો. તે આ છોકરાની સેવાકીય પ્રવૃત્તિથી ખૂબ જ પ્રભાવિત થયો. તેમણે દવાખાનાથી રજા લઈ ઘરે જતાં પેલા છોકરાને બોલાવી, તેને પોતાને ઘરે આવવા કહ્યું. એ પ્રમાણે છોકરો શેઠને ત્યાં ગયો. શેઠે તેને રૂા. ૧૦૦/- આપ્યા અને કહ્યું કે આનાં ફળો લઈને દરદીઓને આપજે. આ સેવા ઘણા લાંબા સમય સુધી ચાલી અને પેલો છોકરો હવે યુવક થઈ ગયો. તે ખૂબ લોકપ્રિય થઈ ગયો અને ગામમાં સલાહકાર થવા લાગ્યો. ટૂંકમાં સકારાત્મક પ્રવૃત્તિ હંમેશાં આવકારદાયક હોય છે, લોકો સહકાર આપે જ. જરૂર છે માત્ર સારા કામની શરૂઆત કરવાની. ગણિતની ભાષામાં કહીએ કે બિન્દુ મૂકો રેખા આપોઆપ બનશે...

(એસ.ડી. દેસાઈ હાઈસ્કૂલના સુવર્ણ જયંતી ઉદ્ઘાટન પ્રસંગે અતિથિવિશેષ પદેથી કરેલા ઉદ્બોધનમાંથી સાભાર)

## ફિનલે મોર્સઃ એક સંઘર્ષસંદેશ

### હિમાંશુ ત્રિવેદી

વિજ્ઞાન એ એક બૌદ્ધિક તથા પ્રાયોગિક પ્રક્રિયા છે કે જેમાં ભૌતિક તથા પ્રાકૃતિક વિશ્વનો સઘન અભ્યાસ, અવલોકન તથા પ્રયોગોના માધ્યમથી કરવામાં આવે છે. આજે જ્યારે ૨૧મી સદીમાં આપણે વિજ્ઞાન અને તેના આવિષ્કારોની મર્યાદાઓને પાર જવા થનગની રહ્યા છીએ ત્યારે સહેજે જ આપણને સમયની સાથે મુસાફરી કરી શકે તેવા અંતરિક્ષ યાન 'ટોયન્બી કન્વેક્ટર'ની કલ્પના કે જેમાં સાયન્સ ફિક્શન 'બ્રેડબરી રે'નો હીરો મુસાફરી કરે છે, ને સાકાર થતી આપણી નજર સમક્ષ જોઈ રહ્યા છીએ. પોતાની અનન્ય સિદ્ધિઓ અને સફળતાઓ વડે વિજ્ઞાન આપણને પ્રખ્યાત કવિ રૉબર્ટ રિલ્કેની પ્રસિદ્ધ પંક્તિઓમાં જાણે કહી રહ્યું છે કે, "Tell The Running Waters, I Exist."

સત્યની શોધમાં વિજ્ઞાને અનેક પ્રસ્થાપિત સત્યોને નકાર્યાં છે તથા નવા નવા સત્યો પ્રસ્થાપિત કર્યાં છે. તાજેતરમાં જ સમાચાર આવ્યા કે વર્ષો જૂની 'ટેલિગ્રામ' અથવા તો 'તાર સેવા'ને હવે તિલાંજલિ અપાનાર છે. અત્યંત સ્વાભાવિક જ છે કે આજકાલનાં ફેસબુક અને ટ્વીટરનાં ઝડપી જમાનામાં 'તાર'ની આ જૂની પદ્ધતિ કદાચ સંપૂર્ણપણે અવાસ્તવિક તથા કંઈક અંશે હાસ્યાસ્પદ પણ લાગે. પરંતુ સાથે સાથે અત્રે એ પણ યાદ રહેવું જરૂરી છે કે આ કાળક્રમે જૂની અને અવાસ્તવિક બની જતી તથા એક સમયે ખૂબ જ મહત્ત્વ ધરાવતી શોધો પાછળ વિશ્વનાં કેટલાંક બૌદ્ધિકોએ પોતાની જાત તથા જિંદગી ખર્ચી નાખી. ભલે થોડા વર્ષો પછી 'મોર્સ કોડ' ભૂલાઈ જશે પરંતુ આ શોધને પાર પાડવા માટે ફિનલે મોર્સે કરેલા અથાગ પ્રયત્નો તથા સંઘર્ષોની ગાથામાંથી જો આપણે પ્રેરણા લઈશું તો જ આપણે આના જેવી બીજી શોધ કરી શકીશું. તેથી અત્રે એ મહાન વૈજ્ઞાનિક ફિનલે મોર્સના જીવનની એક સંઘર્ષ કથાની એક ઝલક અત્રે અહીં પ્રસ્તુત છે.

વૈજ્ઞાનિક ફિનલે મોર્સનો જન્મ ૧૭૯૧ની સાલમાં અમેરિકાના એક ગામમાં કોઈ એક ગરીબ ઘરમાં થયેલો. (સામાન્ય રીતે આપણે ત્યાં એવી માન્યતા પ્રવર્તે છે કે ગરીબો ફક્ત પૂર્વનાં દેશોમાં જ હોય છે, પરંતુ હકીકતે યુરોપ અને અમેરિકામાં પણ ઘણા ગરીબો આજની તારીખે પણ વસે છે.) પિતા પાસે ધન ન હોવાને કારણે કદાચ ફિનલે મોર્સને શિક્ષણ મળી શક્યું ન હોત, પરંતુ ભણવા માટેની તેની તીવ્ર ધગશ અને ઉત્સાહ જોઈને તેના પિતાએ ઉધાર પૈસા લઈને પણ તેના શિક્ષણની વ્યવસ્થા કરી આપી. શાળાનું શિક્ષણ જેમતેમ પૂરું કરીને તે જ્યારે કૉલેજમાં પ્રવેશ્યો ત્યારે ખબર પડી કે કૉલેજનો ખર્ચ તો શાળાના ખર્ચ કરતાં અનેક ગણો વધારે હતો. કૉલેજની ફી ભરવા માટે તેણે હાથીદાંત પર ચિત્રો દોરવાની કળા શીખી અને એ ચિત્રો બજારમાં વેચીને કૉલેજની ફી ભરવા માંડી. પરંતુ આખરે આટલી નજીવી આવકમાં ક્યાં સુધી ટકી શકાય? તે થાકી ગયો અને કૉલેજ છોડી દીધી.

ફિનલે મોર્સની અદમ્ય ઇચ્છા ઈંગ્લેન્ડ જઈને અભ્યાસ કરવાની હતી આથી તે મિત્રો પાસેથી ઉધાર પૈસા લઈને ચાર વરસ સુધી ઈંગ્લેન્ડ ગયો અને શિક્ષણ મેળવ્યું. પરંતુ પાછા ફર્યા બાદ તેને ફરી પાછો વાસ્તવિકતાનો સામનો કરવો પડ્યો. એ ફરીથી પાછો પહેલાંના જેવો જ ગરીબ બની ગયો હતો. ફરીથી તેણે ચિત્રો બનાવવા તરફ હાથ અજમાવ્યો. જો કે તેમાં વધારે સફળતા ન મળી. ત્યારબાદ પોતાના ભાઈની મદદથી તેણે પાણી ઉપર ચડાવવાનાં એક પંપનું નિર્માણ કર્યું. પોતાની આ શોધ પ્રત્યે તેને ખૂબ જ આશા હતી કે તેનાથી પોતાની આર્થિક સ્થિતિ બદલાશે. પરંતુ એવું કંઈ જ ન બન્યું. એ ફરીથી પાછો બેકાર બની ગયો. આખરે એ અમેરિકા છોડીને યુરોપ આવ્યો.

એક વખત કોઈ જહાજમાં મુસાફરી કરતી વખતે તેણે ત્યાં બેઠેલા લોકો વાતો કરી રહ્યા હતા તેમાં એક મુસાફરની વાત સાંભળી. તે મુસાફર કહી રહ્યો હતો કે થોડા જ સમય પહેલાં પેરિસમાં એક અદ્‌ભુત શોધ થઈ ગઈ. એક ઓરડાની આજુબાજુ વીજળીનો તાર વીંટી દેવામાં આવે તો વીજળી તેમાંથી એક છેડાથી બીજા છેડા સુધી પહોંચી શકે છે. આ વાત સાંભળતાં જ મોર્સના મજગમાં એક ચમકારો થયો કે જો વીજળીને એક છેડાથી બીજા છેડા સુધી મોકલી શકાય તો કોઈ સંદેશને પણ કેમ ન મોકલી શકાય? વીજળીના તાર પ્રત્યે મોર્સને નાનપણથી આકર્ષણ રહેલું. તેણે તુરંત જ ઘરે પહોંચીને પ્રયોગો શરૂ કરી દીધા. ફરીથી તેણે મિત્રો તથા ભાઈ પાસેથી ઉધાર લઈને એક કઢંગું યંત્ર બનાવ્યું.

દરમ્યાનમાં મોર્સને એક કૉલેજમાં નોકરી મળી ગઈ. પરંતુ તેણે પોતાના યંત્રને વિક્સાવવાનું કાર્ય અવિરતપણે ચાલુ રાખ્યું. જ્યારે તેણે આ યંત્ર પોતાના એક શિષ્યને બતાવ્યું તો તે ચક્તિ થઈ ગયો તથા તેણે એ યંત્ર માટે ધનની વ્યવસ્થા કરી આપવાનું કહ્યું. તે શિષ્યનું નામ આલ્ફ્રેડ બેલ હતું. બેલના પિતાની અનાજ દળવાની ઘંટી હતી. તે જગ્યાએ બેલના પિતાએ મોર્સને એક ઓરડો કાઢી આપ્યો તથા જરૂરી ધન પણ અપાવ્યું. બંનેએ સાથે મળીને દિવસો સુધી પ્રયોગો કર્યા અને અંતે તેઓને યંત્રનો આવિષ્કાર કરવામાં સફળતા મળી. આ સફળતાના સમાચાર બેલના પિતાને જ્યારે આપવામાં આવ્યા ત્યારે તેમણે એક સંદેશો તૈયાર કરીને આપ્યો અને એ સંદેશો તે યંત્ર દ્વારા પોતાને મોકલવા જણાવ્યું. તે સંદેશો આ પ્રમાણે હતો, ‘‘ધૈર્યવાન અને દૃઢ સંકલ્પશક્તિ ધરાવતા લોકોનો શ્રમ કદી એળે નથી જતો.’’ આ સંદેશાને મોર્સે સફળતાપૂર્વક અન્ય સ્થળે પહોંચાડી બતાવ્યો.

અમેરિકન સરકારને મોર્સના આ મશીનની જાણ થતાં તેને બોલાવીને આ મશીનને વિક્સાવવામાં મદદ કરવાની દરખાસ્ત કરવામાં આવી. પરંતુ તેને માટે કરવા પડતા ખર્ચ માટે સરકારે સંસદની મંજૂરી લેવી પડે તેમ હતું અને તેમાં ઘણો બધો સમય વ્યતીત થાય તેમ હતું. આથી મોર્સ નિરાશ થઈ ગયો. દુઃખી હૃદયે તે ત્યાંથી નીકળવાની તૈયારી જ કરતો હતો એટલામાં જ એક અધિકારીની પુત્રીએ આવીને તેને સમાચાર આપ્યા કે ‘‘સંસદે ખર્ચને મંજૂરી આપી દીધી છે.’’ મોર્સે અત્યંત આનંદિત થઈને પેલી યુવતીને વચન આપ્યું કે જ્યારે પણ આ મશીનથી પ્રથમ સંદેશ મોકલશે ત્યારે એ પ્રથમ સંદેશ તેને જ મળશે.

લાંબા સમય સુધી કામ કરીને લાકડાનાં સ્તંભો પર તાર લગાવવામાં આવ્યા અને ત્યારબાદ મોર્સે પોતાના વચન પ્રમાણે પેલી યુવતીને એ પ્રથમ સંદેશ મોકલ્યો. ત્યાર બાદ મશીન દ્વારા ખબર મોકલવામાં આવ્યા કે ‘‘જેમ્સ જી. પોલોકની અમેરિકાના રાષ્ટ્રપતિ તરીકે વરણી કરવામાં આવી છે.’’ આ ખબર એ વિશ્વની પ્રથમ એવી ખબર હતી કે જેને તાર (ટેલિગ્રામ) મારફત મોકલવામાં આવી હતી. મોર્સે શોધેલા આ મશીનને ‘ટેલિગ્રાફ’ એવું નામ આપવામાં આવ્યું અને આ મશીને તેને વિશ્વપ્રસિદ્ધ બનાવી દીધો.

ફિનલે મોર્સની આ સંઘર્ષગાથા કદાચ આજના ‘સ્માર્ટ વર્ક’ કરવાના જમાનામાં થોડી અપ્રસ્તુત લાગે પરંતુ ‘સ્માર્ટ વર્ક’ની લ્હાયમાં આજે જ્યારે ‘હાર્ડ વર્ક’ કરવાની ક્ષમતા આજની પેઢી ગુમાવતી જાય છે ત્યારે ફિનલે મોર્સના ‘હાર્ડ વર્ક’ની આ કથા ઘણી જ પ્રેરણાદાયક છે. મોર્સે અનેક યાતનાઓ વેઠી તથા ગરીબી, ભૂખમરો, બેકારી વગેરે સામે પોતાના ધૈર્ય અને સંકલ્પશક્તિથી ઝઝૂમીને આ અપ્રતિમ સિદ્ધિ હાંસલ કરી હતી તથા વિશ્વના ઉચ્ચ કોટિના વૈજ્ઞાનિકોમાં પોતાનું નામ અમર કરી દીધું. તેનો શિષ્ય આલ્ફ્રેડ બેલ એ બીજો કોઈ નહીં પણ ટેલિફોનનો આવિષ્કર્તા બેલ જ હતો. આમ એક દૃષ્ટિએ મોર્સે બેલનું પણ ‘પથ પ્રદર્શન’ કર્યું હતું. ફિનલે મોર્સનું અવસાન ૧૮૭૨માં ૮૦ વર્ષની ઉંમરે થયું. આવનારા દિવસોમાં કદાચ ફેસબુક અને ટ્વીટરની આંધીમાં ‘મોર્સ કોડ’ ભૂલાઈ જશે પણ વિજ્ઞાનની શોધોની તવારીખમાં ફિનલે મોર્સનું સ્થાન તેણે તમામ વિપરીત સંજોગોની વિરુદ્ધ સંઘર્ષ કરીને હાંસલ કરેલ આ અદ્વિતીય સિદ્ધિને કારણે સુવર્ણ અક્ષરે અંકિત થયેલું છે તથા તે હંમેશને માટે યાદ રહેશે અને વિશ્વના લાખો વૈજ્ઞાનિકો અને શોધાર્થીઓને સતત પ્રેરણા આપતું રહેશે તે નિઃશંક છે.

(અધ્યક્ષ, ડિપાર્ટમેન્ટ ઓફ ફિઝિકલ સાયન્સીસ,
એનવીપાસ, વલ્લભ વિદ્યાનગર)

# રામાનંદ સંપ્રદાયની દીવાદાંડીઃ વૈષ્ણવમતાબ્જભાસ્કર

**વિપુલ એમ. શ્રીમાળી**

ઉપનિષદ, બ્રહ્મસૂત્ર અને શ્રીમદ્‌ભગવદ્‌ગીતા એ પ્રસ્થાનત્રયી પર શંકરાચાર્ય વલ્લભાચાર્ય કે રામાનુજાચાર્યની જેમ જ પ્રસન્નગંભીર પરમવૈદિક વિશિષ્ટાદ્વૈત પ્રતિપાદક 'આનંદભાષ્ય' નામના ભાષ્યની રચના દ્વારા આચાર્યનું ગૌરવમંડિત પદ પ્રાપ્ત કરનાર આચાર્ય રામાનંદજીએ **'बहुजन सुखाय बहुजन हिताय'**ની મંગલ ભાવનાથી સંસ્કૃત અને હિન્દી ભાષામાં કેટલીક બહુમૂલ્ય સાહિત્યિક રચનાઓ દ્વારા, માનવને અધ્યાત્મજ્ઞાનની સાથે સાથે જીવનના ઉદ્ધારનો ઉપદેશ પણ આપ્યો છે. આચાર્યશ્રીની સર્વ રચનાઓમાં 'આનંદભાષ્ય'ની દૃઢ આધારશીલા કે ગંગોત્રીરૂપ 'શ્રીવૈષ્ણવમતાબ્જભાસ્કર'નું સ્થાન અનન્ય છે.

દશમી શતાબ્દીમાં ભારતવર્ષના તમિલ પ્રાંતમાં વૈષ્ણવધર્મની વિશેષ ઉન્નતિ થઈ, જેમાં તત્કાલીન સંસ્કૃત વિદ્વાનોનો ફાળો પ્રશંસનીય છે. તેમણે 'વિશિષ્ટાદ્વૈત સિદ્ધાંત' અને 'પ્રપત્તિમાર્ગ'ની સ્થાપના કરી, એક નવીન 'વૈષ્ણવમત' વૈષ્ણવસંપ્રદાયને આપ્યો. તેઓ 'શ્રી' અર્થાત્ લક્ષ્મીના આદ્ય પ્રવર્તક હોવાથી 'શ્રીવૈષ્ણવ' નામથી પ્રસિદ્ધ થયા. રંગનાથમુનિ, યામુનાચાર્ય, રામાનુજાચાર્ય વગેરે વૈષ્ણવસંપ્રદાયના પ્રમુખ આચાર્યોની જેમ જ 'શ્રીવૈષ્ણવ'મતના પ્રવર્તક તરીકે જગદ્‌ગુરુ રામાનંદાચાર્યનું સ્થાન 'શ્રીસંપ્રદાય'માં અદ્વિતીય છે.

રામાનંદાચાર્યે શ્રીરામાનુજાચાર્યના વિશિષ્ટાદ્વૈત સિદ્ધાંતનું અનુમોદન કરી, **'માનવ માત્ર મોક્ષને પાત્ર'** એવા સૂત્ર સાથે આ સિદ્ધાંતને નવો ઓપ આપી તેનો સ્વીકાર કર્યો, જેને કારણે તેમના સિદ્ધાંતમાં તેમના દર્શનની એક આગવી છાંટ ઊભી થાય છે. રામાનંદીય સંપ્રદાયનો જાપ, મંત્ર, છાપ, તિલક અને પ્રામાણિક ગ્રંથ અલગ અલગ હોવાથી આ એક સ્વતંત્ર સંપ્રદાય છે. સ્વામી રામાનંદજી દ્વારા પ્રેરિત 'શ્રીરામાનંદ સંપ્રદાય' કે 'શ્રી સંપ્રદાય' અથવા 'વૈરાગી સંપ્રદાય' કે 'રામાવત્ સંપ્રદાય' એ એક અલગ અને સ્વતંત્ર સંપ્રદાય છે, જે તેમણે ભારતવર્ષને અને ખાસ કરીને હિન્દુધર્મને આપેલું એક અદ્વિતીય પ્રદાન છે.

સંસારરૂપી સાગરમાંથી જીવોનો ઉદ્ધાર કરવાની ઇચ્છાથી અને સાધારણ માનવને શાસ્ત્રાર્થનો યથાતથ બોધ થાય તથા અન્ય અલ્પમતિ પંડિતોથી દૂષિત 'શ્રી સંપ્રદાય'નો ઉદ્ધાર થાય એવા શુભાશયથી જગદ્‌ગુરુ શ્રીરામાનંદાચાર્યે શ્રુતિ, સ્મૃતિ, ઇત્યાદિના અર્થોનું સંકલન કરીને, પોતાના શિષ્ય સુરસુરાનંદજીને નિમિત્ત બનાવી, રામાનંદ સંપ્રદાયની દીવાદાંડી સમાન **'શ્રીવૈષ્ણવમતાબ્જભાસ્કર'** નામના અદ્વૈતવેદાંત પરંપરાના અદ્વિતીય ગ્રંથની રચના કરી. દશ પરિચ્છેદ અને ૨૦૦ શ્લોકોવાળા પ્રસ્તુત ગ્રંથમાં શ્રીરામાનંદાચાર્યે શ્રૌત વિશિષ્ટાદ્વૈત સિદ્ધાંતોનું પ્રતિપાદન કરેલું છે.

**'શ્રીવૈષ્ણવમતાબ્જભાસ્કર'**ના પ્રથમ પરિચ્છેદમાં નવ શ્લોકો છે, જેમાં પ્રથમ ત્રણ શ્લોકોમાં સંસ્કૃત સાહિત્યની પરિપાટી પ્રમાણે ગ્રંથ નિર્વિઘ્ને પૂર્ણ થાય એ માટે શ્રીરામાનંદજીએ પ્રારંભે શ્રીરામાનંદ સંપ્રદાય પ્રવર્તિકા જગતજનની શ્રીસીતાજી અને ભગવાન રાનચન્દ્રજીના અસ્ત્ર શસ્ત્રને નમસ્કાર કર્યા છે. આ નમસ્કારાત્મક મંગલાચરણ બાદ રામાનંદજીના બાર મુખ્ય શિષ્યોમાંના એક એવા, સુરસુરાનંદાચાર્ય જગતમાં રહેલા દુઃખી જીવોનો ઉદ્ધાર કરવાની ઇચ્છાથી પોતાના ગુરુવર્ય રામાનંદાચાર્યજીને **શ્રીવૈષ્ણવ.ભા.** (૧/૪)માં દશ પ્રશ્નો પૂછે છે:

तत्त्वं किं किञ्च जाप्यं परमिहविवुद्धैर्वैष्णवैर्ध्यानमिष्टम् ?
मुक्तेः किं साधनं सत्सुमतिमतिमतो धर्म एकोऽस्ति कश्च ।

धर्माणां वैष्णवास्ते गुरुवर ? कतिधा लक्षणं किञ्च तेषाम् ?
कालक्षेपः किमाप्यं कथमुरुशुभदं कुत्रकार्यो निवासः ॥

આ દશ પ્રશ્નોમાંથી 'तत्त्व किं?' એવા પ્રથમ પ્રશ્નનો ઉત્તર આપતાં રામાનંદાચાર્ય કહે છે કે, તત્ત્વને

જાણનારા વ્યાસ-પરાશર-બોધાયન વગેરે મહર્ષિઓએ તત્ત્વોને ત્રણ પ્રકારનાં કહ્યાં છે. અચિત્ ચિત્ અને પરમાત્મા. વિશિષ્ટાદ્વૈતમાં 'તત્ત્વત્રય' તરીકે પ્રસિદ્ધ ચિત્ (જીવ), અચિત્ (પ્રકૃતિ) અને પરમાત્મા (ઈશ્વર) આ ત્રણેયના જ્ઞાનથી તત્ત્વજ્ઞાનની સાચી સમજ આવે છે. આ ત્રણેયની પરસ્પરની વિભિન્નતા અને ત્રણેયનો પરસ્પરનો સંબંધ સમજવો અત્યંત આવશ્યક છે.

'अजामेकाम्' अजोह्येकः શ્વેતાશ્વતરોપનિષદ્ (૪/૫) શ્રુતિમાં તેને 'किं च अजामेकम्' કહેલ છે. આ અજાનો અર્થ 'જન્મશૂન્ય' એવો થાય છે. જેનો જન્મ નહીં, તેનું મૃત્યુ નહીં, અતઃ અજાનો અર્થ નિત્ય છે. વળી જો માયાને નિત્ય ન માનીએ તો આ ભૌતિક જગત કેવી રીતે ઉદ્ભવી શકે? 'શ્રીમદ્ભગવદ્ગીતા' (૨/૧૬) ના ''नासतो विद्यते भावो नाभावो विद्यते सत् ।'' એ સિદ્ધાંતાનુસાર 'असत्'માંથી 'सत्' વસ્તુની ઉત્પત્તિ થઈ શકતી નથી. માયા, પ્રકૃતિ, અચિત્ ઇત્યાદિ નામોથી બોધ્ય જે વસ્તુ છે, તે જ જો ન રહે તો 'सत्' જગત કદાપિ ઉદ્ભવી શકતું નથી. આથી જ માયાને નિત્ય માનેલ છે. વિભિન્ન પ્રકારનાં પાત્રોમાં પ્રતિબિમ્બિત સૂર્યનું પ્રતિબિમ્બ જેવી રીતે જુદું જુદું લાગે છે. આ અલગ લાગતા સૂર્યનાં પ્રતિબિમ્બો એ પ્રતિબિમ્બના વિકારો છે, સૂર્યના નહીં. તેવી જ રીતે સૃષ્ટિ પણ બ્રહ્મની માયાથી પ્રતિબિમ્બિત છે. આમ સૃષ્ટિ માયાનો વિકાર છે, બ્રહ્મનો નહીં.

**'શ્રીવૈષ્ણવમતાબ્જભાસ્કર'** (૧/૬)માં રામાનંદજી પ્રથમ અચિત્-પ્રકૃતિ તત્ત્વ અર્થાત્ જગતનું નિરૂપણ કરે છે. જ્યારે **'શ્રીવૈષ્ણવમતાબ્જભાસ્કર'** (૧/૭)માં આચાર્યજી દ્વિતીય ચિત્ તત્ત્વ એટલે કે જીવની સામાન્ય પરિભાષા આપે છે.'' **શ્રીવૈ.મ.ભા.** (૨/૫ થી ૭)માં રામાનંદાચાર્યજી ભગવાન અને જીવના પિતા-પુત્ર, રક્ષક-રક્ષ્ય, સેવ્ય-સેવક, શેષી-શેષ, ભર્તુ-ભાર્યા અને આધાર-આધેય એમ છ પ્રકારના સંબંધોનો સ્વીકાર કરે છે. **શ્રીવૈ.મ.ભા.** (૬/૩)માં 'जीवो द्विधाऽमन्यत बद्धमुक्त भेदेन पूर्वैस्तु महर्षिवर्यैः ।' એમ કહી, રામાનંદજી પૂર્વ મહર્ષિ માન્ય બદ્ધ અને મુક્ત એવા જીવના બે ભેદોનું નિરૂપણ કરે છે. શ્રૌતવિશિષ્ટાદ્વૈત મત અનુસાર, બ્રહ્મ અને જીવ અલગ અલગ તત્ત્વો છે. શ્રીરામચન્દ્રજી વિશેષ્ય રૂપ છે તો અન્ય વિશેષણ રૂપ છે. રામાનંદાચાર્ય **શ્રીવૈ.મ.ભા.** (૧/૮)માં બ્રહ્મતત્ત્વ એટલે ઈશ્વર અર્થાત્ પરમાત્માને વિશ્વની ઉત્પત્તિ, પાલન અને લયના નિયામક ગણાવે છે. આ બ્રહ્મ નિત્ય છે, બ્રહ્મા આદિના પણ વિધાયક છે. વેદોના દ્રષ્ટા છે, સ્વયં સર્વજ્ઞ છે, સદ્ યોગીઓની રક્ષા કરનારા છે, સર્વ પ્રકારનાં બંધનોથી મુક્ત છે. **'શ્રીવૈષ્ણવમતાબ્જભાસ્કર'**માં પ્રયુક્ત 'बहुशुभगुणवान' (૧/૮) અને 'दिव्यगुणाब्धि' (૯/૨) જેવાં અનેક વિશેષણો દ્વારા આચાર્યજી સગુણ બ્રહ્મની પ્રતિષ્ઠા કરે છે.

વૈષ્ણવોએ કાલક્ષેપ એટલે સમયયાપન કેવી રીતે કરવો, એ આઠમા પ્રશ્નના ઉત્તરમાં રામાનંદજી **શ્રીવૈ. મ.ભા.** (૮/૨ અને ૯) કહે છે કે દિવસના પ્રાતઃ મધ્યાહ્ન તથા સાયં એ ત્રણેય કાળખંડમાં સતત ચિંતનયોગ્ય શ્રીરામની યથાશક્ય ઉપચારો વડે સેવા કરીને, દિવ્ય સ્તોત્રદિના પાઠ-પારાયણ કરતાં કરતાં જીવનપર્યન્ત સમય પસાર કરવો. પરમાત્માને જાણ્યા પછી જિજ્ઞાસુઓને બીજું કશું જાણવાનું રહેતું નથી. વળી કોઈ સ્વતઃ અધ્યયનમાં અક્ષમ હોય તો કથા સાંભળવી, કથા સાંભળવાની અનુકૂળતા ન હોય તો ગુરુ દ્વારા પ્રાપ્ત મંત્રનું મનન અને જાપ કરી, અયોધ્યા, દ્વારિકા વગેરે પવિત્ર તીર્થસ્થાનોમાં નિવાસ કરતાં કરતાં શ્રીરામના સુભક્તોએ ઈર્ષા વિનાના થઈને અંગદેવતાઓ અને પાર્ષદો સહિત સીતાજી અને ભરતાદિ અનુજોથી યુક્ત શ્રીરામનું કૈંકર્ય કરતાં કરતાં સમય પસાર કરવો.

ભક્તે પોતાના હૃદયમાં સ્થાપિત કરેલી વિભૂતિ (પ્રતિમા)ને અર્ચાવતાર કહેવાય છે. આ અર્ચાવતારની ઉપાસના ઉપર ભાર મૂકતાં શ્રીરામાનંદાચાર્ય **શ્રીવૈ. મ.બા.** (૫/૧૪)માં જણાવે છે કે, વિદ્વાન પુરુષોએ ષોડશોપચારથી ઈશ્વરના અર્ચાવતારની પૂજા કરવી જોઈએ. અર્ચાવતારનું કૈંકર્ય ભગવદ્ભક્તોનું સર્વસ્વ છે. આ ક્રિયાકલાપ એટલા માટે આવશ્યક છે કે, અર્ચાવતારમાં ઈશ્વરના સ્નાન, ભોજન વગેરે સમસ્ત કૃત્યો અર્ચક-ભક્તને અધીન હોય છે. અર્ચાવતારની પૂજના પ્રકારોની વિચારણા કરતાં **શ્રીવૈ.મ.ભા.** (૫/૧૧) માં શ્રી રામાનંદજી કહે છે કે, અર્ચાવતાર મૂર્તિવિશેષ છે. અર્ચાવતાર સ્વયં વ્યક્ત, દૈવ, સૈદ્ધ અને માનુષ એમ ચાર પ્રકારના છે. અર્ચાવતારની ઉપાસનાનો અધિકાર ઉપાસકનો જ છે. સર્વપ્રથમ અર્ચાવતારની

અને આ પછી ક્રમશઃ વિભવ, વ્યૂહ અને અંતર્યામીની ઉપાસના કરવામાં આવે છે.

રામાનંદ સંપ્રદાયનો મહામંત્ર - **रां.-रा मा य न मः** એ રામાનંદ સંપ્રદાયના મંત્રને, મહામંત્ર, મંત્રરાજ કે ષડાક્ષર મંત્ર પણ કહેવાય છે. શ્રીરામાનંદજી શ્રીવૈષ્ણવમતાબ્જભાસ્કરમાં જપ્યાત્મક-રહસ્યનિરૂપણ, મંત્રરાજરહસ્ય, મંત્રરત્નરહસ્ય અને ચરમમંત્રરહસ્ય જેવા સાંપ્રદાયિક મંત્રોની વિચારણા કરે છે. શ્રીરામાનંદજી **શ્રીવૈ.મ.ભા.** (૨/૨)માં મંત્રરાજનું રહસ્ય સમજાવતાં કહે છે કે, રામાનંદસંપ્રદાય અનુસાર જીવોની સમસ્ત અપેક્ષિત લૌકિક વસ્તુઓના પ્રદાતા, સર્વવ્યાપક, મોક્ષદાતા અને સ્તુતિ કરવા યોગ્ય પરમાત્મા રામ છે. રામમંત્રનો આદિ શબ્દ 'રામ' વૈદિક શબ્દ છે. રામમંત્ર સાકેતલોકમાં બિરાજમાન રામથી ઉપદિષ્ટ મંત્ર છે. આ મંત્ર ભગવાન શ્રીરામે, સીતાજીને અને સીતાજીએ હનુમાનજીને આપ્યો હતો. આ પછી ભૂલોકમાં રામ મંત્રવતાર થયો અને ત્યાર પછી જ બ્રહ્માદિ મુનિઓ દ્વારા પૃથ્વી ઉપર પ્રવૃત્ત થયો.

**ભગવત્પૂજનનો સંક્ષિપ્ત ક્રમ** - **શ્રીવૈ.મ.ભા.** (૫/૧૩ અને ૧૪)માં ભગવત્પૂજનવિધિ સમજાવતાં આચાર્ય રામાનંદજી કહે છે કે, ભજનાનન્દી મહાપુરુષ પ્રાતઃકાલે શૌચાદિ બાદ સ્નાન કરી, પવિત્ર પૂજાસ્થાનમાં બેસીને આવાહન, આસન, પાદ્ય, અર્ધ્ય, આચમન, સ્નાન, વસ્ત્ર, યજ્ઞસૂત્ર, ગંધ, પુષ્પ, ધૂપ, દીપ, નૈવેદ્ય, તાંબુલ, પ્રદક્ષિણા અને વિસર્જન પર્યન્તના ષોડશોપચારની વિધિ વડે મન્ત્ર સહિત ભગવાનનું પૂજન કરવું. જો પૂજા કરનારો દ્વિજ અર્થાત્ બ્રાહ્મણ, ક્ષત્રિય કે વૈશ્ય હોય તો પુરુષસૂક્તના સોળ મન્ત્રો વડે પૂજા કરે અને દ્વિજ ન હોય અર્થાત્ શુદ્ર હોય તો પુરાણોક્ત મંત્રો વડે પૂજા કરવી.

**કર્મકાંડનું મહત્ત્વ અને સ્થાન** - રામાનંદસંપ્રદાયમાં દીક્ષિત થવા માટે પંચ સંસ્કાર અત્યંત આવશ્યક ગણાયા છે. આ સંદર્ભે રામાનંદાચાર્ય **શ્રીવૈ.મ.ભા.** (૩/૧૧)માં કહે છે કે, પંચ સંસ્કારોમાં દીક્ષિત થઈને શ્રેષ્ઠ ભાગવતજનોએ મહાઈન્દ્રનીલમણિની સમાન શ્યામ કાંતિવાળા કૃપાનિધિ જાનકીજી અને લક્ષ્મણજીની સાથે શ્રીરામની અહર્નિશ ભક્તિ કરવી જોઈએ. **શ્રીવૈ. મ.ભા.** (૭/૨ અને ૫)માં રામાનન્દાચાર્ય કહે છે કે, પંચ સંસ્કારથી સુસજ્જિત વૈષ્ણવોને કપાસના સુંદર સાત સૂત્રથી બનેલા ઉત્તમ કટિસૂત્ર કોપીન, ઉર્ધ્વ વસ્ત્ર આદિને ધારણ કરવા જોઈએ. આ રીતે પંચ સંસ્કારોથી સંસ્કૃત બનીને ભક્તે ભગવાનના મંગલપ્રદ દિવ્ય જન્મ, દિવ્ય કર્મો અને દિવ્ય નામોનું નિરંતર ઉચ્ચારણ કરવું જોઈએ. પંચાયુધોથી અંકિત બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય, શુદ્ર, સ્ત્રી આદિ વિષ્ણુરૂપ હોવાથી સમસ્ત જગતને પવિત્ર કરનારા છે. 'રામાનંદ સંપ્રદાય'માં પૂજા સિદ્ધાંત તથા કર્મકાંડને નિયમોમાં બાંધીને જટિલ બનાવાયાં નથી અને સંપ્રદાયના વિધિવિધાન આદિને પણ ભગવદ્વિગ્રહ જેટલું જ મહત્ત્વ અપાયું નથી. શ્રીરામાનંદાચાર્ય **શ્રીવૈ.મ.ભા.** (૩/૬)માં કહે છે કે, 'હે પ્રિયવર! શ્રીરામપરાયણ ભક્તજનોએ સર્વદા સર્વશક્તિમાન શ્રીરામના દ્વિભુજ સ્વરૂપનું જ ધ્યાન ધરવું જોઈએ.'

રામાનંદાચાર્ય **શ્રીવૈ.મ.ભા** (૪/૨૭)માં કહે છે કે, 'जातोऽत्र रामः स्वयमेव विष्णुः' અર્થાત્ આ ભૂતલ ઉપર સ્વયં વિષ્ણુ જ શ્રીરામ સ્વરૂપે અવતીર્ણ થયેલા છે. વળી પરવિષ્ણુ, મહાવિષ્ણુ, સ્વયંવિષ્ણુ, સનાતનવિષ્ણુ, સાક્ષત્ વિષ્ણુ આદિ વિશેષણ-વિશિષ્ટ નામો પરબ્રહ્મ શ્રીરામનાં જ વાચક છે. પંચદેવ-ત્રિદેવ અંતર્ગત સત્ત્વગુણ અભિમાની એક બ્રહ્માંડના નાયક વિષ્ણુ છે. શ્રીરામ ભગવાન વિષ્ણુના અભિન્ન અંશ છે તથા તેમને અભિન્ન હૃદય-મસ્તિકવત્ 'दीपादुत्पन्नदीपवत्' અભિન્ન માનેલ છે.

**શ્રીરામાનંદાચાર્યના મતે મોક્ષ વિચારણા** - ભારતીય સંસ્કૃતિમાં ધર્મ, અર્થ, કામ અને મોક્ષને માનવજીવનના મુખ્ય ચાર પુરુષાર્થો માનેલ છે. જગદ્ગુરુ શંકરાચાર્ય કહે છે 'मुक्तवस्था हि सर्ववेदान्तेषु एकरुपैवावद्यीयते' (શાં.ભા. ૩/૪/૫) અલબત્ત મોક્ષ પ્રાપ્તિ વિશે મતમતાંતરો જોવા મળે છે. શાસ્ત્રોમાં કહ્યું છે કે, 'ज्ञानात् ऋते न मोक्षः' તો વલ્લભાચાર્ય-રામાનંદાચાર્યજી વગેરે આચાર્યો ભક્તિથી મોક્ષ પ્રાપ્તિ થાય છે, એવું મંતવ્ય ધરાવે છે. રામાનંદજી કર્મવિશિષ્ટ જ્ઞાનને જ મોક્ષનું કારણ માને છે. રામાનંદ સંપ્રદાયમાં ભક્તિને મોક્ષના પ્રમુખ સાધન તરીકે સ્વીકારવામાં આવેલ છે. ભક્તિ માટે જરૂરી સાધન દર્શાવતાં રામાનંદાચાર્ય **શ્રીવૈ.મ.ભા.** (૪/૨)માં કહે છે કે,

तप्तेन मूले भुजयोः समङ्कनं शरेण चापेन तथोर्ध्वपुण्ड्रकम् ।
श्रुतिश्रुतं नाम च मन्त्रमालिके संस्कारभेदाः परमार्थहेतवः ॥

રામાનંદાચાર્યજીએ **શ્રીવૈ.મ.ભા.** (૪/૧૩)માં પરા એટલે કે અનન્યા ભક્તિની વિશેષતા દર્શાવતાં કહે છે કે, 'શ્રીરામમાં તૈલધારાની જેમ નિત્ય અવિચ્છિન્ન સ્મરણ અને પ્રત્યક્ષાકાર જ્ઞાનથી ઉત્પન્ન શ્રીરામમાં પરમ અનુરાગને જ અનન્યાભક્તિ કહેવાય છે.' આ અનન્યા (પરા)ભક્તિ વિવેકાદિ સાત પ્રકારનાં કારણોથી ઉત્પન્ન થાય છે તથા યમ આદિ આઠ પ્રકારનાં કારણોથી યોગ્યરૂપે બોધ કરવામાં કારણાત્મક અંગરૂપ છે. આચાર્યજી **શ્રીવૈ.મ.ભા.** (૬/૨)માં કહે છે કે, મુમુક્ષુઓનું પરમાત્માના શરણમાં જવું જ શ્રેયકર છે, કારણ કે તેઓ પરમ દયાળુ અને ઉદાર છે તથા તેમને કોઈ પ્રકારમાં ક્રિયાકલાપની જરૂર નથી. પ્રપત્તિ અર્થાત્ નિર્હેતુક કૃપા એટલે કે દયા કે શરણાગતિને સમજાવતાં શ્રીરામાનંદાચાર્ય **શ્રીવૈ.મ.ભા.** (૪/૪૮)માં કહે છે કે, શ્રેષ્ઠ વિદ્વાનોએ કૃપાસિન્ધુ પરમકીર્તિસમ્પન્ન, અચિન્ત્ય વૈભવવાળા ભગવાન અર્થાત્ શ્રીરામજી (વિષ્ણુ)ની અન્યના કષ્ટ પ્રત્યે સહનશીલતાને જ 'દયા' કહી છે. ભગવાનની શરણાગતિનો સર્વને અધિકાર છે. માનવમાત્ર માટે શ્રીરામજીની પ્રપત્તિનો સ્વીકાર કરીને, શ્રીસાકેતાધીશ શ્રીરામચન્દ્રજીનું કૈંકર્ય પ્રાપ્ત કરવાની આજ્ઞા આપતાં શ્રીરામાનંદાચાર્યજી **શ્રીવૈ.મ.ભા.** (૪/૫૦)માં કહે છે કે,

सर्वे प्रपत्तेरधिकारिणः सदा शक्ता अशक्ता पदयोर्जगत्प्रभोः ।
अपेक्ष्यते तत्र कुलं बलं च नो न चापि कालो न च शुद्धतापि वै ॥

અર્થાત્ ભગવાનની આ નિર્હેતુક કૃપાના ઊંચ-નીચ, અશક્ત-સશક્ત, ધનિક-નિર્ધન, સર્વે અધિકારી છે. પ્રપત્તિની વિચારણા કરતાં **શ્રીવૈ.મ.ભા.** (૪/૪૨)માં શ્રીરામાનંદજી કહે છે કે, "અનંત કર્મપ્રવાહ દ્વારા આ સંસારરૂપી મહાસાગરમાં ચિરકાળથી ડૂબતા અસ્વતંત્ર ચેતન જીવો પર ભગવાનની પ્રપત્તિ અર્થાત્ નિર્હેતુક કૃપા અવશ્ય ઉત્પન્ન થાય છે." શ્રીરામાનંદજીએ **શ્રીવૈ.મ.ભા.** (૬/૧૧)માં પ્રપન્નજનોના દપ્ત અને આર્ત એવા બે ભેદોની પણ વિચારણા કરી છે. આ વિશે શ્રીરામાનંદજી **શ્રીવૈ.મ.ભા.** (૨/૩૬ અને ૩૭) માં કહે છે કે, "પ્રપન્નજનો દ્વારા કર્મયોગ, જ્ઞાનયોગ અને ભક્તિયોગ પૈકી કોઈપણ એકનો આશ્રય લેવાથી મુક્તિ પ્રાપ્ત થાય છે." આમ, છતાં ઉપાસકો માટે ભગવત્પ્રપત્તિ જ પરમ ઉપાય છે. આ પ્રપત્તિના ફળદાતા ભગવાન શ્રીરામજી છે.

પ્રપત્તિનું બીજું અંગ ન્યાસ છે. કારણ કે, ન્યાસ વિના આરાધ્યની કૃપા પ્રાપ્ત થતી નથી. આચાર્ય રામાનંદજી **શ્રીવૈ.મ.ભા.** (૪/૫૪)માં મુજબ સદાચારપરાયણ, હરિચરણ કમળાનુરાગી, નિત્યશૂર, મહાત્માજન વગેરે ન્યાસને પરમાત્મા શ્રીરામની કૃપાનું કારણ માને છે. 'ન્યાસ'ની સ્પષ્ટતા કરતાં રામાનંદજી **શ્રીવૈ.મ.ભા.** (૪/૪૯)માં જણાવે છે કે, તત્ત્વવિચારમાં નિપુણ, ભગવન્નિષ્ઠ, પરમ આસ્તિક, પરમ નિપુણ વિદ્વાનોએ 'સ્વપ્રવૃત્તિની નિવૃત્તિ'ને જ ન્યાસ કહ્યો છે. આ ન્યાસ કૂળ, બળ, કાળ અને બાહ્ય પવિત્રતાની અપેક્ષા રાખતો નથી. પ્રપત્તિ માટે કર્મોના સંપૂર્ણ ત્યાગને જ અભિષ્ટ કહ્યો છે. આ ન્યાસની ભગવાનની કૃપા એટલે કે પ્રપત્તિની પ્રાપ્તિ થાય છે અને એથી જ મનુષ્યને મોક્ષની પ્રાપ્તિ સંભવ બને છે.

મોક્ષ અંગે વિદ્વાનોમાં અનેક મતભેદોનો હોવા છતાં "विष्णोरनुचरत्वं हि मोक्षमाहुर्मनीषिणः" અર્થાત્ "મનીષીઓ ભગવાનના અનુચર બનવાને મોક્ષ કહે છે." એ વચન અનુસાર પરાશરાદિ પૂર્વાચાર્યો ભગવત કૈંકર્યને જ મોક્ષ કહે છે. એ જ રીતે **શ્રીવૈ.મ.ભા.** (૨/૩૩ અને ૩૪)માં શ્રીરામાનંદજી પણ રામની કૈંકર્ય પ્રાપ્તિને જ મોક્ષ ગણાવે છે. મોક્ષના સાલોક્ય, સામીપ્ય, સારૂપ્ય અને સાયુજ્ય એવા ચાર પ્રકાર છે, આમ છતાં આ ચારેય પ્રકારોમાં ભગવાનની નિરંતર સેવા જ પરમ મોક્ષ છે, એમ મહર્ષિઓ માને છે. આમ કૈંકર્યની પ્રધાનતા હોવાને કારણે રામાનંદસંપ્રદાયમાં 'સાયુજ્ય' નામનો મોક્ષનો પ્રકાર જ સર્વાધિક મહત્ત્વ ધરાવે છે.

ભગવાનના અનુગ્રહથી સાંસારિક બંધનોથી છૂટી સાકેતલોકની પ્રાપ્તિ કરી સાયુજ્યને પ્રાપ્ત થવાને જ મોક્ષ કહેવામાં આવ્યો છે. રામાનંદાચાર્યજી **શ્રીવૈ.મ.ભા.** (૯/૫ થી ૯)માં સ્પષ્ટપણે કહે છે કે મુમુક્ષુ અને આત્મવાન્ પુરુષ સત્સંગના પ્રભાવથી, સર્વ સાંસારિક પદાર્થોથી નિસ્પૃહ બની, સદ્ગુરુના આશ્રયથી શ્રીરામજીની પ્રપત્તિ સ્વીકારી, સમસ્ત પ્રારબ્ધ કર્મોનો ઉપભોગ કરી, પ્રપત્તિથી અતિરિક્ત અનન્ય કર્મોનો

નાશ કરી, સન્યાસ દ્વારા સર્વકર્મસ્વતંત્ર ભગવાનની પરમ અનુકંપાથી ભગવાનના હાર્દ અને ઉત્તમ અનુગ્રહ દ્વારા સુષુમ્ણા નાડીના દ્વારથી નીકળી, ત્યાંથી અર્ચિમાર્ગને પ્રાપ્ત થાય છે. ત્યાંથી અનેક ઉત્તમોત્તમ સુખોની સ્પૃહાથી પૃથક્ બની, છ માસવાળા ઉત્તરાયણને પ્રાપ્ત થાય છે. ત્યાંથી સંવત્સરલોકને, સંવત્સરલોકથી સૂર્યલોકને, સૂર્યલોકથી ચન્દ્રલોકને અને ચન્દ્રલોકથી વિદ્યુતલોકને પ્રાપ્ત થાય છે. તે તે લોકોમાં દેવો દ્વારા પૂજાઈને તે અમાનવ-માનવભાવ શરીરથી રહિત પુરુષ અર્ચિરાદિ બ્રહ્મમાર્ગથી પરમાત્માના સનાતન સર્વોત્કૃષ્ઠ સાકેતલોકમાં સાયુજ્યને પ્રાપ્ત કરી, ભગવાનની સાથે સર્વથા આનંદમાં વિહાર કરે છે. આમ રામાનન્દાચાર્ય અર્ચિરાદિમાર્ગે ક્રમમુક્તિમાં માને છે. સદ્યોમુક્તિનો તેઓ સ્વીકાર કરતા નથી. આચાર્ય રામાનંદજી **શ્રીવૈ. મ.ભા.** (૧૦/૩)માં કહે છે કે,

जितेन्द्रियः प्रपन्नः सून बुधः श्रीजानकीपतिम् ।
अनुष्ठाय मतं चेदं परमं स्थानमाप्नुयात् ॥

અર્થાત્, જિતેન્દ્રિય થઈને આત્મરતિ પ્રાપ્ત કરીને, જે વિદ્વાન ભગવાન શ્રીરામચન્દ્રજીની શરણાગતિનું અવલંબન કરીને આ (રામાનંદ સંપ્રદાય)મતનું અનુષ્ઠાન કરશે, તેઓ પરમ સ્થાન-નિત્ય-દિવ્ય સાકેતલોકને પ્રાપ્ત થશે.)

પ્રસ્તુત ગ્રંથ **'શ્રીવૈષ્ણવમતાબ્જભાસ્કર'**માં પોતાના શિષ્ય સુરસુરાનંદાચાર્યે કરેલા દશ પ્રશ્નોના ઉત્તરરૂપે રામાનંદાચાર્યજી વૈષ્ણવમતની વિશદ વિચારણા કરી, દાશરથી રામચન્દ્રજીને પરબ્રહ્મપદે પ્રતિષ્ઠિત કરી, સ્વમતની સૂક્ષ્મરૂપે સ્થાપના કરે છે. આમ આ દશ પ્રશ્નો અને તેના ઉત્તરો દ્વારા **'શ્રીવૈષ્ણવમતાબ્જભાસ્કર'**માં આચાર્ય રામાનન્દજીએ શ્રૌતવિશિષ્ટાદ્વૈત સિદ્ધાંતને સાદી સરળ ભાષામાં સવિસ્તર નિરૂપી, સ્વમતની પ્રતિષ્ઠા કરી છે. આથી **'શ્રીવૈષ્ણવમતાબ્જભાસ્કર'** એ રામાનંદ સંપ્રદાયની દીવાદાંડી સમાન ગ્રંથ છે, એમ નિઃશક કહી શકાય.

**સંદર્ભસૂચિઃ**


१. श्रीवैष्णवमताब्जभास्करः जगद्गुरु श्रीरामानंदाचार्य, श्रीरामेश्वरानंदाचार्य,

जगद्गुरु श्रीरामानंदाचार्यपीठ, अहमदाबाद, प्रथम संस्करण, अेप्रिल, १९९७.

२. श्रीवैष्णवमताब्जभास्करः जगद्गुरु श्रीरामानंदाचार्य, श्रीरामेश्वरानंदाचार्य

जगद्गुरु श्रीरामानंदाचार्यपीठ, श्रीकोसलेन्द्र मठ, पालडी, अहमदाबाद, प्रथम संस्करण, जनवरी, २००३.

३. श्रीरामानंद-दर्शन, समीक्षा, श्रीवैष्णव भगवानदास, श्री रामानन्द संत आश्रम, ऋषिकेश (उ.प्र.), प्रथम संस्करण, १९९२.



(આચાર્ય, શ્રી જે.એમ. પટેલ આર્ટ્સ કૉલેજ, આણંદ)


## પ્રતિભાવ

'વિ-વિદ્યાનગર'નો ઑગસ્ટ ૨૦૧૩નો અંક મળ્યો છે – આભાર – આનંદ અભિનંદન. કાવ્ય તથા લેખોની સુરુચિપૂર્ણ – ઉપયોગી – મનનીય પસંદગી માટે તંત્રીશ્રી તથા ટીમને હાર્દિક અભિનંદન.

૧. પ્રદીપજી (એ મેરે વતનકે લોગો) તથા

૨. મહંમદ ઇકબાલનું (સારે જહાં સે અચ્છા) ગીત હાલના સંજોગોમાં રાષ્ટ્રપ્રેમનો ઉત્કર્ષ કરનારનું બની રહેશે.

૩. ઝવેરચંદ મેઘાણીનું 'કોઈનો લાડકવાયો' પ્રેરક અને પ્રોત્સાહક માનું છું.

૪. પૃ. ૧૨થી પૃ. ૪૨ (૩૦ પાનાં)માં સુભાષ બોઝ, વીર સાવરકર, જ. નેહરુ, મો.ક. ગાંધી, મૌ. અ.કલામ આઝાદ, કાકાસાહેબ કાલેલકર, સ્વામી વિવેકાનંદ, ન.ચી. કેળકર, સરદાર પટેલ અને ક.મા. મુનશીના 'ચિંતન' વિભાગના લેખોની પસંદગી પ્રશંસનીય છે. નવી પેઢીને નવી જાણકારી મળશે.

૫. પારુલબેન ટીના દોશી 'પ્રાચીન ભારતમાં સ્ત્રીઓ' ઉપર જે કામ કરી રહ્યાં છે, તે ખૂબ મહત્ત્વનું માનું છું. અનેક મહત્ત્વના સંદર્ભો ટાંકીને પોતાનો સંશોધન લેખ (મહિલા વિશ્વકોશ માટે) તૈયાર કર્યો છે. તે બદલ તેમને તથા તમને અભિનંદન.

તમારા તંત્રીપદ હેઠળ સામયિક ઉત્તરોત્તર પ્રભાવશાળી – ઉપયોગી બની રહે તેવી શુભેચ્છા.


લિ. સ્નેહાધીન, એસ.વી. જાની
નિવૃત્ત પ્રોફેસર અને અધ્યક્ષ,
ઇતિહાસ વિભાગ, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, શિવમ્,
સેતુબંધ સોસાયટી, મહિલા કૉલેજ પાછળ, રાજકોટ – ૩૬૦ ૦૦૭ મો.: ૯૪૨૮૭૦૧૧૮૯

# નવજાત શિશુ સંભાળ

**અભિષેક વાય. પાટલીયા, એમ.ડી. (આયુ.)[1]**
**એ.આર. વી. મૂર્તિ, એમ.ડી. (આયુ)[2]**

કૌમારભૃત્ય એ આયુર્વેદનાં આઠ અંગોમાંનું એક મહત્ત્વપૂર્ણ અંગ છે. આ તંત્ર બાળકનાં ભરણ-પોષણ, ઉત્તમ વૃદ્ધિ-વિકાસ અને બાળકોને થતાં રોગોનાં નિરાકરણ સાથે સંબંધિત છે. જો જમીન સારી હશે તો જ તેમાં રોપેલું બીજ વૃક્ષ બની શકે છે તથા સંપૂર્ણ પલ્લવિત થઇને સમાજ ઉપયોગી બની શકે છે, તેમ જો બાળકનું યોગ્ય ભરણ-પોષણ તેમજ યોગ્ય સંભાળ રાખવામાં આવે તો જ તે પૂરો વૃદ્ધિ-વિકાસ પામી સમાજ તથા રાષ્ટ્ર માટે ઉપયોગી બની શકે છે. એવું કહેવાય છે કે આજનાં બાળકો આવતીકાલની રાષ્ટ્રીય સંપત્તિ છે. જો બાળક સ્વસ્થ અને પરમ મેધાવી હોય તો રાષ્ટ્ર આપોઆપ સંપત્તિવાન બની જાય. જો માતા અને બાળક સ્વસ્થ રહે તો સમાજ પણ સ્વસ્થ રહે છે.

નવજાત અવસ્થા એ બાળકના જન્મથી લઈને એક માસ સુધી ગણાય છે. આ અવસ્થા ઘણી નાજુક હોય છે. આથી આ સમયમાં સ્વચ્છતા, તાપમાન નિયંત્રણ અને પોષણ વિશેષરૂપે મહત્ત્વ ધરાવે છે. આ માટે નીચે મુજબની યોગ્ય સંભાળ રાખવી જોઈએ, જેથી શિશુને વિવિધ રોગોથી બચાવી શકાય તથા તેનો યોગ્ય વૃદ્ધિ અને વિકાસ થાય.

૧. નવજાત શિશુની નાભિનાળને સાફ અને કોરી રાખવી. મળ, મૂત્ર અને પાણીથી ચેપ ન લાગે તેનું ધ્યાન રાખવું જોઈએ. દરરોજ નાભિનાળને સ્પિરિટથી સાફ કરી જાત્યાદિ તેલથી વૈદ્ય પાસે ડ્રેસિંગ કરાવવું જોઈએ. જ્યાં સુધી નાભિનાળ ખરી ન જાય ત્યાં સુધી તેને ખેચવું નહી અને ખરી ગયા બાદ તેમાંથી લોહી, પરુ કે પાણી જેવું પ્રવાહી નીકળે તો ઘરે જાતે ઉપચાર ન કરતાં યોગ્ય ચિકિત્સકીય સારવાર કરવી જોઈએ.

૨. જન્મ બાદ નવજાત બાળકને કાળા તલનું તેલ, સરસિયું તેલ કે ઔષધિસિદ્ધ તેલ જેવાં કે બલા તેલ, બલાશ્વગંધાદિ તેલ, લાક્ષાદિ તેલને નવશેકાં ગરમ કરી બાળકનાં માથાથી પગ સુધી ઉપરથી નીચે હળવા હાથે માલિશ કરવી જોઈએ. ત્યારબાદ હૂંફાળા પાણીથી સ્નાન કરાવવું જોઈએ.

૩. વડ, પીપળો, ઉંબરો જેવા વૃક્ષોની છાલથી ઉકાળેલા; ચંદન, અગરૂ, તગર જેવાં સુગંધીત ઔષધોથી ઉકાળેલા અથવા સોના કે ચાંદીના સિકકાને અગ્નિ પર તપાવીને છમકારેલા હૂંફાળા પાણીથી સ્નાન કરાવવું જોઈએ.

૪. બાળકનાં જન્મથી છ માસ સુધી ફકત માતાનું ધાવણ જ આપવું જોઈએ. માતાનું ધાવણ બાળક માટે શ્રેષ્ઠ ખોરાક છે.

૫. જન્મ બાદ તરત જ માતાનું ધાવણ આપવું જોઈએ. માતાનું ધાવણ તરત જ આપવાથી નવજાતની રોગ સામે લડવાની તાકાત વધે છે. આમ તો સામાન્ય રીતે માતાને બાળકના જન્મ બાદ ત્રીજા કે ચોથા દિવસે દૂધ બરાબર આવે છે. એટલે આ સમય દરમિયાન નવજાતને બે ટીપાં મધ અને એક ટીપું ઘી સરખી રીતે ભેગું કરીને ચટાડવું જોઈએ. જરૂરિયાત પ્રમાણે દિવસમાં બે થી ત્રણ વાર આપવું જોઈએ.

૬. બાળકને વારંવાર ધાવણ આપવું ન જોઈએ. બે ધાવણ વચ્ચે ઓછામાં ઓછું બે કલાકનું અંતર રાખવું જોઈએ. ધાવણ આપ્યા પછી બાળકને ઓડકાર ન આવે ત્યાં સુધી ખભે રાખી થાબડવું જોઈએ. પછી જ બાળકને સૂવડાવવું જોઈએ.

૭. માતાએ બાળકને ધાવણ બેસીને જ પીવડાવવું જોઈએ તથા વારાફરતી બંને સ્તનમાંથી દૂધ પીવડાવવું જોઈએ. માતાએ સૂતા સૂતા બાળકને ધાવણ ન આપવું જોઈએ કારણ કે સૂતા સૂતા

ધાવણ આપવાથી બાળકનાં મુખમાંથી કાન સાથે જોડાયેલી એક નળી દ્વારા દૂધ કાનમાં જવાની સંભાવના રહે છે જેથી તે નળીમાં સોજો આવીને બાળકને કાનમાં દુઃખાવાની ફરિયાદ થઈ શકે છે.

૮. માતાનું ધાવણ જો બરાબર ન આવતું હોય તો તેને વધારવા માટેના પ્રયત્નો કરવાં જોઇએ. જીરું, શતાવરી, અશ્વગંધા, જેઠીમધ, જીવંતી, વિદારી કંદ જેવાં ઔષધો, શેરડીનો રસ, દૂધ, દ્રાક્ષ, મધુર અન્નપાન આપવાથી માતાનાં ધાવણને વધારી શકાય છે.

૯. નવજાત શિશુને જે રૂમમાં રાખવાનો હોય તે સ્વચ્છ, જંતુરહિત અને પૂરતાં હવા ઉજાસવાળો હોવો જોઈએ. રૂમને જંતુરહિત કરવા માટે આયુર્વેદિક દિવ્ય ધૂપનો ઉપયોગ કરવો જોઈએ. જેને આ રીતે બનાવી શકાય. હિંગ, સરસવ, અળસી, લસણ, લીંડીપીપર, ગુગળ, લીમડાનાં પાન, નિલગીરીનાં પાન, મીઠા લીમડાનાં પાન, અરડૂસીનાં પાન, ધતુરાનાં પાન, બીલીપાન, અજમો, કાળા તલ, કાળામરી, હળદર, આંબાહળદર, તુલસી, આકડો, ડમરો, રાળ, લોબાન, કપૂર આ બધાં દ્રવ્યોનો જાડો ભૂકો કરી છાણાને સળગાવી આ પાવડરને ઘી સાથે ભેળવી દેવતા પર નાંખી સવાર, સાંજ રૂમમાં ધૂપ કરવો જોઈએ.

૧૦. નવજાત શિશુનાં શરીરનાં તાપમાનનું ખાસ ધ્યાન રાખવું જોઈએ. કારણ કે વધારે કે ઓછું તાપમાન નવજાત શિશુ માટે હાનિકારક છે.

૧૧. નવજાત બાળકને કયારેય એકલું રાખવું નહીં તથા અંધારામાં અને એકાંતવાળી જગ્યામાં રાખવું જોઈએ નહીં. ઘોંઘાટ, વધુ પડતો પ્રકાશ વગેરેથી પણ દૂર રાખવું જોઈએ.

૧૨. નવજાત શિશુને તાવ, શરદી, ઝાડા, ઉલટી વગેરે કોઇપણ રોગ થાય તો સમજ્યા વગર ઘરેલું ઉપચાર ન કરતાં યોગ્ય બાળચિકિત્સક પાસે ચિકિત્સા કરાવવી જોઇએ.

૧૩. બાળક છ માસનું થાય પછી વિવિધ ઋતુ અનુસાર ફળોનો ધીરે ધીરે ઉપયોગ કરવો જોઇએ. ફળોના રસ કાઢીને અથવા ફળને બરાબર મસળીને ચટણી જેવું બનાવી શિશુને આપવું જોઈએ.

૧૪. સામાન્ય રીતે બાળકને સાત કે આઠ માસ બાદ દાંત આવવાની શરૂઆત થાય છે. દાંત આવવાની ઘટના એ સૂચવે છે કે શિશુનું પાચનતંત્ર વધુ મજબૂત થયું છે જેથી તેને હવે પછી અનાજ, કઠોળ, લોટમાંથી બનેલાં આહારદ્રવ્યો જેવાં ઠોસ આહારને આપી શકાય. આથી શિશુને જલદીથી વધુ પોષણ મળી જાય તેની ઉતાવળમાં દાંત આવ્યા પહેલાં રોટલી, અનાજ, કઠોળ, ખીચડી જેવાં ઠોસ આહારદ્રવ્યો ન આપવાં જોઈએ. નહીંતર બાળકને નાની ઉમરથી જ પાચનતંત્રને લગતાં રોગો થવાની સંભાવના વધી જાય છે, જેથી બાળકને ખોરાકનું પૂર્ણ પાચન ન થતાં અને પૂરતું પોષણ ન મળતા બાળક દુર્બળ અને રોગોથી પીડિત રહે છે.

૧૫. બાળક ૧ વર્ષનું થાય ત્યારબાદ માતાનું ધાવણ ધીરે ધીરે સંપૂર્ણ બંધ કરી દેવું જોઈએ. કારણ કે ૧ વર્ષ પછી બાળક માટે માતાનું ધાવણ પૂરતું થતું નથી.

૧૬. બાળકને છ માસ પછી જ પીવા માટે પાણી આપવું અને તે પાણી ઉકાળીને ગરમ કરેલું જ હોવું જોઈએ.

૧૭. ઠંડી ઋતુમાં નવજાત શિશુનાં હાથ-પગને મોજા અને માથાને ટોપીથી ઢાંકી દેવું જોઈએ. તથા સ્વેટર પહેરાવી આખા શરીરને શાલથી વિટાળવું જોઈએ. જેથી શિશુનાં શરીરનું તાપમાન ઘટી જતાં અટકાવી શકાય.

૧૮. નવજાત શિશુનાં માથા પર બ્રહ્મરંધ્ર પર રૂનું પેડ બનાવી તેને બલાતેલમાં બોળીને રાખવું જોઈએ, જેથી શિશુને વાયુથી થતાં રોગોથી બચાવી શકાય.

૧૯. શિશુ જે રૂમમાં હોય ત્યાં એક પાણી ભરેલા માટીના ઘડાને રાખવો જોઈએ, જેથી રૂમમાં ભેજનું યોગ્ય પ્રમાણ જળવાઈ રહે તથા શિશુને ઠંડકનો અનુભવ થાય.

૨૦. બાળકની પથારી, ઓશીકું, ચાદર, વસ્ત્રો વગેરે મળ, મૂત્ર, પરસેવાથી રહિત, જંતુરહિત, સ્વચ્છ, સાફ, બરાબર ધોયેલાં, સૂકવેલાં અને ઉપરોક્ત આયુર્વેદિક દિવ્ય ધૂપથી ધૂપિત કરેલાં હોવાં જોઈએ, જેથી શિશુને રોગોથી બચાવી શકાય.

૨૧. અષ્ટાંગહૃદય નામના આયુર્વેદીય ગ્રંથના લેખક આચાર્ય વાગ્ભટ્ટે ઉલ્લેખ કર્યો છે કે બાળકનાં હાથ અને ડોકમાં ઘોડાવચને ધારણ કરાવવી જોઈએ. તેનાથી આયુની વૃદ્ધિ, ઉત્તમ મેધા અને સ્મરણશકિત, સ્વાસ્થ્ય પ્રાપ્ત થાય છે તથા સંક્રામક જીવાણુઓથી રક્ષણ થાય છે.

૨૨. પ્રાચીન આચાર્યોમાં બાળરોગોના નિષ્ણાત એવા કાશ્યપ ઋષિએ પોતાના ગ્રંથ કાશ્યપસંહિતામાં સુવર્ણપ્રાશનની વિધિ તેમજ તેના લાભોનું વર્ણન કરેલું છે. તેમના મુજબ પૂર્વ દિશામાં મુખ કરીને ધોયેલાં સ્વચ્છ પથ્થર પર સુવર્ણ ઘસીને મધ અને ઘી સાથે મિશ્ર કરી ચટાડતાં મેધા, અગ્નિ અને બળ વધારે છે. તે આયુષ્ય આપવાવાળું, કલ્યાણકારક, પુણ્યકારક, વૃષ્ય, વર્ણ્ય (શરીરનાં વર્ણને ઊજળો કરનાર) તથા ગ્રહબાધાને દૂર કરવાવાળું છે. સુવર્ણપ્રાશનથી બાળક એક માસમાં મેધાયુકત બને છે તથા બાળકનું રોગોથી રક્ષણ થાય છે. જો છ માસ સુધી સુવર્ણપ્રાશન કરાવવામાં આવે તો તે શ્રુતધર (સાંભળેલી વાતને યાદ રાખવાવાળું) બને છે અર્થાત્ તેની સ્મરણશકિત ખૂબ જ વધે છે. સુવર્ણપ્રાશનનાં ટીપાં પીવડાવવા કરતાં તેને સાંદ્ર સ્વરૂપે પ્રાશન કરાવવું વધુ યોગ્ય છે. સુવર્ણપ્રાશન નિષ્ણાત વૈદ્યની દેખરેખ હેઠળ જન્મેલાં બાળકથી ૧૨ વર્ષ સુધીનાં તમામ બાળકોને કરાવી શકાય છે. પરંતુ ફકત એક જ દિવસ તે કરાવવાથી પૂરું થઈ જતું નથી. પણ જો પુષ્ય નક્ષત્ર જેવા શુભ દિવસથી શરૂ કરીને સતત એક માસ કે છ માસ સુધી કરાવવામાં આવે તો સુવર્ણપ્રાશનનાં તમામ લાભોને મેળવી શકાય છે.

([1]લેકચરર, કૌમારભૃત્ય વિભાગ, [2]ડીન એન્ડ સુપ્રીન્ટેન્ડેન્ટ, જી જે પટેલ આયુર્વેદ કોલેજ,. વલ્લભ વિદ્યાનગર, આણંદ)

*॥ વૃત્તવિશેષ ॥*

**રઘુવીરનું રાષ્ટ્રીય સન્માન**

ગુજરાતી ભાષાના શિરમોર સર્જક ડૉ.રઘુવીર ચૌધરીને સાહિત્ય અકાદેમી(દિલ્હી)ની મહત્તર સદસ્યતા(ફેલોશિપ) અર્પણ કરાઈ છે. ગુજરાતી સાહિત્ય પરિષદના ટ્રસ્ટી અને પ્રમુખ રહેલા ડૉ.ચૌધરીને વિશ્વનાથ પ્રસાદ તિવારીના હસ્તે આ ફેલોશિપ એનાયત થતાં ગુજરાતી વિશ્વ ગૌરવની લાગણી અનુભવે છે.

**કુલપતિપદે પુનઃ ડો.હરીશ પાઠ**

સરદાર પટેલ યુનિવર્સિટીના કુલપતિના હોદ્દે વધુ ત્રણ વર્ષ માટે ડૉ.હરીશ પાઢની નિમણૂક કરવામાં આવી છે. ચારુતર વિદ્યામંડળ દ્વારા ૧૯૫૫માં સંસ્થાપિત વલ્લભ વિદ્યાપીઠ પાછળથી રાજ્ય સરકારસંચાલિત સરદાર પટેલ યુનિવર્સિટી તરીકે કાર્યરત છે.

**સિતાંશુને કુસુમાગ્રજ એવોર્ડ**

ગુજરાતના જાણીતા કવિ-વિચેચક અને સૌરાષ્ટ્ર યુનિવર્સિટી પૂર્વ કુલપતિ ડૉ.સિતાંશુ યશશ્ચચંદ્રને મરાઠી ભાષાના વિખ્યાત સર્જક કુસુમાગ્રજની સ્મૃતિમાં અપાતો કુસુમાગ્રજ નેશનલ એવોર્ડ આપી સન્માનિત કરાયા છે.

**દિલીપ ઝવેરી બાપાસી એવોર્ડ**

દક્ષિણ ભારતીય પુસ્તક વિક્રેતા અને પ્રકાશક સંઘ(બાપાસી) તરફથી કવિ શ્રી દિલીપ ઝવેરીને શાલ, માનપત્ર, રજતપાત્ર તેમજ રૂપિયા ૧લાખથી પુરસ્કૃત કરવામાં આવ્યા છે.

**વિનોદ જોષીને દલપતરામ એવોર્ડ**

ભાવનગરના કવિ વિવેચક અને મહારાજા કૃષ્ણકુમારસિંહ ભાવનગર યુનિવર્સિટીમાં ગુજરાતી વિભાગના અધ્યક્ષ ડૉ.વિનોદ જોષીને કવિવર દલપતરામની યાદમાં અપાતો દલપતરામ એવોર્ડ એનાયત કરવામાં આવ્યો છે.

# दलित आत्मकथा 'उठाईगीर' एक मूल्यांकन

अनीला मिश्र

किसी भी भाषा के साहित्य की जब हम बात करते है तब उसके साथ जुड़े समाज को अनदेखा नहीं किया जा सकता । क्योंकि साहित्य समाज का प्रतिबिम्ब है । जीये जानेवाले जीवन का यथातथ्य सहज निरुपण साहित्य द्वारा ही चित्रित होता है । कभी-कभी ऐसा भी होता है कि साहित्यकार अनायास ही वर्तमान समय के समाज के प्रश्नों को साहित्य के माध्यम से उठाता है, तो कभी निश्चित ध्येय की प्राप्ति के लिए साहित्यकार निश्चित विषय को पसंद करता है । इधर तीन-चार दशकों से दलित साहित्य या 'दलित लेखन' का व्यापक प्रचार-प्रसार हुआ । जब भी कोई नया लेखन साहित्य जगत में प्रवेश करता है तो परंपरा से चले आ रहे साहित्यिक विचारधारा को प्रभावित तो करता है साथ ही लोगों को भी यह सोचने के लिए विवश करता है कि आखिर इसके आने का क्या कारण है ।

हमारा देश स्वतंत्र हुआ, स्वतंत्रता के बाद हमने लोकशाही पद्धति को स्वीकार किया, जिसमें सभी को समान समझा गया, सभी को मताधिकार प्राप्त हुआ लेकिन जब हम 'सभी' शब्द का प्रयोग करते है तो क्या समाज के सभी लोगों को समानता का अधिकार मिल पाया है ? यह प्रश्न विचारणीय हो उठता है ।

समाज में आभिजात्य कहे जाने वाले लोगों द्वारा हमेशा से ही निम्नजाति के लोगों का शोषण होता रहा है जिनके लिए आज कल 'दलित' शब्द प्रयोग किया जाता है । मेरी दृष्टि में जाति के आधार पर जो निम्न है उनके लिए दलित शब्द प्रयोग उचित नहीं है क्योंकि दलित तो कोई भी हो सकता है कभी-कभी उच्चवर्ग का गरीब व्यक्ति भी दलित की संज्ञा को सार्थक करता है । दलित अर्थात् जो भी समाज द्वारा ठुकराए गए हैं, जिनका शोषण किया जाता हो फिर वह चाहे ब्राह्मण हो या शूद्र, स्त्री हो या पुरुष ।

दलित साहित्यकारों ने परंपरा से चले आ रहे साहित्य के मूल्यों को ही बदल दिया । जहाँ पहले साहित्य के लिए कान्तासंम्मती उपदेश का होना अनिवार्य माना जाता था वहीं दलित साहित्य ने यथार्थ की कठोरता को सामने लाने का प्रयास किया । दलित आंदोलन महाराष्ट्र से प्रारंभ हो सम्पूर्ण देश में विस्तरित हो गया । दलित साहित्य में उपन्यास अधिकांशतः आत्मकथा के रुप में सामने आए जिसमें लेखन ने अपने जीए हुए जीवन की वास्तविकता को बिना किसी आवरण के प्रस्तुत किया ।

लक्ष्मण गायकवाड ने अपनी मराठी आत्मकथा 'उठाईगीर' में लिखा है – ''जिस समाज में मैं जन्मा उसे यहाँ की वर्णव्यवस्था और समाज अवस्था ने नकारा है । सैंकडों नहीं हजारों वर्षो से मनुष्य के इस रुप में इस अवस्था द्वारा नकारा गया मेरा यह समाज पशुवत् जीवन जीने के लिए मजबूर किया गया । रोजी-रोटी के सभी साधन और सभी मार्ग हमारे लिए बंद कर दिए गए और इस कारण चोरी करके जीना यही एक मात्र पर्याय हमारे सम्मुख शेष रह गया ।'' मनुष्य किसी भी जाति या धर्म का क्यों न हो अपने पेट की आग को बुझाने के लिए वह निकृष्ट से निकृष्ट कार्य करने से भी नहीं डरता । उठाईगीरों भी दरिद्रता, उनकी मज बूरी, भूख के कारण होनेवाली उनकी झटपटाहट और अभावग्रस्तता को लेखक ने देखा और सहा भी है इसी कारण ये इन जाति के लोगों की वेदना को यथातथ्य मुखरित कर सके है ।

समाज में दलित कहे जानेवाले लोग भी आखिरकार है तो मनुष्य ही है, वे भी सम्मान के साथ जीना चाहते और जब वे इसके लिए आगे कदम बढाना चाहते है तो उन्हे अपने समाज, उसकी परंपराओं से भी संघर्ष करना पड़ता है और तथाकथित सभ्य समाज से भी । उनका अपना समाज भी यह नहीं चाहता कि वे उससे बाहर निकले । लेखक ने लिखा है – ''चोरियाँ कैसे की जाएँ इसे सिखलाने वाले दल हमारी जाति में होते है । अन्य स्थानों पर बच्चों की पढाई के लिए शिक्षक होते है और बच्चे ठीक से पढे-लिखे इसलिए शिक्षक और माँ-बाप उनकी पिटाई भी करते हैं । परंतु हम उठाईगीर में सब कुछ भिन्न है । हमारे यहाँ बच्चों को चोटियाँ सिखलाने के लिए अलग-अलग प्रकार के दल होते है ।'' ऐसे लोगों के बीच जीवन जीते हुए भी लेखक को कभी-कभी इससे बाहर निकलने की भी इच्छा होती है । जब भी वह किसी को भरपेट खाते या अच्छा पहनते देखता तो उसे सबसे अधिक क्रोध अपनी जाति पर ही आता ।

आज वैश्विकरण के समय में भी देश का एक बडा हिस्सा जो अशिक्षित है, कुचला हुआ है वह नर्क से भी बत्तर जीवन जीने के लिए विवश है 'उठाईगीर' में ऐसे ही जीवन का वर्णन किया गया है । ''हमारा घर बहुत ही छोटा था । उसमें सभी लोग चीलर की तरह भरे रहते । एक ही छप्पर के नीचे बकरियाँ भी बाँधी जाती और आदमी-औरतें भी सोते । जाड़े के दिनों में बहुत परेशानी होती । दोनों में एक ही चादर / हमारी इस एक चादर में कुत्ता भी घुस जाता । बकरियाँ पास में बधी रहती, रात में वे पेशाब करती । उनकी पेशाब ठीक मेरे नीचे फैलती । बकरियों की वह गरम पेशाब जोड़ की उस ठंड में सुखद लगती ।'' ऐसे कई मार्मिक व दयनीय वर्णन इस आत्मकथा के माध्यम से लेखक ने प्रस्तुत किए है जिसे पढने से इनके प्रति सहानुभूति का होना सहज हो जाता है । इन लेखको ने अपनी 'स्व' की अनुभूति को अपनी लेखनी द्वारा मूर्ति रूप प्रदान किया किन्तु इनके द्वारा किए वर्णन उनके समाज के प्रति एक धृणा का भी भाव उत्पन्न करते है ''सबेरे-सबेरे दर्जनों औरते वहाँ आती, सभी ओर मैल-ही-मैल । हमें वहाँ चलना भी मुश्किल हो जाता । ऐसे स्थान को हम साफ करते और यहीं सुअर भुनतें और खाते, हम बच्चे उस गरम कलेजे के टुकड़े को बगैर चबाए निगल जाते ।''

समाज का यह वर्ग भी शिक्षा पाना चाहता है, अपनी स्थिति में सुधार लाना चाहता है और जब वह दूसरें बच्चों की तरह स्कूल जाता है तो वहाँ बी उसे दुत्कारे ही मिलती है । साथ ही उसका अपना साज भी उसे ताने देता जब एक बार बस्ती में हैजा फैलता है तो सभी इसका कारण उठाईगीर लक्ष्मण के स्कूल जाने को ही मानते है ।

अपने समाज की परंपराओं उसके बंधनों को अस्वीकार करते हुए लक्ष्मण थोड़ा बहुत पढ़ लिख लेता है, शहर में एक मिल में नौकरी करने लगता अपने भाइयों को भी वह उस नर्क से निकालता है किन्तु समय-समय पर उसकी जाति उसके लिए अवरोधक बनती है यहाँ तक की इससे घूटने के लिए वह अपनी जाति ही बदल लेता है । दलित लेखकों की आज सबसे बड़ी माँग यह है कि उन्हे जाति के आधार पर या नाम के आधार पर न परखा जाय वे एक मनुष्य हे और इसी रुप में उन्हे देखा जाय । आज भी हम देखते है कि पढ-लिखकर समाज में कुछ बन जाने पर ये लोग अपनी जाति बदल लेते है सभ्य कही जाने वाली जातियों के नाम धारण कर लेते है । ऐसा ये भले ही समाज में ये सम्मान पाने के लिए करते हो लेकिन अपने ही समाज से कटते जा रहे है । कई बार तो ऐसा भी देखा जाता है कि सभ्य समाज में अपना स्थान बना लेने के बाद ये अपने ही समाज में लौटकर नही जाना चाहते ।

उठाईगीर का नायक जब अंत में काम करने लगता है तब उसे अपने सभी ऊपरी अफसरों को उनके हिस्से देने पड़ते है तब वह यह सोचने पर विवश हो जाता है कि यहाँ रिस्वत या हिस्सा लेना चोरी नहीं समझा जाता और जब वह अपने पेट की आग बुझाने के लिए उठाईगीर का काम करता था तो ये पुलिसवाले किसी तरह उसके लोगों की पिटाई करते थे ।

समाज का यह दलित वर्ग अपनी स्थिति में सुधार लाना चाहता है और इसी उद्देश्य को लेकर आज इस प्रकार का साहित्य आ रहा है ऐसे साहित्य का मूल्यांकन हम सौंदर्यशास्त्र के अनुसार नहीं कर सकते बल्कि जेसा कि प्रेमचंद ने कहा था कि — ऐसे साहित्य का या ऐसे लोगों का सौंदर्य उनकी स्थूल सुंदरता में नहीं बल्कि उनके संघर्ष में है । दलित साहित्य के कारण समाज के हीन समझे जाने वाले वर्ग की पीड़ा, उनकी छटपटाहट, उनकी वेदना को समझने का एक अवसर प्राप्त हो सकता है, वे भी मनुष्य है, उनका भी आत्मसम्मान होता है यह जाना जा सकता है । दलित साहित्य से समाज में परिवर्तन आया है या आएगा यह तो समय ही बताएगा किन्तु शिक्षित लोगों की संवेदनाओं को झनकृत अवश्य कर सकेगा । ऐसा मेरा विश्वास है ।

एक पंक्ति है — 'कर्म से मुँह मोडकर तू इबादत न कर'[२]

भरोसा छोड किस्मत का बड़ी मेहनत तो कर । कौन कहता है गरीबी के दामन से लिपटा है तू । [३]

जीवन ही अन्धेरी रातों में चिराग रोशनी तो कर ।[४]

## संदर्भ सूचि:


१. उठाईगीर — लक्ष्मण गायकवाड

२. मार्क्सवाद देवमूर्तियाँ नहीं गढता — डॉ. शिवकुमार मिश्र

३. भारतीय दलित आंदोलन — मोहनदास नैमिशराय

४. मराठी साहित्य परिदृश्य — चंद्रकांत बांदिवडेकर



(६, मानसरोवर पार्क, यमुनापार्क के पास, नानाबजार, वल्लभ विद्यानगर)

# Policy Paralysis and Falling Rupee


**Sunny Thomas**[1]
**Waheeda Sheikh**[2]

## Introduction

Exchange rate is the rate at which currency of one country can be exchanged with that of another country. There are many theories of determination of exchange rate. According to Purchasing Power Parity Theory exchange rate between two currencies is determined on the basis of their purchasing power in respective countries. For example if a set of commodities can be purchased in India by paying ₹ 50/- and the same set is purchase in United States for $ 1 then $ 1 = ₹ 50/-. Another theory of determination of exchange rate is Balance of Payments theory which is also called supply and demand theory. According to this theory the exchange rate is determined by the equilibrium between demand for foreign currency and its supply. The market forces of demand and supply determine the exchange rate which is nothing but the price of foreign currency just like the price of any other commodity. With the reduction in the supply of foreign currency and or increase in the demand for it, the price of foreign currency increases in terms of domestic currency. The increase in the price of foreign currency and resultant reduction in the value of domestic currency is known as depreciation. On the other hand a rise in supply and or fall in demand of foreign currency will result in appreciation of domestic currency. There are several factors which affect the supply of foreign currency. They are export earnings, incomes of repatriates, Foreign Direct Investments, Foreign Institutional Investments, Banking operations, Foreign Tourists and students, foreign loans etc. On the other hand demand is affected factors like imports, foreign repatriates, and global investment by government, domestic companies and citizens, domestic students and tourists going abroad etc. These factors are in turn influenced in long run by inflation rates, interest rates, BOP and GDP levels and in short run news and events that drive the exchange rates movement. Market imbalance causes a fluctuation in the domestic currency which is normal. However, figure 1 shows the rapid fall of Indian rupee since June 26 2013. This fall is taking place despite a number measures initiated by both Central government and Reserve Bank of India. There is a sense of pessimism and gloom enveloping the economic environment in the country today. The depreciation of Indian rupee is taking place due to factors which are domestic and international in nature. Inflation, rising interest rates, falling industrial production, rising fiscal deficit, static export performance, inelastic demand for Indian goods in international market, compulsive nature of import, increasing domestic cost of production, supply bottlenecks, flight of foreign capital and decline in foreign direct investment have contributed to weakening of economic fundamentals and hence depreciation of Indian rupee.

It would be unfair to single out our economy alone for all the ills. Almost all the developing economies such as Brazil, Korea, Malaysia, Mexico, Turkey, Thailand, Indonesia and China are facing similar predicament. There is deceleration of economic activities in the entire world.

Figure 1
₹ Vs $



## Causes of Depreciation in Indian Rupee

- **Worsening Current Account Deficit**

Alarming increase in the Current Account Deficit (CAD) is the main reason for continuous depreciation of Indian national currency. India posted a record current account deficit of 4.8 per cent of gross domestic product (GDP) in the year ending March. The reason behind the widening current account deficit is fast growing imports and slow movement of exports. This has increased Balance of Payment Vulnerability to **sudden stop and reversal of capital, especially, when sizeable flows comprises of debt and volatile portfolio investment.** The negative trade balance is around $ 119.2 billion. CAD widened both in absolute terms as well as a proportion of GDP. Government's failure to explore new destinations has led to poor growth of exports. In the absence of a single window clearance system and process delays, exports have failed to register good growth. Even traditional export areas have failed to show resilience making Indian produce globally less competitive. Policy paralysis and lack of direction to promote exports through diversifying export commodity basket and export destinations. Gold import has been one of the major factors in deterioration of CAD. Gold deposits, gold accumulation plans, gold linked accounts, gold linked pension products etc added to the increased domestic demand for gold. It is high time that the government should wake up and control gold import. The total gold import is around 380 tonnes in 2012-13.

- **Declining Foreign Exchange Reserves**

As can be seen in figure 2 India's foreign exchange reserves are one the reverse trend after 2011. India's foreign exchange reserve is precarious in comparison to her immediate neighbours.

The total foreign exchange of China is 3285 billion USD, Japan 1277 billion USD. A safe amount of foreign exchange reserve is a sure shield against volatility of domestic currency.


- **Insufficient Foreign Direct Investment (FDI) inflows**

Net FDI (inward FDI minus outward FDI) is positive. This means that inward FDI is higher than outward FDI. However, portfolio investment witnessed marked decline over the years. The capital account balance of balance of payments improved over the years. Nevertheless capital account surplus fell short of financing CAD. This phenomenon is resulting in a drawdown of foreign exchange reserves. Government has failed to tap major FDI inflow in the country. India has witnessed withdrawal of major projects by global giants like ArcelorMittal and Posco. ArcelorMittal scrapped its USD 12 billion steel plant project which is in Odisha. Posco pulled out of its Rs 30,000 crore steel plant project in Karnataka. Red tapism, land acquisition problems, government clearance delays, lack of promptness have all contributed to the withdrawal of major companies. In the year 2012-13 the expenditure of Indian companies overseas is greater than Foreign Investors in India.

- **Rising pressure of FII outflows**

Rising FII outflows from the country is putting a continuous pressure on the rupee value. Foreign investors have withdrawn nearly 10.5 billion USD in June and July 2013. On the issue of economic growth and recovery, Goldman Sachs, a leading global bank has downgraded Indian stock and has put the foreign investor on alert.

Figure 2 : India's Foreign Exchange Reserves (in Billion USD)



- **Increasing Import bill**

Rising import bill due increase in import of gold and silver, petroleum oil and lubricants is also major factors that have rendered government's effort to tackle the fall of rupee futile.

- **Overall economic contraction**

The Gross Domestic Product growth of India is experiencing contraction. It has been pegged down to less than 7 per cent by Ministry of Finance. In fact the manufacturing sector is continuously experiencing deceleration. Poor economic growth in the manufacturing and mining sector has derailed investor sentiment and they are shying away from investing in India. Industrial production in June contracted by 2.2 per cent and in July RBI reduced its growth forecast to 5 per cent for the fiscal year, from 5.7 per cent. This portrays a lack of confidence in the fundamentals of Indian economy. In the absence of a better sentiment, confidence in the rupee will stay shattered.

- **Strengthening of dollar overseas**

Another factor contributing to the weakening of Indian rupee **s**trengthening of dollar overseas due to gradual recovery of US economy. The strengthening of dollar is beyond government's control which is ultimately hammering the Indian currency. Constant efforts of the government might bring a very marginal respite for the rupee, but to bring it back to 55-level will be an uphill struggle.

**Measures to arrest the slide**

Prime Minister of India Dr Manmohan Singh has to become true leader of the cabinet and make his Ministerial colleagues to speak and act in cohesion. There has to be coordination between ministry of Finance, Commerce and Industry and Environment. An average Indian feels a sense of exasperation because the government has failed to provide true governance. Various arms of government such as RBI, Trade and Commerce, Commercial Banks, Non Banking Financial Institutions and Judiciary must act in unison.

- According to World Bank India received USD 69 Billion remittance during the calendar year 2012. Remittance from NRI is crucial in bridging current account deficit. The expatriates will come forward to buy assets in their native country with favourable rupee rate. Emphasis has to be place for further facilitating remittance. Government also should encourage software exports. Remittances particularly are known to exhibit resilience when the country is hit by an external shock.
- Arrest gold and silver import and control gold linked financial instruments and loan against gold as a collateral.
- Bring about exchange rate management, over all macroeconomic and financial stability including liquidity conditions.
- Capital account with an emphasis on promoting FDI and reducing dependence on FIIs.
- Current account deficit has to be bridged with the help of capital surplus from FDI.
- In the prevailing international financial architecture foreign exchange reserves are the first line of defense against volatile exchange rate.
- Government has to usher in the new generation reforms to attract FDI and trigger the growth rate.
- The Reserve Bank of India is embarked upon a futile mission to control the inflationary pressure in the economy with the help of monetary instruments. As a result interest rates have been increased more than 7 times in the last financial year. The net impact is that cost of capital has increased manifold leading to cascading effect in the manufacturing sector. It is imperative to kick start the manufacturing sector with the help of cheap and abundant capital. The RBI must take a relook at rejig of Cash Reserve Ratio, Statutory Liquidity Ratio, Repo rate and reverse repo rate.
- Kick start the Infrastructure projects, major power projects, coal projects and mining which have been stalled.

The current government has to wake up from its deep stupor and initiate a number of policy reforms. In this context it is worth mentioning that the Parliament is not functioning and most important pieces of legislations are in the limbo such as the pension bill, land acquisition bill, the insurance bill, banking legislation, Goods and Service Tax, Direct Tax Code to mention a few. Undue delays and public protests, lack of bold and dynamic leadership, lack of vision have hampered the growth story of India. An over cautious bureaucracy has brought governance to snail pace. By the grace of God the country is experiencing excellent monsoon giving hopes to a bumper crop and 3.5 per cent growth rate of agriculture sector.

1. Principal, ILSASS, Institute of Language Studies and Applied Social Sciences (A Charutar Vidya Mandal Institute), Vallabh Vidyanagar, Anand, Gujarat – 388 120, E Mail principal.ilsass@gmail.com

2. Faculty Economics, S.G.M.E. College of Commerce and Management SEMCOM (A Charutar Vidya Mandal Institute), Vallabh Vidyanagar, Dist Anand, Gujarat – 388 120, E Mail - waheedathomas@gmail.com

## સખા હિ જાયા – પત્નીઃ

**પારુલટીના દોશી**

(શિક્ષણમહર્ષિ ડૉ. સી.એલ. પટેલના વડપણ હેઠળના ચારુતર વિદ્યામંડળે ભારતીય મહિલા વિશ્વકોશ તૈયાર કરવાનું ભગીરથ કાર્ય હાથ ધર્યું છે. આ પ્રકલ્પ હેઠળ વેદકાલીન સ્ત્રીઓ વિશે સંશોધનકાર્ય શરૂ થઈ ચૂક્યું છે. અહીં વૈદિક યુગની સ્ત્રીનાં વિવિધ પાસાં શ્રેણીબદ્ધ કરાયાં છે. આપનાં સૂચનો અને પ્રતિભાવોની પ્રતીક્ષા છે. - તંત્રી)

*પહેલું સુખ તે જાતે નર્યા, બીજું સુખ તે ઘેર દીકરા*
*ત્રીજું સુખ ગુણવંતી નાર, ચોથું સુખ કોઠીએ જાર...*

આ કહેણીના ચાર સુખમાંથી ગુણવંતી નાર નામનું ત્રીજું સુખ સુશીલ અને સંસ્કારી પત્નીના અર્થમાં કહેવાયું છે!

ઉત્તર વૈદિક સાહિત્યમાં પત્ની નામની આ ગુણવંતી નારને વિવિધ નામે સંબોધવામાં આવી છે. ઐતરેય બ્રાહ્મણમાં ભાર્યા શબ્દ જોવા મળે છે. ગૃહિણીના રૂપમાં જાયા, જની અને પત્ની પ્રચલિત છે. પતિનો પ્રેમ મેળવનાર જાયા, સંતાનની માતા જની અને પતિની સહકર્મિણી પત્ની. આ ત્રણેય ભાર્યાના વિવિધ અવસ્થાના નામ છે.[૧] જોકે ડૉ. સુષ્મા શુક્લ જુદો અર્થ કરે છે. તેમના મતે પતિ પત્નીનું પોષણ કરે છે એટલે તે ભાર્યા કહેવાય છે. અને પતિ પત્નીમાં જ પુત્રરૂપે ઉત્પન્ન થાય છે એટલે તેને જાયા કહે છે.[૨] તેમણે 'વૈદિક વાઙ્મય મેં નારી'માં નોંધ્યું છે કે, 'ભારતીય સમાજે સ્પષ્ટરૂપે સમજી લીધું હતું કે માનવજીવનરૂપી ગાડીનાં બે પૈડાં છે. એક સ્ત્રી, બીજો પુરુષ. બન્ને પૈડાં સાથે સાથે ચાલે તો જ જીવનરૂપી ગાડી સડસડાટ દોડે. તેથી જ વૈદિક સાહિત્યમાં પત્નીને પતિની અર્ધાંગિની કહી છે.'[૩]

બ્રાહ્મણ ગ્રંથોમાં પત્નીને પતિનું અડધું અંગ ગણાવી છે. શતપથ બ્રાહ્મણ અનુસાર પુરુષ પત્નીને પ્રાપ્ત ન કરે ત્યાં સુધી તેનો જન્મ સાર્થક થતો નથી. પુરુષ સ્ત્રી દ્વારા જ પૂર્ણ થાય છે. આ સંદર્ભમાં ડૉ. ધીરેન્દ્રકુમાર સિંહે નોંધ્યું છે કે, 'વિવાહ કરીને પુત્ર ઉત્પન્ન કર્યા પછી જ વ્યક્તિને પૂર્ણ માનવામાં આવે છે. પુત્રની પ્રાપ્તિ માટે પત્નીનું હોવું આવશ્યક છે. એટલે જ પુરુષ પહેલાં પત્નીને મેળવે છે અને પૂર્ણતાની અનુભૂતિ કરે છે.'[૪] ઐતરેય આરણ્યકમાં પણ આ જ બાબતનું સમર્થન કરતાં કહ્યું છે કે, પુરુષ પત્નીને પ્રાપ્ત કરીને પોતાને અધિક પૂર્ણ સમજે છે.[૫] કદાચ આ જ કારણસર પતિપત્નીને એક દાળના બે દળ કહ્યા છે જેની સંયુક્ત સ્થિતિ જ બન્નેને પૂર્ણતા પ્રદાન કરે છે!

'એ કાળમાં પતિપત્નીનું સંયુક્ત રૂપ જ સમાજમાં સ્વીકૃત હતું...' શ્રીમતી ઊર્મિલાદેવી શર્માએ 'શતપથ બ્રાહ્મણ-એક સાંસ્કૃતિક અધ્યયન'માં આ શબ્દો નોંધ્યા છે. તેમણે લખ્યું છે કે, 'સ્ત્રીનું વાસ્તવિક સ્વરૂપ પત્નીનું જ હતું. શતપથ બ્રાહ્મણમાં પત્નીરૂપ વધુ ચર્ચિત છે. પતિ પત્નીની પ્રતિષ્ઠા કહેવાતો. પત્ની વિના પુરુષ સ્વર્ગમાં ન જઈ શકે એવી માન્યતા હતી. પત્ની પતિના પ્રત્યેક શ્રેષ્ઠ કાર્યમાં અનિવાર્યપણે ભાગ લેતી હતી કારણ તે અર્ધાંગિની હતી.'[૬]

પત્ની અર્ધાંગિની હોવાની સાથે જ પતિની મિત્ર પણ હતી. એટલે જ તેને સખા હિ જાયા[૭] કહેવામાં આવી છે. પતિ અને પત્નીની મૈત્રી અતૂટ હતી. સંબંધ સાત જન્મનો હતો. તેઓ સ્નેહપૂર્વક સાથે રહે એ સ્થિતિ આદર્શ ગણાતી. એક ઠેકાણે કહ્યું છે કે, 'સચ્ચાઈ પતિ છે અને વિશ્વાસ પત્ની, મન પતિ છે અને વાણી પત્ની, જ્યાં પતિ છે ત્યાં પત્ની છે.'[૮] એટલે જ તો વૃદ્ધ ચ્યવન ઋષિની યુવાન પત્ની સુકન્યા કહે છેઃ 'મારા પિતાએ મને જેને સોંપી છે તેને હું ક્યારેય નહીં છોડું...'

આ પ્રકારની પતિવ્રતા સ્ત્રીને સમાજ આદર આપતો. આ સ્ત્રીઓ કર્તવ્યપરાયણ હોવાથી લક્ષ્મીસ્વરૂપા કહેવાતી. તેમનાં કાર્યો અને કર્તવ્યો વિશે ડૉ. શુક્લએ

નોંધ્યું છે કે, 'ઘરમાં અગ્નિ પ્રજ્વલિત રાખવો એ પત્નીનું પ્રથમ કર્તવ્ય હતું. સાથે જ ઘરનાં નાનાંમોટાં કામ કરવા એ તેની ફરજ હતી. ગાયને દોહવી, દૂધ ગરમ કરવું, માખણ કાઢવું, ભોજન બનાવવું, બાળકોની દેખભાળ કરવી, નોકરોના કામની વ્યવસ્થા કરવી અને પશુઓની સારસંભાળ રાખવી... આ બધાં કામ પત્ની કરતી.'[૯]

પત્ની અન્ય કાર્યો પણ કરતી. એ વિશે ડૉ. એ.એસ. અલ્તેકરે નોંધ્યું છે કે, 'વૈદિક યુગમાં પત્નીઓ કૃષિકાર્ય કરતી. વસ્ત્ર વણતી. તીરકામઠાં બનાવતી. યુદ્ધની સામગ્રી પણ તૈયાર કરતી. આ રીતે તે સમાજની ઉપયોગી સભ્ય હતી અને સન્માનને પાત્ર હતી.'[૧૦]

બ્રાહ્મણ યુગમાં પત્નીની આ સ્થિતિ સિક્કાની ગરવી બાજુ હતી. સિક્કાની બીજી બાજુ વરવી હતી. સિક્કાની આ બાજુમાં પત્નીને ઊતરતી ગણવામાં આવી છે. જેમ રાજા પ્રજાનો ધણી છે તેમ પતિ પત્નીનો માલિક છે એવું સ્પષ્ટપણે કહેવામાં આવ્યું છે. પત્ની અપ્રતિવાદિની એટલે કે પતિ સાથે વાદવિવાદમાં ન ઊતરે એવી અપેક્ષા કરવામાં આવી છે. પત્નીને સલાહ આપવામાં આવી છે કે પતિ ભોજન કરી લે પછી જ ખાવું. એટલું જ નહીં, શક્તિશાળી પુત્ર પ્રાપ્ત કરવો હોય તો પતિએ પત્નીની હાજરીમાં ન ખાવું એવું સૂચન પણ કરાયું છે!

એ યુગમાં પત્ની પતિને અધીન હતી. એ વિશે ડૉ. સિંહે લખ્યું છે કે, 'અશ્વમેધ યજ્ઞમાં અશ્વના મોંમાં એક ઘેટું રાખવામાં આવતું. તેના દ્વારા પુરોહિત સ્ત્રીને અધીન બનાવતો. તેથી જ સ્ત્રીઓ પુરુષને અધીન હોય છે.' એ જ રીતે પત્નીના શરીર પર પતિનો અધિકાર ગણાતો. એ વિશે ડૉ. વિજય બહાદુર રાવે લખ્યું છે કે, 'દેવતાઓએ મારી મારીને પોતાની પત્નીઓને શક્તિહીન કરી દીધી હતી. આ પ્રકારે પીડિત અને શક્તિહીન હોવાને કારણે તેમનો પોતાના શરીર પર કોઈ અધિકાર નથી.'[૧૧]

પત્ની પર પતિનો અધિકાર હતો. અને એ અધિકારનો પતિ ભોગવટો પણ કરતો. એ વિશે બૃહદારણ્યક ઉપનિષદમાં નોંધ્યું છે કે, 'પત્ની સ્વેચ્છાએ સમર્પણ ન કરે તો પતિએ તેના પ્રત્યે પ્રેમ દર્શાવવો. વસ્ત્ર અને આભૂષણ આપીને તેને રાજી કરવી. છતાં એ ન માને તો તેને દંડનો ભય બતાડવો. અને એ રીતે તેને વશમાં કરવી.'[૧૨] સામ, દામ અને દંડની આ તે કેવી નીતિ?

ઉત્તર વૈદિક સાહિત્યમાં પત્નીની આ સ્થિતિ જોઈને એમ કહી શકાય કે પ્રાચીન ભારતીય નારીના પતનનો જે ઈતિહાસ પાછળથી ઉપલબ્ધ થાય છે તેનાં બીજ બ્રાહ્મણ ગ્રંથોમાં રોપાયાં હતાં.!

**પાદટીપઃ**

૧. બ્રાહ્મણ ગ્રન્થોં મેં પ્રતિબિંબિત સમાજ એવં સંસ્કૃતિ, ડૉ. ધીરેન્દ્રકુમાર સિંહ, પૃ. ૧૧૪

૨. વૈદિક વાઙ્મય મેં નારી, ડૉ. સુષ્મા શુક્લ, પૃ. ૪૩

૩. એજન, પૃ. ૪૬

૪. બ્રાહ્મણ ગ્રન્થોં મેં પ્રતિબિંબિત સમાજ એવં સંસ્કૃતિ, પૃ. ૭૩

૫. पुरुषो जायां तित्त्वा कृत्स्नतरमिवात्मानं मन्यते । ઐતરેય આરણ્યક ૧.૩.૫

- પુરુષ પત્નીને પ્રાપ્ત કરીને પોતાને અધિક પૂર્ણ માને છે.

૬. શતપથ બ્રાહ્મણ – એક સાંસ્કૃતિક અધ્યયન, શ્રીમતી ઊર્મિલાદેવી શર્મા, પૃ. ૧૨૧, ૧૨૨

૭. सखा हि जाया । ઐતરેય બ્રાહ્મણ ૩૩.૧

- પત્ની મિત્ર છે.

૮. બ્રાહ્મણ ગ્રન્થોં મે પ્રતિબિંબિત સમાજ એવં સંસ્કૃતિ, પૃ. ૮૨

૯. વૈદિક વાઙ્મય મેં નારી, પૃ. ૪૫

૧૦. ધ પોઝીશન ઑફ વુમન ઈન હિન્દુ સિવિલાઈઝેશન, ડૉ. એ.એસ. અલ્તેકર, પૃ. ૩૪૨

૧૧. ઉત્તર વૈદિક સમાજ એવં સંસ્કૃતિ, ડૉ. વિજય બહાદુર રાવ, પૃ. ૧૫૬

૧૨. सा चेदस्मै न दद्यात्काममेनामवक्रीणीयात् सा चेदस्मै नैव दद्यात्काममेनां यष्टया वा पाणिना । બૃહદારણ્યક ઉપનિષદ ૬.૪.૭

- પત્ની સ્વેચ્છાએ પતોાને સમર્પિત ન કરે તો વસ્ત્ર, આભૂષણ આપીને પ્રેમ પ્રદર્શિત કરો. છતાં એ સહમત ન થાય તો દંડનો ભાવ બતાવીને સહમત કરો.

(ક્રમશઃ)

(સીવીએમ બંગલો-૧૧, ગો.જો. શારદા મંદિર સામે,
ભાઈકાકા સ્ટેચ્યૂ પાસે, વલ્લભ વિદ્યાનગર ૩૮૮ ૧૨૦,
જિ. આણંદ. મો.: ૯૮૯૮૦૭૦૨૦૫)

## સેરલિપમાં સંશોધનપદ્ધતિ કાર્યશાળા

ચારુતર વિદ્યામંડળના અધ્યક્ષ ડૉ.સી.એલ.પટેલે ખૂબ ઉમદા ધ્યેયથી અખંડ ભારતના શિલ્પી સરદાર વલ્લભભાઈ પટેલને શ્રદ્ધાંજલિરૂપે સેન્ટર ફોર સ્ટડીઝ એન્ડ રિસર્ચ ઓન લાઈફ એન્ડ વર્ક્સ ઓફ સરદાર વલ્લભભાઈ પટેલ(સેરલિપ)ની સ્થાપના કરી હોવાનું જણાવતાં સીવીએમના માનદ મંત્રી પ્રિ.એસ.એમ.પટેલે જણાવ્યું હતું કે સરદાર સાહેબે જુદા જુદા સમયે, જુદા જુદા સંજોગોમાં, જુદા જુદા માણસો સાથે જુદી જુદી રીતે કામ પાર પાડ્યું હોય એટલે તેમના સમગ્ર વ્યક્તિત્વનો તટસ્થ અને વિશ્લેષણાત્મક અભ્યાસ કરવાનું વલણ શોધાર્થીઓએ(સ્કોલર્સે) કેળવવું જોઈએ.

સમગ્ર દેશમાં સરદાર પટેલના જીવન અને કાર્યો અંગે સંશોધનની એકમાત્ર સંસ્થા સેરલિપમાં એમ.ફિલ. અને પીએચ.ડી.માં જોડાતાં વિદ્યાર્થીઓ પોતાના કામ અને સંશોધનથી સમાજની બૌદ્ધિક સંપત્તિમાં વધારો કરવાનું પુણ્ય કાર્ય કરે એવી પણ તેમણે અપેક્ષા કરી હતી.

ચારુતર વિદ્યામંડળના માનદ મંત્રી પ્રિ.શનુભાઈ પટેલ સેરલિપનાં એમ.ફિલ.અને પીએચ.ડી.નાં વિદ્યાર્થીઓ માટે આયોજિત એક દિવસીય સંશોધન પદ્ધતિ કાર્યશાળાના ઉદ્‌ઘાટન સમારંભમાં અધ્યક્ષસ્થાનેથી બોલી રહ્યા હતા. મુખ્ય વક્તા તરીકે સરદાર પટેલ યુનિવર્સિટીના અનુસ્નાતક ઈતિહાસ વિભાગના અધ્યક્ષ ડૉ.જિગીષ પંડ્યા હતા. સેરલિપમાં એમ.ફિલ.(ઈતિહાસ) ઉપરાંત પીએચ.ડી.(ઈતિહાસ અને પીએચ.ડી. (રાજ્યનીતિશાસ્ત્ર)નાં વિદ્યાર્થીઓને શૈક્ષણિક વર્ષ ૨૦૧૩-'૧૪ના પ્રારંભમાં જ સંશોધન પદ્ધતિના નિષ્ણાત વક્તાઓમાં ગુજરાત યુનિવર્સિટીના સમાજશાસ્ત્ર વિભાગના એસોસિયેટ પ્રોફેસર ડૉ.ગૌરાંગ જાની તથા ગુજરાત યુનિવર્સિટીના ઈતિહાસ વિભાગના એસોસિયેટ પ્રોફેસર ડૉ.અરુણ વાઘેલાએ વિવિધ સત્રોમાં વિદ્યાર્થીઓનું માર્ગદર્શન કર્યું હતું.

પ્રારંભમાં સેરલિપના નિયામક ડૉ.હરિ દેસાઈએ કાર્યશાળાનો ઉદ્દેશ સમજાવવા ઉપરાંત સ્વાગત પ્રવચન કર્યું હતું. સેરલિપનાં અધ્યાપિકા ડૉ.ટીના દોશીએ આભાર દર્શન કર્યું હતું. કાર્યશાળાના સંયોજક અને સેરલિપના અધ્યાપક ડૉ.વસંત પટેલે સમગ્ર કાર્યક્રમનું સંચાલન કર્યું હતું.

ઉદ્‌ઘાટન સમારંભમાં નવા શૈક્ષણિક વર્ષની નવી બેચને સફળ થવા માટે શુભેચ્છા અને આશીર્વાદ આપવા માટે ઉપસ્થિત રહેલા સીવીએમના માનદ મંત્રી પ્રિ.શનુભાઈ પટેલે કહ્યું હતું કે સંશોધનની પ્રક્રિયામાંથી તમે સમાજને કંઈક પ્રદાન કરવાના છો અને આ સર્જન પ્રક્રિયા સમાજમાંથી કાંઈક ઓછું કર્યા વિના કે બીજા કોઈનું છીનવી લીધા વિના સમાજને કાંઈક પ્રદાન કરવા યોગદાન કરવાનું છે. તેમણે પોતાની લાક્ષણિક શૈલીમાં ગુરુએ શિષ્યને પૂછેલા પ્રશ્નનો ઉલ્લેખ કરતાં કહ્યું : 'રોટલી બળે, પાન સડે અને વિદ્યા રડે ; આવું કેમ?' તેના ઉત્તરમાં ગુરુ ઉવાચ: 'ફેરવ્યા વિના'. રોટલી, પાન કે વિદ્યાને વારંવાર ફેરવવામાં ન આવે, તપાસવામાં ન આવે તો તે સ્વાભાવિક રીતે નકામાં થવાની શક્યતા રહે છે. સતત અભ્યાસ, મનન અને ચિંતનની શીખ ગૂંજે બાંધવાનું પણ તેમણે નવાં વિદ્યાર્થીઓને સૂચવ્યું હતું.

સીવીએમના માનદ મંત્રીએ કહ્યું હતું કે બાહ્ય સમૃદ્ધિ કરતાં આંતરિક સમૃદ્ધિ વધારે મહત્ત્વની છે અને એને માટે વિચારો મહત્ત્વના છે અને એને માટે વિચારો, વાંચન અને લેખનની ખૂબ આવશ્યકતા છે. અખંડ ભારતના શિલ્પી અને ચરોતરના સપૂત સરદાર પટેલ વિશે પાંચ વર્ષ સુધી સંશોધન કરીને ગ્રંથ શ્રેણી કરે તેવા વિદ્વાનોને પણ સેરલિપ સાથે જોડવાનો ઉપક્રમ હોવાનું પણ તેમણે જણાવ્યું હતું. સેરલિપમાં એમ.ફિલ. અને પીએચ.ડી.ના માર્ગદર્શકો ડૉ.બી.એમ.પરમાર (રાજ્યનીતિશાસ્ત્ર) અને ડૉ.નીલેશ બારોટ(સમાજશાસ્ત્ર) પણ આ પ્રસંગે ઉપસ્થિત રહ્યા હતા.

## એસ.ડી. દેસાઈના સુવર્ણજયંતી સમારંભ

ચારુતર વિદ્યામંડળ સંચાલિત એસ.ડી. દેસાઈ હાઈસ્કૂલ, વલ્લભ વિદ્યાનગર ખાતે શાળાના સુવર્ણ જયંતી વર્ષનો ઉદ્ઘાટન સમારોહ તાજેતરમાં યોજવામાં આવ્યો હતો. દૈનિક પ્રાર્થના બાદ શાળાની વિદ્યાર્થિનીઓએ સ્વાગત ગીત રજૂ કર્યું હતું

અતિથિવિશેષ પદે ચારુતર વિદ્યામંડળના માનદ સહમંત્રી ડૉ. એસ.જી. પટેલ હતા. તેમણે તેમના ઉદ્બોધનમાં ઉદાહરણ સ્વરૂપની નાનકડી વાતોના માધ્યમથી વિદ્યાર્થીઓને પ્રેરણા પૂરી પાડી હતી. તેમણે દેશના વિવિધ ધર્મો-સંપ્રદાયોને તથા ધર્મગુરુઓને મોટી સંપત્તિ ગણાવી આધ્યાત્મિકતાનું મહત્ત્વ સમજાવ્યું હતું. તેમણે વિદ્યાર્થીઓને જીવનમાં સદ્ગુણો કેળવાની અપીલ કરી હતી. સપ્તાહમાં યોજાયેલ વક્તૃત્વ સ્પર્ધા, નિબંધ સ્પર્ધા વગેરેના વિજેતાઓને ઇનામોનું વિતરણ કર્યું હતું. ચારુતર વિદ્યામંડળના ચેરમેન ડૉ. સી.એલ. પટેલ દ્વારા જરૂરિયાતમંદ વિદ્યાર્થીઓને ગણવેશ વિતરણ પણ કરવામાં આવ્યું હતું. અધ્યક્ષપદે ચા.વિ. મંડળના માનદ મંત્રી પ્રિ. એસ.એમ. પટેલ હતા. તેમણે સુવર્ણ જયંતી વર્ષ બદલ શુભેચ્છાઓ પાઠવી મંડળ તરફથી સહકારની ખાતરી આપી હતી. અંતમાં આભારવિધિ શ્રી રસિકભાઈ સોલંકીએ કરી હતી. કાર્યક્રમનું સંચાલન ચંદ્રકાંતભાઈ સુથારે સંભાળ્યું હતું. ભગિની સંસ્થાઓના વડાઓ ખાસ હાજર રહ્યા હતા.

આચાર્ય ડૉ. દીપકભાઈ પટેલે પ્રાસંગિક પ્રવચન કરી મહેમાનોનો પરિચય કરાવ્યો હતો. સુપરવાઈઝર શ્રી એસ.કે. ઉપાધ્યાયે શાળઆના ભવ્ય ભૂતકાળનું સ્મરણ કરાવી અહીં યોજાતી શૈક્ષણિક પ્રવૃત્તિઓની રૂપરેખા રજૂ કરી હતી. પ્રાથમિક વિભાગના મુખ્ય શિક્ષક શ્રી ગૌરાંગભાઈ પટેલે સુવર્ણ જયંતી વર્ષ દરમ્યાન યોજાનાર પ્રવૃત્તિઓ તથા ભાવિ આયોજનની ભૂમિકા સમજાવી હતી.

## નલિની કૉલેજમાં વ્યાખ્યાન

ચારુતર વિદ્યામંડળ સંચાલિત નલિની-અરવિંદ એન્ડ ટી.વી. પટેલ આર્ટ્સ કૉલેજ, વલ્લભ વિદ્યાનગરમાં વિનિયન વિદ્યાશાખામાં સંશોધનને વેગ મળે એ હેતુસર ચારુતર વિદ્યામંડળના માનદ સહમંત્રી ડૉ. જે.ડી. પટેલનું 'રિસર્ચ મેથડોલોજી' વિષય પર વ્યાખ્યાન યોજાયું.

રિસર્ચ અંગે પ્રેરક વક્તવ્ય આપતાં સીવીએમના માનદ સહમંત્રી ડૉ. જે.ડી. પટેલે જણાવ્યું હતું કે શિક્ષણ સાથે જેમણે લગ્ન કર્યું હોય તેમના માટે સંશોધન જીવનપર્યંત ચાલતી પ્રક્રિયા છે. માત્ર પીએચ. ડી.ની ડિગ્રી પૂરતું જ સંશોધન કાર્ય ન કરતાં સતત નવા નવા પ્રોજેક્ટ્સ લઈ સંશોધનકાર્યમાં રત રહી, વિદ્યાર્થીઓ અને સમાજને કંઈક વિશેષ પ્રદાન કરવામાં જ જીવનસાર્થક્ય રહેલું છે. સંશોધનના ફાયદા અંગે વાત કરતાં કહ્યું હતું કે સંશોધન પ્રમાદને દૂર કરે છે, લઢણમાંથી બહાર લાવે છે, શિક્ષણની ગુણવત્તા સુધારે છે, નવી વિચારણા પ્રેરિત કરે છે, કુંઠિત વિચારધારાને તેજવંતી બનાવે છે. તેમજ રિસર્ચ નશા સમાન બને તો મહાસુખની પ્રાપ્તિ થાય છે. વધુમાં તેમણે કહ્યું હતું કે કેટલીક તકો સમાજે આપેલી છે જ્યારે આપણી અંદર પડેલી તકોને વિકસાવવા માટે આપણે જ સજ્જ થવું પડે છે; અને તે માટે રિસર્ચ ખૂબ જ જરૂરી છે. વિનયન અને વાણિજ્ય વિદ્યાશાખામાં સંશોધનના નિરાશાજનક ચિત્ર અંગે ખેદ વ્યક્ત કરી જણાવ્યું હતું કે વૈજ્ઞાનિક સંશોધનો કરતાં સાહિત્ય અને શાસ્ત્રોનાં સંશોધનો સમાજને વધારે ઉપયોગી નીવડી શકે છે. શિક્ષણની ગુણવત્તા સુધારવા માટે સૌ અધ્યાપકોને રિસર્ચ પ્રોજેક્ટ્સ લઈ સંશોધનમાં મંડી જવાની અપીલ કરી હતી.

કાર્યક્રમની શરૂઆતમાં IQACના કન્વીનર ડૉ. એમ.જી. મન્સૂરીએ સ્વાગત પ્રવચન કરી IQAC અંતર્ગત થતી પ્રવૃત્તિઓ વિશે માહિતી આપી હતી. સંસ્થાના આચાર્ય ડૉ. ઘનશ્યામસિંહ ગઢવીએ વક્તાશ્રીનો પરિચય આપી અધ્યાપકોને રિસર્ચ અંગે પ્રેરણા આપતાં જણાવ્યું હતું કે 'જીવનમાં ક્યારેય સંતોષ ન હોવો જોઈએ; અસંતોષ રિસર્ચ તરફ દોરી જાય છે.'

કાર્યક્રમનું સંચાલન ડૉ. અનીતાબેન સાળુંકેએ કર્યું હતું અને આભારદર્શન IQACના સભ્ય ડૉ. નીલેશ બારોટે કર્યું હતું.

## લોકસાહિત્યમાં માનવતા

ચારુતર વિદ્યામંડળ સંચાલિત નલિની-અરવિંદ એન્ડ ટી.વી. પટેલ આર્ટ્સ કૉલેજમાં સાંસ્કૃતિક વિભાગના ઉપક્રમે ગુજરાત રાજ્ય ગ્રામવિકાસ એજન્સીના

અધિકારી અને લોકસાહિત્યવિદ્ સુરેશદાન ગઢવીનું 'લોકસાહિત્યમાં માનવતા' વિષય પર વ્યાખ્યાન ચારુતર વિદ્યામંડળના માનદ મંત્રી પ્રિ. એસ.એમ. પટેલની અધ્યક્ષતામાં યોજાયું.

'લોકસાહિત્યમાં માનવતા' વિષય પર વક્તવ્ય આપતાં શ્રી સુરેશભાઈ ગઢવીએ માનવજીવનમાં માનવમૂલ્યોનું મહાત્મ્ય વર્ણવતાં કહ્યું હતું કે 'માનવતાથી મોટો કોઈ ધર્મ નથી અને ઇન્સાનિયતથી મોટી કોઈ ઈબાદત નથી.' 'પ્રેમ ઇન્સાન કો ભગવાન બના દેતા હૈ' એવી ગરિમાપૂર્ણ વાણી ઉચ્ચારી સત્ય, પ્રેમ, કરુણા, વિશ્વાસ, શ્રદ્ધા, સમાનતા અને બંધુતા જેવાં ભારતીય મૂલ્યો વિશે લોકસાહિત્યના દૃષ્ટાંતો દ્વારા વિશદતાથી સમજ આપી હતી. સ્વામી વિવેકાનંદ અને સ્વામી રામતીર્થના જીવનપ્રસંગો તેમજ રામાયણ અને મહાભારતના પ્રેરક પ્રસંગો વર્ણવી માનવજીવનમાં મૂલ્યોનું શું સ્થાન છે તે સમજાવ્યું હતું. અંતે વાણીની વિશેષતા પ્રયોજનમાં રહેલી છે એમ જણાવી સત્ય અને પ્રિયવાણી ઉચ્ચારવી જોઈએ એમ કહ્યું હતું.

અધ્યક્ષીય ઉદ્‌બોધનમાં પ્રિ. એસ.એમ. પટેલે જણાવ્યું હતું કે વિદ્યાર્થીઓમાં ભારતીય સંસ્કૃતિના ઉદાત્ત મૂલ્યો ચરિતાર્થ થાય એ ખૂબ જરૂરી છે. વિદ્યાર્થીઓએ ભૌતિક સુવિધાઓમાં મન ન લગાવતાં સર્જનાત્મક દિશામાં મન વાળવું જોઈએ. વિદ્યાર્થીઓ સમયનું મૂલ્ય સમજી જીવન જીવતાં શીખશે તો તેમનું જીવન આદર્શમય બનશે. નાની-નાની સેવા અને સમર્પણ દ્વારા અન્યને સંતોષ આપવો એ જીવનકર્તવ્ય બનવું જોઈએ. તેમણે વિદ્યાર્થીઓને ચીલાચાલુ જીવન ન જીવતાં સિંહ, શૂરા અને સપૂત જેવું જીવન જીવવાની શીખ આપી વક્તાની મૂલ્યસભર વાતો જીવનમાં ઉતારવાનો અનુરોધ કર્યો હતો.

કાર્યક્રમના આરંભે સંસ્થાના આચાર્ય ડૉ. ઘનશ્યામસિંહ ગઢવીએ મહેમાનોનો પરિચય આપી સૌને આવકાર્યા હતા તેમજ પ્રાસંગિક ઉદ્‌બોધનમાં લોકસાહિત્યની સંસ્કાર પરંપરા વિશે વાત કરતાં કહ્યું હતું કે 'પોતાના માટે કરે એ પ્રકૃતિ છે જયારે બીજા માટે કરે એ ભારતીય સંસ્કૃતિ છે.'

કાર્યક્રમના આયોજનમાં મધ્યસ્થ સમિતિના ઉપપ્રમુખ ડૉ. બી.એમ. પરમાર અને સાંસ્કૃતિક સમિતિના સભ્ય ડૉ. અનીતાબેન સાળુંકેનો સહયોગ રહ્યો હતો. કાર્યક્રમનું સંચાલન ડૉ. ગિરીશ ચૌધરીએ કર્યું હતું અને આભારદર્શન સાંસ્કૃતિક સમિતિના કન્વીનર ડૉ. એમ.જી. મન્સૂરીએ કર્યું હતું.

## સેમકોમ કૉલેજ દેશભક્તિ ગીત સ્પર્ધાઃ

સેમકોમ કૉલેજમાં તાજેતરમાં દેશભક્તિ ગીતસ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. વિદ્યાર્થીઓએ દેશભક્તિ ગીતો દ્વારા શહીદોને શ્રદ્ધાંજલિ આપી હતી. કુલ ૭૦ વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભગા લીધો હતો. જેમાંથી ૮ વિદ્યાર્થીઓ સોલો અને ૮ વિદ્યાર્થીઓ ગૃપ સોંગ માટે પસંદગી પામ્યા હતા. નિર્ણાયક તરીકે સર્વશ્રી ઉર્મિલ દેસાઈ, પ્રિ. મહેશ સ્ટેલિન અને ડૉ. આશિષ સંતે સેવાઓ આપી હતી. પ્રિ. ડૉ. નિખિલ ઝવેરીના માર્ગદર્શન હેઠળ પ્રા. અમી ત્રિવેદી અને પ્રા. વિસ્મય શાહે સેવાઓ આપી હતી.

**વૃક્ષારોપણ કાર્યક્રમઃ** કૉલેજના ઉપક્રમે આણંદ તાલુકાના વહેરાખાડી ગામે વૃક્ષારોપણ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. ગામના સ્થાનિક યુવકો દ્વારા ૪૦૦ રોપાઓ રોપવામાં આવ્યા હતા. અડાસ વનવિભાગ તથા વહેરાખાડી ગ્રામ પંચાયતનો સહયોગ મળ્યો હતો. વિદ્યાર્થી મધ્યસ્થ સમિતિ અને સોશ્યલ આઉટ રીચ સેલ દ્વારા યોજાયેલ કાર્યક્રમનો હેતુ પર્યાવરણ જાગૃતિ ફેલાવવાનો છે. મધ્યસ્થ સમિતિના વડા ડૉ. અંકુર અમીને ભારે જહેમત ઉઠાવી હતી.


## આઈ.બી. પટેલમાં હિરોશીમા ડેની ઉજવણી

તા. ૬ ઓગસ્ટના રોજ હિરોશીમા ડેની ઉજવણી કરવામાં આવી હતી. બીજા વિશ્વયુદ્ધ દરમ્યાન આ દિવસે અમેરિકા દ્વારા જાપાનના હિરોશીમા શહેર ઉપર પરમાણુ બોમ્બ ફેંકવામાં આવ્યો હતો. જેનાથી ભારે વિનાશ અને જાનહાની થઈ હતી તેના ૬૮મા વરસી દિને માર્યા ગયેલાઓને શ્રદ્ધાંજલિ આપવામાં આવી હતી. આ પ્રસંગે લોકવિજ્ઞાન કેન્દ્રના માજી ડાયરેક્ટર ડૉ. કમલનયન જોષીપુરા મુખ્ય વકતા હતા. તેમણે વિદ્યાર્થીઓને ન્યુક્લિયર બૉમ્બ, રેડિયો એક્ટિવ કિરણો તથા તેની ભયંકર અસરોની વિસ્તૃત માહિતી આપી હતી. વિષયના અનુસંધાનમાં પાવર પોઈન્ટ પ્રેઝન્ટેશન રજૂ કરવામાં આવ્યું હતુ. પ્રિ.ડૉ. મહેશભાઈ સ્ટેલિને આભાર માન્યો હતો.





ચારુતર વિદ્યામંડળસંચાલિત સેન્ટર ફોર સ્ટડીઝ એન્ડ રિસર્ચ ઓન લાઈફ એન્ડ વકર્સ ઓફ સરદાર વલ્લભભાઈ પટેલ(સેરલિપ)નાં એમ.ફિલ.અને પીએચ.ડી.નાં શોધાર્થીઓ માટેની સંશોધન પદ્ધતિ કાર્યશાળાનું ઉદ્‌ઘાટન સીવીએમના માનદ મંત્રી પ્રિ.એસ.એમ.પટેલે કર્યું હતું. આ પ્રસંગે નિષ્ણાત વક્તાઓમાં ડૉ.ગૌરાંગ જાની, ડૉ.અરુણ વાઘેલા અને ડૉ.જિગીષ પંડ્યા ઉપસ્થિત હતા.





સીવીએમસંચાલિત એસ.ડી.દેસાઈ હાઈસ્કૂલના સુવર્ણજ્યંતી સમારંભનું ઉદ્‌ઘાટન સીવીએમના માનદ મંત્રી પ્રિ.શનુભાઈ પટેલ અને માનદ સહમંત્રી ડૉ.એસ.જી.પટેલ તેમ જ શાળાના આચાર્ય ડૉ.દીપક પટેલ સહિતના આચાર્યોની ઉપસ્થિતિમાં થયું હતું.

V-Vidyanagar 15 (9) September 2013 Postal Regd.No.AND/318/2012-14
Published on Thursday : 25.08.2013 No.of Pages 48 including cover RNI Regd.No.Guj/2009-11/5433
**ISSN 0976 - 9809 V-Vidyanagar** Posted at Vallabh Vidyanagar on 25th of Every Month

## GANPATI




**Acrylic Colour 62x43 cms** **Ashok Kalani**

Editors: Dr. Rajendrasinh Jadeja, Dr. Hari Desai Printed at Anand Press, Anand 388 001.
Printed, Published and owned by: Prin. S.M. Patel, Hon. Secretary, Charutar Vidyamandal and Published at Vallabh Vidyanagar 388 120., Gujarat